# માનવ

નોર્થ અમેરિકામાં વસતા વિચારશીલ અને કર્મશીલ માનવીઓનું પાક્ષિક.

તંત્રી: કૌશિક અમીન વર્ષ: ૧૯ અંક:૦૫. જુન-૧૫, ૨૦૨૧.



**રોવરે લીધેલી નાસાના પર્સિવિયરન્સ એ તસવીરો જે જોઈ તમે કહેશો મંગળ પર તો મહાલવા જેવું છે.**

*નાસાના પર્સિવિયરન્સ રોવરે મંગળગ્રહ પર ઊતર્યાના 100 દિવસ પૂર્ણ કરી લીધા છે. એપ્રિલ 06, 2021ના રોજ પર્સિવિયરન્સે વૉટસન (Wide Angle Topographic Sensor for Operations & eNgineering) કૅમેરાની મદદથી તેની અને હેલિકૉપ્ટર ઇન્જેન્યુનિટીની સેલ્ફી મોકલી હતી. આ તસવીર પૃથ્વી પર મોકલેલી 62 તસવીરોને ભેગી કરીને બનાવાઈ છે.* *(વધુ તસવીરો- પાન: **29-30**)*

---

*Published by: Southasian Media Network Inc. USA. * kaushikamin@hotmail.com.*

*માનવ સંકલિત કરેલા લેખ વિવિધ સમાચારપત્રો: ગુજરાત સમાચાર, મુંબઈ સમાચાર, દિવ્યભાસ્કર, બીબીસી ગુજરાતી, તથા ફેસબુક, વોટ્સએપ પરની વિવિધ પોસ્ટના સૌજન્યથી પ્રકાશિત કરે છે. આ સર્વેનો ઋણસ્વીકાર છે.*

# અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બાઇડન અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ પુતિન સ્વિત્ઝરલૅન્ડમાં મળ્યા



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઇડન અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સ્વિત્ઝરલૅન્ડના જિનેવામાં લા ગ્રૅન્જ ખાતે વિલામાં મળ્યા અને અહીં તેઓ વિસ્તારથી વાત કરશે. બન્ને રાષ્ટ્રના વડાઓ એવા સમયે મળી રહ્યા છે, બન્ને દેશો વચ્ચે તણાવ ચરમ પર છે.

આ મુલાકાતના પ્રારંભમાં જ બાઇડને કહ્યું છે, "મને લાગે છે કે હંમેશાં રૂબરૂ મળવું જ સારું છે." તો બીજી તરફ પુતિને મુલાકાત 'લાભકારી નીવડે' એવી આશા વ્યક્ત કરી છે. શસ્ત્રનિયંત્રણ, પ્રતિબંધો, રશિયા પર સાઇબર હુમલો કરવાનો અને ચૂંટણીમાં દખલ દેવાનો અમેરિકાનો આરોપ, યુક્રેનમાં રશિયાની ભૂમિકા, આ કેટલાંક એવાં કારણો છે, જેને લીધે બન્ને દેશો વચ્ચેના સંબંધોમાં ખટાશ ઉમેરાઈ છે.

બન્ને દેશોને આ બેઠકમાં ખાસ સફળતા મળે એવું જાણકારોને નથી લાગતું. જોકે, એમ છતાં એવું માનવામાં આવી રહ્યું છે કે આ બેઠક દરમિયાન નાના કરારો પર સહમતી સાધી શકાય એમ છે.

જો બાઇડન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા એ બાદની તેમની આ પ્રથમ મુલાકાત છે અને વૈશ્વિક રાજકારણ સંબંધે તેને ભારે મહત્ત્વની ગણવામાં આવી રહી છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ તરીકેના પ્રથમ વિદેશ પ્રવાસ દરમિયાન જો બાઇડન આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. આ પહેલાં તેઓ બ્રિટનમાં G7 રાષ્ટ્રોની બેઠકમાં સામેલ થયા હતા. જિનેવામાં બન્ને રાષ્ટ્રોના નેતાઓની મુલાકાત આ પહેલાં 1985માં શીત યુદ્ધ દરમિયાન થઈ હતી. એ વખતે અમેરિકાના રાષ્ટ્રપતિ રૉનાલ્ડ રેગન અને સોવિયત સંઘના રાષ્ટ્રપ્રમુખ મિખાઇલ ગોર્બાચોવ અહીં મળ્યા હતા. હાલ બાઇડન અને પુતિનની મુલાકાત ઉપરાંત એક ગ્રૂપ મિટિંગનું પણ આયોજન કરાયું છે, જેમાં રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લાવરોવ અને અમેરિકાના રાષ્ટ્રસચિવ ઍન્થની બ્લિન્કેન પણ ભાગ લેશે. એ બેઠકમાં અલગઅલગ સમજૂતી કરારો મુખ્ય ઍજન્ડા રહેશે. જાન્યુઆરીમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ તરીકે સત્તા સંભાળ્યા બાદ જો બાઇડને જે બાબતો પર સૌ પ્રથમ ધ્યાન આપ્યું, તેમાંથી એક બાબત START (સ્ટ્રૅટેજિક આર્મ્સ રિડક્શન ટ્રીટી)ની સમયમર્યાદા વધુ પાંચ વર્ષ માટે વધારી દેવાની હતી. લાંબી રૅન્જનાં અણુશસ્ત્રોની સંખ્યા નિયંત્રિત રાખવા માટે અમેરિકા અને રશિયા વચ્ચે સંબંધિત સમજૂતી સધાઈ છે.



આ સમજૂતીની સમયમર્યાદા વધારાઈ ન હોત તો તે અમુક અઠવાડિયાંમાં જ તે ફાજલ બની જાત, હવે આ સમજૂતી ફેબ્રુઆરી 2026 સુધી અમલમાં રહેશે.

આજના ઍજન્ડામાં નિ:શસ્ત્રીકરણ પર ભાર મૂકવામાં આવશે. જોકે, આ બેઠકમાંથી અપેક્ષાઓ નહિવત્ છે. મૉસ્કો અને વૉશિંગ્ટન વચ્ચેના સંબંધો તળિયે જતા રહ્યા છે. એવામાં હાઇપરસૉનિક વૅપન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવી તકનીકોએ બન્ને અણુ મહાશક્તિઓ વચ્ચેની દોટ વધુ જોખમી બનાવી દીધી છે. જોકે, જ્યારે વિશ્વાસનો અભાવ હોય ત્યારે વાર્તા મહત્ત્વની બની જતી હોય છે. સ્ટ્રૅટેજિક વાર્તાની શરૂઆત એ આ બેઠકનું સૌથી જમા પાસું હશે.

# સોશિયલ મીડિયામાં નરેન્દ્ર મોદી સરકાર કે રાજકીય નેતાઓ વિશે ટીકા-ટિપ્પણી કરવું મુશ્કેલ બની રહ્યું છે?

*ભારત સરકારે સોશિયલ મીડિયા કંપનીઓ તથા ઓ.ટી.ટી.પ્લેટફૉર્મનું નિયમન કરવા નવા નિયમોની જાહેરાત કરી છે.*

*દિપલકુમાર શાહ.બીબીસી ગુજરાતી. (સારવીને)*



ટ્વિટર પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીના લગભગ 68.7 મિલિયન ફોલોઅર્સ છે અને ફેસબુક પર 46 મિલિયન ફોલોઅર્સ છે. વળી તેમનાં વિવિધ પ્લૅટફૉર્મ પર અન્ય સોશિયલ મીડિયા એકાઉન્ટ્સમાં પણ દેશ-વિદેશના કરોડો ફોલોઅર્સ છે. સમગ્ર ભાજપ અને મોદી સરકારની વાત કરીએ તો સોશિયલ મીડિયા પર તેમના ફોલોઅર્સનું પ્રમાણ જંગી છે. અત્રે એ નોંધનીય છે કે વર્ષ 2014ની લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના વિજય મામલે સોશિયલ મીડિયાએ ચાવીરૂપ ભૂમિકા નિભાવી હતી અને વર્તમાન સમયમાં પણ પીએમ મોદીનાં ભાષણો વિવિધ સોશિયલ મીડિયા ચૅનલો અને પ્લૅટફૉર્મ પર સંયુક્તરૂપે પ્રસારિત કરાય છે.જેનો અર્થ એ થાય છે કે મોદી સરકાર એક લોકશાહીમાં રાજનીતિ મામલે સોશિયલ મીડિયાનું શું મહત્ત્વ છે એ સારી રીતે જાણે છે. વળી, વાણીસ્વાતંત્ર્ય માટે સોશિયલ મીડિયા એક મહત્ત્વનું સાધન પુરવાર થયું છે. પરંતુ સોશિયલ મીડિયા પર સતત સક્રિય રહેતી મોદી સરકાર પર ટીકાકારોનો અવાજ દબાવવાના આક્ષેપ લાગી રહ્યા છે.

**મોદી સરકારે છબી બનાવવા સોશિયલ મીડિયાની મદદ લીધી:** સોશિયલ મીડિયા પર મોદી સરકાર કે ભાજપની સરકારની ટીકા કરનારાઓ સામે આક્રમક વલણ અપનાવવામાં આવી રહ્યું હોવાના કિસ્સા અને આક્ષેપો બંને સપાટી પર આવી રહ્યા છે.

વિપક્ષ પણ ભાજપની સરકાર પર આરોપ લગાવતા કહે છે કે, જે પાર્ટી ખુદ સોશિયલ મીડિયાના દમ પર પોતાની છબી તૈયાર કરે છે, તે જ પાર્ટી અન્યોને સોશિયલ મીડિયા પર પોતાનો અવાજ ઉઠાવવા નથી દેતી.

બીજી તરફ સોશિયલ મીડિયા કંપનીઓને સરકારની ટીકા કરનારી સામગ્રી હઠાવવા આપવામાં આવતી

કાયદાકીય નોટિસો અને સોશિયલ મીડિયા પર સરકારની ટીકા અથવા ક્યારેય રમૂજી રીતે માર્મિક કટાક્ષ કરતી પોસ્ટ બદલ યુવકો સામે થતી પોલીસ ફરિયાદની ઘટનાઓ તેની સાક્ષી બની રહી છે. જો કે મોદી સરકાર સમયેસમયે આ મામલે પોતાના બચાવમાં કહેતી આવી છે કે તે દેશના હિતમાં અને કાયદાકીય આધારો સાથે જ નીતિ બનાવે છે અને આ મામલે નિર્ણયો લઈ રહી છે.

ગુજરાતમાં એવા ઘણા કિસ્સા જોવા મળ્યા છે જેમાં યુવકોએ જો કોઈ નેતા અથવા સરકાર વિશે રમૂજી ટિપ્પણી કે ટીકાયુક્ત ટિપ્પણી કરી હોય તો તેની સામે કાર્યવાહી કરવામાં આવી હોય. તાજેતરમાં અને ભૂતકાળમાં પણ ગુજરાતમાં સુરત, વડોદરા, ભરૂચમાં તથા ઉત્તર પ્રદેશમાં આવા કિસ્સા જોવા મળ્યા હતા

મોટાભાગના કિસ્સાઓમાં યુવકો સામે આઈટી ઍક્ટ સહિતના ગુનાઓ દાખલ કરવામાં આવે છે. જેમની સામે આ રીતે કાર્યવાહી થઈ છે એમાં કેટલાક લેખકો અને પત્રકારો પણ સામેલ છે. તો કેટલાક માત્ર નાગરિક હતા. આથી એક સવાલ ઊભો થયો છે કે શું સરકાર હવે તેના વિરોધીઓની સાથોસાથ ટીકાકારો સામે પણ આક્રમક વલણ દાખવી રહી છે?

**સોશિયલ મીડિયા પર ટીકા કરતી વખતે શું ધ્યાનમાં રાખવું?**

સરકારની ટીકા કોણ પણ વ્યક્તિ કરી શકે છે.

બંધારણના આર્ટિકલ 19(1)(A)થી મળેલા અધિકારો હેઠળ દેશનો કોઈ પણ નાગરિક સરકારની કે રાજકીય નેતાની ટીકા કરી શકે છે. પણ તેમાં કેટલીક મર્યાદાઓ પણ આપી છે. આથી સોશિયલ મીડિયામાં પણ ટીકા કરી શકાય છે.

પરંતુ તેની સાથે કેટલીક જવાબદારીઓ પણ રહેલી છે. તથા ટીકા સત્ય અને તથ્ય આધારિત હોવી જોઈએ. કોઈને જાણીજોઈને બદનામ કરવા, આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની છબી ખરડવા કે નૈતિકતાનાં ધારાધોરણો સાથે સમજૂતી થતી હોય એવા પ્રકારની ટીકા-ટિપ્પણીઓ કોર્ટકેસ નોતરી શકે છે. સરકાર, રાજકીય નેતા કે અધિકારી સામે ટીકા કરવા મામલે ઇન્ફર્મેશન ટેકનૉલૉજી ઍક્ટ કે સાઇબર લૉ અવરોધરૂપ નથી. સુપ્રીમ કોર્ટે આઈટી એક્ટની કલમ 66A મામલે શ્રેયા સિંઘલના કેસમાં આ મામલે સ્પષ્ટ તારણ આપ્યું હતું.

જોકે તમારે પૉર્નોગ્રાફી અથવા વાંધાજનક પોસ્ટ જેમાં અશ્લીલતા હોય અથવા મહિલાની શારીરિક બાબતો મામલે કોઈ ટિપ્પણીઓ કરાઈ હોય તેની વાતો સોશિયલ મીડિયા પર ન લખવી જોઈએ કે ન આવી સામગ્રી મૂકવી જોઈએ. આવી સામગ્રી સાથે જો સત્ય આધારિત ટીકા પણ કરી હશે તો પણ કાનૂની કાર્યવાહી થઈ શકે છે. તમારી સામે બદનક્ષીનો કેસ થઈ શકે. સિવિલ અથવા ક્રિમિનલ ડિફેમેશન કેસ થઈ શકે છે. ક્રિમિનલ કેસમાં બે વર્ષની જેલ અને 25000 હજારના દંડની જોગવાઈ છે.

વળી જો વ્યક્તિએ સત્ય અથવા તથ્ય આધારિત ટીકા કરી હોય છતાં તેની સામે કાર્યવાહી કરાય તો તેણે સૌપ્રથમ આગોતરા જામીન માટે અરજી કરી લેવી જોઈએ જેથી તેની અટકાયત ન થઈ શકે અને માનસિક યાતના ન ભોગવવી પડે. તે પછીથી જામીન પણ લઈ શકે છે અને અપીલ પણ કરી શકે છે.

કોરોનાની બીજી લહેરમાં સરકારે જ્યારે સોશિયલ મીડિયા પર ટીકા અને મૃતદેહો કે હૉસ્પિટલોની દયનિય સ્થિતિની તસવીરો તથા માહિતી પોસ્ટ કરાતી હતી તેને પણ હઠાવવા માટે સક્રિયતા દાખવી હતી.

પરંતુ સુપ્રીમ કોર્ટે દરમ્યાનગીરી કરી કહ્યું હતું કે સરકાર સોશિયલ મીડિયા પર મદદ માગતી વ્યક્તિઓ અને સ્થિતિ દર્શાવતી પોસ્ટને સેન્સર ન કરી શકે.

એટલું જ નહીં સુપ્રીમ કોર્ટે તાજેતરમાં એક કેસની સુનાવણીમાં એવું પણ અવલોકન નોંધ્યું હતું કે રાજદ્રોહ મામલેના નિયમને ખાસ કરીને મીડિયાની આઝાદી સંબંધે ફરીથી સમીક્ષા કરવાની જરૂર છે.

# લોકશાહીઃ રાષ્ટ્ર, પ્રજા ને સરકાર

## રમેશ ગાનાકર

માનવી ઉત્ક્રાંતિકાળથી જ નાના નાના કબીલા કે જૂથોમાં, કોઈકની સત્તા હેઠળ વસવાટ કરતો રહ્યો હતો. કાળક્રમે ગામડાં, નગરો ને રાજ્યોનો વિકાસ થતાં રાષ્ટ્રની ભૂમિકાએ માનવી પ્રતિષ્ઠિત થતાં રાષ્ટ્ર વિશેની સંકલ્પનાઓ પણ જન્મી. સમગ્ર રાષ્ટ્રના સંચાલન માટેની વિશિષ્ટ કોટિની પ્રણાલિકાઓ પણ વિકસતી ગઈ. શાસનતંત્રની અનેકવિધ પ્રણાલિકાઓમાં એક છે—લોકશાહી. લોકશાહીમાં મુખ્ય ત્રણ બાબતો આધારભૂત છે—રાષ્ટ્ર, પ્રજા ને સરકાર. અહીં સરકાર એટલે શાસનતંત્ર, વહીવટીતંત્ર. કોઈપણ રાષ્ટ્ર એટલે તેમાં વસતા ે સમગ્ર પ્રજાસમૂહ, તેની વિવિધ પ્રાકૃતિક સંપદાઓ સહિતનો વહીવટ કરવા માટે એક તંત્રની આવશ્યકતા પડે છે. તે તંત્રની પદ્ધતિના ચોક્કસ નીતિનિયમોનું બંધારણ સુનિયોજિત કરેલું હોય છે. સમગ્ર સમૂહ તેને અનુસરીને પોતાની કાર્યપ્રણાલી યોજે છે. સમગ્ર સમૂહ પોતાનો વહીવટ કરવાને માટે અસમર્થ હોવાથી કોઈ એકને પોતાના નેતા તરીકે, તે સમૂહે સ્થાપિત બંધારણને અનુલક્ષીને, ચૂંટી કાઢે છે. આ રીતે સરકાર એટલે વહીવટીતંત્ર નિર્મિત થાય છે.

લોકશાહીની વિશ્વપ્રસિદ્ધ વ્યાખ્યા મુજબ લોકશાહી એટલે લોકોની, લોકો માટે ને લોકો દ્વારા ચાલતી શાસનપ્રણાલી. તેમાં કેન્દ્રસ્થાને લોકો છે. લોકો એટલે પ્રજા. લોકશાહીને બીજા અર્થમાં 'પ્રજાશાહી' પણ કહી શકાય. પ્રજા યા લોકો નેતાની ચૂંટણી કરીને સમગ્ર વહીવટ યા શાસનતંત્રની લગામ નેતાના હાથમાં મૂકે છે, નેતા સમગ્ર પ્રજાસમૂહ વતી રાષ્ટ્રનો વહીવટ ચલાવે છે, તેને સરકાર કહેવામાં આવે છે. આ સરકારનું કાર્ય પ્રજાસમૂહનું સુવ્યવસ્થિત, સુચારુ ને સુગ્રથિત રીતે શાસનતંત્ર ચલાવવાનું છે. તેનો મતલબ ચૂંટાયેલ નેતા કે નેતાગણ મનફાવતા યથેચ્છ નિર્ણયો કરી શકે નહીં. જોકે રાષ્ટ્રના વડા તરીકે તે ઈતિહાસના ભારનું વહન કરવાની જવાબદારી સ્વીકૃત કરે છે. પરંતુ તે ક્યારેક ગફલતભરી નીતિઓ અપનાવે તો રાષ્ટ્રના માનવીઓનાં જીવનને જોખમમાં પણ મૂકે છે.

ઉપરોક્ત દૃષ્ટિએ લોકશાહીમાં પ્રજા જો નેતાની વરણી કરવામાં ભૂલથાપ કરે તો તેનાં અનેક ગંભીર દુષ્પરિણામો પેદા થતાં હોય છે. લોકશાહીમાં પ્રજાની પૂરેપૂરી જવાબદારી નેતાની વરણી કરવાની હોય છે. જોકે, પ્રજાએ નેતાની વરણીમાં કરેલી ભૂલને સુધારવાની તક તેના બંધારણ મુજબ નિયત વર્ષો બાદ આગામી ચૂંટણીમાં પ્રાપ્ત થતી હોય છે. ત્યારે જો પ્રજા પોતે કરેલી ભૂલનું પુનરાવર્તન કરે તો તેમાં પ્રજા દોષિત ઠરે છે, નેતા જબાબદાર બનતો નથી. ભારતીય પ્રજા ઘણે ભાગે ધાર્મિક, અભણ ને પરંપરાનુસારી, બહુ ઓછી વૈજ્ઞાનિક અભિગમ ધરાવતી ને બ્રિટિશ શાસનપ્રણાલીએ પ્રસ્થાપિત જ્ઞાતિવાદનાં ચુસ્ત ધોરણોને વળગી રહેનારી જણાય છે. પરિણામે પોતાના હિતને સાધવામાં નેતા કરતાં જાતિ ને ધીર્મિક જૂથને નેતા તરીકે ચૂંટી કાઢતી જોવા મળે છે. પરિણામે પ્રજા એવા દુષ્ચક્રમાં ફસાઈને પીલાય છે. તેમાં નેતા નહીં પણ પ્રજા જ પોતાના પગ પર કુહાડો મારે છે. તે ભૂલી જાય છે કે, નેતાને માત્ર તેમના વતી વહીવટ માટે ચૂંટવામાં આવે છે.

ભારતીય પ્રજાસમૂહ પરંપરાગત મૂલ્યોને વળગી રહેતી જોવા મળે છે. તેથી તેના જીવનનાં સંઘર્ષોના દિવસોમાં તેમાંથી બહાર નીકળવા માટે વેદપુરાણો ને ભૂતકાલીન વિલુપ્ત પ્રણાલિકાઓના કોથળાને ફંફોસવા મંડી પડે છે. તેમાંથી ઊગરવાનો માર્ગ શોધવા લાગે છે. આ બાબતનું સમર્થન કોરોના જેવા વાયરસના ખેલાયેલા તાંડવ પ્રસંગે થતું જોવા મળ્યું. ત્રાહિમામ કરી મૂકતા વાયરસમાંથી છૂટવા માટે થાળી વગાડવી, દીવા

પ્રગટાવવા ને ગોમૂત્રનો છંટકાવ કરવા જેવાં અવૈજ્ઞાનિક આચરણો જોવા મળ્યાં. કેટલીક આભણ ને અબુધ પ્રજા નદી કે સમુદ્ર કાંઠે સૂર્યપૂજા કરવા મંડી પડી. કારણ કે તેને સૂઝસમજ નથી કે સૂર્ય એ દૂરસુદૂરનો આકાશી તત્ત્વ માત્ર હાઇડ્રોજનનો અગનગોળો છે. વેદોમાં સૂર્યપૂજાનું ભારે મહત્વ દર્શાવ્યું છે. આ તથ્ય એ ભૂતકાલીન છે, હજારો વર્ષ પૂર્વનું તથ્ય, આજે વિજ્ઞાનનો પ્રચુરપણે, સાર્વત્રિક ને સર્વક્ષેત્રીય વિકાસ પ્રત્યક્ષીકૃત થયો છે ત્યારે આ બધી બાબતો સાવ તથ્યહીન, ક્ષુલ્લક ને નિરર્થક લાગે છે. કોરોના વાયરસને કારણે ગુજરાત માત્રમાં ૧,૦૦,૪૦૦ લોકોનાં મૃત્યુ થયાં. સમગ્ર ભારતમાં લાખો ઉપરાંતનાં થયાં.  સરકારો મૃત્યુ દરને છુપાવતી જોવા મળી.બીજી તરત નજરે પડતી હકીકત છેઃ પ્રાચીન ભારતની સરહદની બહાર કોઈ ચકલુંય જાણતું ના હોય તેવા કહેવાતા ચક્રવર્તી મહારાજાઓના માર્ગદર્શક તરીકે સાધુબાવાઓ હતા. તેથી વર્તમાન ભારતીય પ્રજા સરકારી શાસનતંત્રમાં સાધુબાવાઓના હસ્તક્ષેપને અતિ મહત્વની ગણે છે. રશિયાની અભૂતપૂર્વ ક્રાંતિ માટે ઝારની રાણીનો રાસ્પુટિન બાવાનો પ્રેમ કારણભૂત હતો.. પ્રજા ભૂલી જાય છે કે પ્રાચીન કાળે રાજા માત્ર પરપાંત્રીય રાજાઓના આક્રમણોથી પ્રજાનું રક્ષણ કરવાની જવાબદારીનું વહન કરતા હતા. તેને લઈ ભારતમાં વૈજ્ઞાનિક વિકાસનાં પગરણ બ્રિટિશ શાસનના અમલ પછી થયાં હતાં. આચાર્ય રજનીશે કહ્યું હતું કે, છેલ્લાં પાંચેક હજાર વર્ષોથી આપણે આત્મા, પરમાત્મા, સ્વર્ગ—નર્ક, મોક્ષ ને પાપ—પુણ્યની ખોજ પાછળ પડ્યા હોવા છતાં તેમાંનું કશું જ સિદ્ધ કરી શક્યા નથી. પરંતુ છેલ્લાં બસો—અઢીસો વર્ષોથી વિજ્ઞાને જે કહ્યું તે બધું જ સિદ્ધ કરી બતાવ્યું. ભારતીય પ્રજામાનસમાં ઠસાવી દેવાયું કે ભૌતિક વિકાસ વિનાશ નોંતરે છે. તેથી આત્મિક વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો. જેથી માનવી ઉચ્ચ જીવનમૂલ્યોને પ્રીછે, તે મુજબ જીવનવ્યવહાર ગોઠવે ને સમાજને તંદુરસ્ત, સ્વસ્થ ને ઉન્નત બનાવે. તેની સાથે આવશ્યક સુખસગવડો નિર્મિત કરે તે બાબતનો કાંકરો કાઢી નાખવાથી માનવજીવન દુર્ઘટ, કઠિન ને વિષમ બની રહે. આ સમજ કેળવવાથી ભારત વિકાસના પંથે અગ્રસર થશે, નહીં કે વિકાસનાં માત્ર મોટાં મોટા બણગા ફુંકવાથી કશુંય વળવાનું નથી. પાશ્ચાત્ય દેશોના વિકાસના ઈતિહાસને સમજો, તે દેશોને ભૌતિકવાદીની ગાળ ભાંડો નહીં. યુએસ ૧૯૩૦માં ભારે આર્થિક મંદીમાં સપડાયું હતું. તે આર્થિક મંદીમાંથી તત્કાલીન પ્રમુખોની દૂરંદેશી દૃષ્ટિને કારણે આજે વૈશ્વિક સ્તરે ઉચ્ચ કક્ષાએ પ્રતિષ્ઠિત થયું છે. અમેરિકા પાસે માત્ર અઢીસો વર્ષોનો ભૂતકાલીન ઈતિહાસ છે, જ્યારે ભારત પાસે પાંચેક હજારનો ઈતિહાસ પડ્યો છે, જેને આપણે ગૌરવપૂર્ણ તરીકે ઓળખવાની ભૂલ કરી બેઠ્યા છીએ. તેથી આપણી સમક્ષ પેદા થતી સમસ્યાઓનો ઉકેલ ભૂતકાળમાં શોધવા મંડી પડીએ છીએ. જ્યારે રાખમાંથી પુનઃ બેઠા થતા લોટન પક્ષીની પેઠે, અમેરિકન પ્રજા સવારે ઊઠીને અરીસામાં ચહેરો નીહાળીને, વર્તમાનને જોઈને, સમસ્યાનો ઉકેલ શોધવા પ્રયત્નશીલ બને છે. ચીન પાસે છ હજાર વર્ષનો પ્રાચીન વારસો હોવા છતાં ચીન આજે વિશ્વમાં દ્વિતીય નંબરે પ્રતિષ્ઠિત છે. ભારતીય પ્રજાએ પ્રાચીન સાંસ્કૃતિક વારસામાંથી સારાં તત્ત્વોને ખોળી કાઢીને, નઠારાંની બાદબાકી કરીને નવેસરથી વિચારણા કરવાની તાતી જરૂર છે. આજે પ્રાથમિક સુવિધાઓથી વંચિત ગામડાંઓ, ગરીબીમાં સબડતા, રોજ ભૂખ્યા પેટે સૂઈ જતા ૨૦ કરોડ લોકો ને ઝૂંપડપટ્ટીમાં રીબાતા લોકો છે. વડાઈખોર ને બણગાંફૂંક નેતાઓને ઓળખો. રાષ્ટ્રના વહીવટનો મૂળ પાયો અર્થતંત્ર છે. તેવી સમજ કેળવીને નેતાની વરણી કરો, નહીં કે જાતિવાદ કે ધાર્મિકરંગવાળી વ્યક્તિને. વિશ્વગુરુ બનવાનાં સોહામણાં સ્વપ્નોમાં રાચવા કરતાં નક્કર વાસ્તવિકતાને સમજો ને સ્વીકારશો તો વિકાસ હાથવેંતમાં જ છે, અન્યથા નહીં!!!

**યાદ રાખોઃ**

‘ભમી ભમીને પગ ઠારવા અહીં આવવાનું’—સુન્દરમ્

# શબવાહિની ગંગા :

## 'અર્બન નક્સલ' બાદ હવે 'સાહિત્યિક નક્સલ', આ માત્ર જુમલો નથી

પ્રિયદર્શન. વરિષ્ઠ પત્રકાર, તેજસ વૈદ્ય, સંવાદદાતા *બીબીસી



*અમરેલીનાં કવયિત્રી પારુલ ખખ્ખર*

ગુજરાતી ભાષાનાં કવયિત્રી પારુલ ખખ્ખરને કેટલાક દિવસો પહેલાં ગુજરાતની બહારના બહુ ઓછા લોકો જાણતા હતા. પણ તેમણે 14 પંક્તિની 'શબવાહિની ગંગા' કવિતા લખીને અને ચર્ચામાં આવી ગયાં છે.

કોવિડ-19ની બીજી લહેર દરમિયાન નદીઓમાં તરતા મૃતદેહો જોઈને વિચલિત અને દુખી થઈને લખેલી આ નાની એવી કવિતા રાતોરાત અનેક ભાષાઓમાં અનુદિત થઈ. હિન્દી-પંજાબી અને અન્ય ભાષાઓમાં તે યૂ-ટ્યૂબમાં પણ જોવા મળી.

પણ નવા સમાચાર એ છે કે ગુજરાતી સાહિત્ય અકાદમીના મુખપત્ર 'શબ્દસૃષ્ટિ'ના સંપાદકીયમાં આ કવિતાની આકરી ટીકા કરીને તેના પ્રચાર-પ્રસારને રાષ્ટ્રવિરોધી ગતિવિધિ ગણાવી, જેને 'સાહિત્યિક નક્સલ' તત્ત્વો પ્રબલન આપી રહ્યાં છે.

રસપ્રદ વાત એ છે કે પોતાના સાહિત્યિક ભૂતકાળમાં પારુલ ખખ્ખરને નક્સલ તો દૂર, વામપંથી વિચારધારાનાં સાહિત્યકાર પણ ગણાવી ન શકાય, જો તેમના લેખનને કોઈ વર્ગમાં ગોઠવવાના હોય તો તેમને દક્ષિણપંથી જૂથમાં જ રાખવામાં આવશે.

**નજરઅંદાજ કરવાની કોશિશ:**



*કોરોનાકાળમાં ગંગા નદીના કિનારે મૃતદેહોના ઢગલા જોવા મળ્યા હતા*

આ કવિતા અને ગુજરાત સાહિત્ય અકાદમીના વિરોધથી ઘણી બાબતો સમજી શકાય, જેનો નાતો સાહિત્યના પ્રતિરોધ અને સત્તાદમનની રણનીતિથી છે.

પહેલી વાત તો એ કે ઘણા આલોચકોને કવિતાના માપદંડોથી પારુલ ખખ્ખરની કવિતા બહુ મહાન લાગતી નથી, પણ એ દિલથી સ્ફુરી છે, બહુ સહજતાથી ઘણા લોકોનો ગુસ્સો અને ક્ષોભને વ્યક્ત કરે છે અને જાણેઅજાણ્યે એ આખી વ્યવસ્થાને સવાલોથી ઘેરે છે, જે ધર્મ અને સંસ્કૃતિના સવાલોને જોરશોરથી ઉઠાવીને સત્તામાં આવી છે.

આ કવિતામાં એ બેચેની એટલા માટે આવી કે લેખિકાના મૂલ્યબોધમાં ગંગા અને સંસ્કૃતિને લઈને એક પારંપરિક પવિત્રતા-બોધ છે, પણ રચનાઓ હંમેશાં લેખકોની પકડથી છૂટી જાય છે, એ લોકોની થઈ જાય છે.

દુષ્યંતકુમાર અને અદમ ગોંડવીની ઘણી ગઝલો ડાબેરી ચેતનાના આંદોલનકારીઓ પણ ઉપયોગ કરે છે અને દક્ષિણપંથીઓ પણ તેને ગાતાં જોવા મળે છે. ધૂમિલ અને પાશ જેવા કવિઓ એવી જ રીતે અનેક ભાષાથી વ્યક્ત થતા રહે છે.

સત્તાની પહેલી કોશિશ આવી રચનાઓ અને લેખકોને અવગણવાની હોય છે. તેમાં નિષ્ફળતા મળતા બીજો ખેલ લેખકોને બદનામ કરવાનો થાય છે.

પારુલ ખખ્ખરના મામલામાં આ ખેલ શરૂ થઈ ચૂક્યો છે. હાલમાં તેમની પર એ સવાલ ઉઠાવાઈ રહ્યા છે કે તેમણે આ કવિતાને અન્ય સુધી પહોંચાડી, અન્ય ભાષાઓમાં અનુદિત થઈ. ધીમેધીમે ત્રીજી પ્રક્રિયા પણ શરૂ થશે- લેખકને દંડિત કરવાની.

### 'એવૉર્ડવાપસી ગૅંગ'

આપણે યાદ કરી શકીએ કે કેટલાંક વર્ષ પહેલાં જ્યારે ભારતીય લેખકોએ અભિવ્યક્તિ પર હુમલાના વિરોધમાં પુરસ્કાર પાછા આપવાનું શરૂ કર્યું ત્યારે તેને 'એવૉર્ડવાપસી ગૅંગ'નું કામ ગણાવ્યું, જ્યારે આ પ્રક્રિયાને નજીકથી જોનારા જાણતા હતા કે આ પુરસ્કારવાપસી સ્વતંત્ર રીતે, એકબીજાની પ્રેરણામાંથી કરાઈ હતી, તેની પાછળ કોઈ સંગઠિત બળ કે કાર્યયોજના નહોતી.

બીજી વાત એ કે ઘણી વાર સત્તા સીધો દંડ કરતી નથી, સત્તાના પક્ષમાં ઊભેલી અને યથાશક્તિને જાળવી રાખનારી શક્તિઓ આ કામ કરે છે.


પારુલ ખખ્ખરના કેસમાં ગુજરાતની સાહિત્ય અકાદમી આ કામ કરી રહી છે, જ્યારે પેરુમલ મુરુગનના કેસમાં ઘણાં અન્ય સંગઠનોએ આ કામ કર્યું હતું.

તમિળ લેખક મુરુગનને એક નવલકથા લખલા બદલ એ રીતે હેરાન કર્યા કે તેમણે પોતાના મૃત્યુની ઘોષણા કરી દીધી. તેમણે કહ્યું કે તેઓ હવે આગળ કશું જ નહીં લખે. જોકે તેમની ભીતરનો લેખક અને તેમની સાથે ઊભેલી શક્તિઓનું સમર્થન વધુ તાકાતવર સાબિત થયું અને તેઓ ફરીથી લખી રહ્યા છે.

ઘણી વાર સત્તા લેખકને સીધા જેલમાં મોકલી આપે છે. 1949માં આઝાદ ભારતનાં સાવ શરૂઆતનાં વર્ષોમાં મઝરૂહ સુલતાનપુરીને જેલ જવું પડ્યું, કેમ કે તેમણે રાષ્ટ્રમંડળમાં ભારતના હોવાનો વિરોધ કરતાં આકરી રીતે કશુંક લખ્યું હતું.

બલરાજ સાહનીને એક સરઘસમાં ભાગ લેવા બદલ ત્રણ મહિનાની જેલ થઈ હતી.

### દુનિયાભરનો સિલસિલો:



*કુલદીપ નૈય્યર*

ઇમરજન્સીના સમયમાં કુલદીપ નૈય્યર જેવા પત્રકારો અને ગિરધર રાઠી જેવા લેખકોએ આખી જેલ પૂરી કરી. 1942ના આંદોલન દરમિયાન ફણીશ્વરનાથ રેણુએ બે વર્ષની સજા કાપી.

રસપ્રદ વાત એ છે કે ચાલીસના દશકમાં લાહોર જઈને વસેલા મહાન શાયર સાહિર લુધિયાનવીને આગામી કેટલાંક વર્ષોમાં પાકિસ્તાનથી ફરાર થવું પડ્યું, કેમ કે ત્યાંની સરકાર જેમને જેલમાં નાખી દેવા તત્પર હતી. બાદમાં તેઓ ભારત આવ્યા,અહીંના જ થઈને રહી ગયા.


તેલુગુ કવિઓ ગદર અને વરવરા રાવની કહાણી પણ બહુ જૂની નથી.

તો લેખકો અને રચનાઓ માથે બદનામી, બહિષ્કાર, જેલ અને વતનઝુરાપાની નિયતી હંમેશાં તલવારની જેમ લટકતી રહે છે.

આ દુનિયાભરનો સિલસિલો છે. અસહમતિનો અવાજો બધાને પરેશાન કરે છે. સલમાન રશ્દીના માથે ઇનામ જાહેર કરવામાં આવે છે, તો તસલીમા નસરીનને પોતાનો દેશ છોડીને ભારતમાં શરણ લેવી પડે છે.

ઇસ્મત ચુગતાઈ અને મંટો પર કેસ કરાય છે. હબીબ તનવીરનાં નાટકો વચ્ચે ઉપદ્રવ મચાવવામાં આવે છે, તો મકબૂલ ફિદા હુસૈન જેવા ચિત્રકારોને દેશ છોડવા પર મજબૂર કરાય છે. આ સિલસિલો આખી દુનિયાનો છે.

## હુમલાનું પ્રતીક



**એમએમ કુલબુર્ગી**


દક્ષિણ આફ્રિકામાં બેન્ઝામિન મોલોઇસ જેવા કવિને ફાંસી અપાઈ. ભારતમાં અવતારસિંહ પાશને આતંકવાદીઓએ ગોળી મારી દીધી. કન્નડ લેખક કુલબુર્ગીને પણ ગોળી મરાઈ, પણ કુલબુર્ગી, પાનસરે, દાભોલકર અને ગૌરી લંકેશ તો અભિવ્યક્તિની સ્વતંત્રતા પર થયેલા હુમલાનાં પ્રતીક બની ગયાં.

રસપ્રદ વાત એ છે કે અનેક આરોપ, દબાણ, વિરોધ, અત્યાચાર, મોત અને દેશનિકાસ થવાના અંદેશા છતાં દુનિયાભરની કલમો થાકતી નથી- તે કોઈ પણ રીતે આંતરિક સંબંધ સ્થાપી લે છે- પ્રતિરોધ ચલાવે છે, તેમનું સમર્થન બચેલું રહે છે.

નેહરુના સમયમાં મુક્તિબોધ 'અંધેરે મેં' લખે છે અને ધૂમિલ 'પટકથા', જેમાં સંસદ અને સડકની બધી કવિતાઓ સામેલ છે.

નાગાર્જુન નેહરુ, ઇંદિરા, લાલ બહાદુર શાસ્ત્રીથી લઈને બાલ ઠાકરેને પણ નિશાના પર રાખે છે.

## પ્રતિરોધના અવાજો



**જાણીતા શાયર ફૈઝ અહમદ ફૈઝ**

પણ વાત અહીં ખતમ નથી થતી. આપણે જાણીએ છીએ કે દુનિયાભરમાં પ્રતિરોધના આ અવાજો એકબીજા સાથે મળે છે અને એક સંયુક્ત જબાન બની રહી છે.

આપણા માટે નાઝિમ હિકમત પણ હિન્દીના કવિ થઈ જાય છે, બર્તોલ્ત બ્રેખ્ત અને પાબ્લો નેરુદા પણ. મરાઠીના નામદેવ ઢસાળ અને બાંગ્લાના જીવનાનંદ દાસજી પણ, પંજાબીના પાશ પણ અને હવે પારુલ ખખ્ખર પણ હિન્દીનાં કવયિત્રી બની ગયાં છે.

ફૈઝ અને હબીબ જાબિલ તો હિન્દીના છે જ. એટલું જ નહીં તેમાં જૂના અવાજો પણ સામેલ થતા જાય છે. કબીર અને ખુશરો સુધીને પણ આપણે સમકાલીન પ્રતિરોધના અવાજોમાં સામેલ કરતાં જઈએ છીએ.

બીજી તરફ સત્તા અને તેની સાથે જોડાયેલા લોકો અનેક રીતની દલીલો લાવે છે. હવે તેમને સાહિત્યિક નક્સલો ડરાવે છે.

કદાચ ગુજરાતની સાહિત્ય અકાદમીને ખબર નહીં હોય કે સિત્તેરના દશકમાં બંગાળમાં ચાલેલા નક્સલ આંદોલનના પ્રભાવમાં ઘણા લેખકો અને કવિઓએ રચનાઓ લખી હતી.

આલોક ધન્વા અને મંગલેશ ડબરાલ જેવા કવિઓ નક્સલવાદની અસરમાં શરૂઆતનાં વર્ષોમાં ઉછર્યા. એ ચર્ચાનો વિષય હોઈ શકે કે સાહિત્યે નક્સલ કે માઓવાદી આંદોલનોમાંથી માત્ર એક રોમૅન્ટિક સંબંધ જોડી રાખ્યો છે કે તેની અંદરની તપાસ પણ કરી છે, તેની સીમાઓનું ઉદ્ઘાટન પણ કર્યું, પરંતુ તેમાં કોઈ સંદેહ નથી કે એ સમયની ઘણી બધી બળવાખોર કવિતાઓ ત્યાંથી નીકળી.

પણ હવે જ્યારે સાહિત્ય અકાદમી 'સાહિત્યિક નક્સલ' જેવા જુમલાનો ઉપયોગ કરે છે અને આ નામ પર નિશાને લીધેલા લેખકોને દેશદ્રોહી ગણાવે છે તો તેના ખતરા પ્રત્યક્ષ છે.

જોકે હવે સરકારો લેખકોને માત્ર ડરાવતી જ નથી, લલચાવે પણ છે અને આ લલચાયેલા લેખકો ફરીથી સરકારના પક્ષમાં પ્રદર્શન કરવા લાગે છે.

આપણને યાદ હશે કે જ્યારે કેટલાંક વર્ષ પહેલાં દિલ્હીના મંડી હાઉસ પર એક વિરોધપ્રદર્શનનું આયોજન થયું ત્યારે લેખકોની બીજી ટોળી તેમનો જ વિરોધ કરવા પહોંચી ગઈ હતી.

એટલે પ્રતિરોધની વાસ્તવિક અવાજ પર વિશ્વાસ કરનારાઓ સામે બેવડો ખતરો છે, પણ ઇતિહાસ અને વર્તમાન એ જ દર્શાવે છે કે ખતરાઓમાં જ અસલી લેખન ખીલે પણ છે અને વધતા દુખોની વચ્ચે કોઈ સામાન્ય માનવામાં આવતી કવયિત્રી પારુલ ખખ્ખર સત્તાની આંખોમાં ખટકવા પણ લાગે છે.

***

**'શબવાહિની ગંગા':**

## પારુલ ખખ્ખરની ગુજરાતી કવિતા પર કેમ થઈ રહ્યો છે વિવાદ અને કોણ છે એ કવયિત્રી?

કોરોનાકાળમાં ગુજરાતમાં અનેક બાબતોમાં વિવાદ થયો. અમદાવાદના કમિશનરની બદલી, સિવિલ હૉસ્પિટલની હાલત, સરકારે આપેલા કોરોના મોતના આંકડાઓની સત્યતા, ધમણ વૅન્ટિલેટર, ઓક્સિજનની અછત, ભાજપ પ્રમુખ પાટીલની રેમેડિસિવરની વહેંચણી અને મુખ્ય મંત્રી વિજય રૂપાણીનું 'મને ખબર નથી' એમ અનેક બાબતો ચર્ચાસ્પદ બની. હવે કોરોનાની બીજી લહેર મંદ પડી રહી છે પણ ગુજરાતી ભાષામાં લખાયેલી એક કવિતા 'શબવાહિની ગંગા'ના વિવાદની લહેર અટકવાનું નામ જ નથી લઈ રહી.

દિગ્ગજ ગુજરાતી કવિ અને સાહિત્યકાર રમેશ પારેખ થકી જેની ઓળખ છે એ અમરેલીનાં કવયિત્રી પારુલ ખખ્ખરની કોરોનાકાળની કારમી બીજી લહેરમાં લખાયેલી કવિતા 'રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા..' કવિતાની આ વાત છે.

મે મહિનામાં કોરોનાની બીજી લહેર જાણે કે ચરમ પર હતી. **ગુજરાત સહિત દેશમાં અનેક સ્થળોએ ચોવીસ કલાક સ્મશાનોમાં આગ સળગી રહી હતી, અખબારોમાં સ્મશાનોની ચિમનીઓ પીગળવાના** સમાચાર છવાઈ રહ્યા હતા, હૉસ્પિટલોમાં જગ્યા મળવી મુશ્કેલ હતી, ભારતમાં ઓક્સિજનની અછત અને કોવિડ મિસમૅનેજમેન્ટના સમાચારોની વિશ્વનું મીડિયા નોંધ લઈ રહ્યું હતું અને **ગંગાનદીમાં વહી રહેલા સેંકડો મૃતદેહોનાં દૃશ્યો લોકોને વિચલિત કરી** રહ્યાં હતાં.

આવા સમયે કવયિત્રી પારુલ ખખ્ખરે 11 મે 2021ના રોજ એમના સોશિયલ મીડિયામાં એક કવિતા પોસ્ટ કરી. અનેક લોકોએ એને 'પોતાની વેદનાનો ચિત્કાર ગણાવી' ઝીલી લીધી, તો અનેક લોકોએ તેને કોરોનાકાળમાં 'સસ્તી પ્રસિદ્ધિનો પ્રયાસ' પણ ગણાવી. બીજા અનેકને મન તે વડાપ્રધાન,સરકારની આકરી ટીકા કરનાર બની.

## ગુજરાતીથી અનેક ભાષામાં પહોંચી કવિતા

પહેલી ગુજરાતીથી હિંદીમાં અને પછી જોતજોતામાં એ દેશની અનેક ભાષામાં અનુદિત થઈ. કોઈ ગુજરાતી કવિતા આટલી ઝડપે આટલી બધી ભાષાઓમાં પહોંચી ગઈ હોય એવું અગાઉ કદી બન્યું નથી. એનું ગુજરાતી સ્વરાંકન પણ થયું.

કવિતાને પગલે પારુલ ખખ્ખરને સોશિયલ મીડિયામાં ટ્રૉલ કરવામાં આવ્યાં અને તેમણે પોતાની ફેસબુક પ્રોફાઇલ લૉક કરી દીધી.

આ કવિતાની તરફેણમાં અને વિરોધમાં પણ કવિતાઓ લખાઈ. ભારતમાં શાસકપક્ષ ભાજપના ટોચના નેતા નરેન્દ્ર મોદી અને અમિત શાહને એમના વિરોધીઓ સોશિયલ મીડિયામાં કથિત રીતે 'રંગા-બિલ્લા'ની ઉપમા આપે છે અને કવિતામાં એ શબ્દનો ઉલ્લેખ તથા 'રાજા મેરા નંગા' શબ્દ પર ખૂબ વિવાદ થયો.

વરિષ્ઠ પત્રકાર દીપલ ત્રિવેદીએ **'ધ વાયર'**માં લખ્યું કે ગંગામાં તરતી લાશો પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીને નગ્ન રાજા કહેવા પર ટોચનાં ગુજરાતી કવયિત્રી પર ભાજપ ખફા. એમણે કહ્યું કે, "પારુલ ખખ્ખરે ફક્ત 14 પંકિતઓમાં વેદનાને વાચા આપી અને તેને અનેક લેખકો અને લોકોએ અનુમોદન આપ્યું તેને કારણે તેઓ સત્તાધારી પાર્ટીની ટ્રૉલ આર્મીના નિશાને છે."

એ અહેવાલ મુજબ એ વખતે પારુલ ખખ્ખરની કવિતા દેશની છ ભાષામાં અનુવાદિત થઈને પહોંચી હતી.

## શબવાહિની ગંગા પર પ્રતિક્રિયાઓ



*વરસાદ બાદ ગંગાકિનારે દેખાઈ રહેલા કથિત કોરોના મૃતદેહો*

ગુજરાતના વિચારપત્ર 'નિરીક્ષક' સામયિકમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પ્રકાશ ન શાહે આ અંગે લેખ કર્યો અને તે 16 મે 2021ના રોજ પ્રથમ નિરીક્ષકમાં અને તે બાદ ઓપિનિયનમાં પ્રકાશિત થયો.

પ્રકાશ ન શાહે લખ્યું, "સોશિયલ મીડિયા પર બરફના તોફાન પેઠે કે પછી જંગલના દવની જેમ કહો કે ચાલુ બીજગણિતને ઓળાંડીને વેગે વાઇરલ થયેલી પારુલ ખખ્ખર બાની વાંચી તમે?

**એક અવાજે મડદાં બોલ્યાં 'સબ કુછ ચંગા ચંગા'**
**રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.**
**તમારાં મસાણ ખૂટ્યાં'ને 'અમારા ડાઘુ ખૂટ્યા'**

એ ધાટીએ હાલની અનવસ્થા, એકંદર ગેરવહીવટ અને બેતમા તંત્ર (નેતૃત્વ) વિશે વાત કરતાં પારુલ છેલ્લી પંક્તિઓમાં એક રીતે પરાકાષ્ઠાએ પહોંચે છે:

**રાજ, તમારાં દિવ્ય વસ્ત્ર ને દિવ્ય તમારી જ્યોતિ**
**રાજ, તમોને અસલી રૂપે આખી નગરી જોતી**
**હોય મરદ તે આવી બોલો 'રાજા મેરા નંગા'**
**રાજ, તમારા રામરાજ્યમાં શબવાહિની ગંગા.**

"પારુલે 'હોય મરદ' એમ હાકલ કરી છે, પણ ઘણા બધા મરદોની મર્દાનગી આ ગાળામાં ટ્રૉલબહાદુર તરીકે પ્રગટ થતી માલૂમ પડી છે.

ટ્રૉલટ્રૉલૈયાએ બોલાવેલી કથિત ધડબડાટી - 'કથિત' એટલા માટે કે એમાં કોઈ ધારાધોરણનો સવાલ અગરાજ છે - કદાચ, એ હકીકતની સાહેદીરૂપ છે કે પારુલની રચનામાં થયેલું અકેકું વિધાન વિગતસિદ્ધ છે, અને એનો હકીકતી પ્રતિવાદ શક્ય નથી."

16 મે 2021ના રોજ ગુજરાતનાં ખ્યાતનામ લેખિકા **કાજલ ઓઝા વૈદ્યે** કવિતાનો વિરોધ કરતો લેખ દૈનિક દિવ્ય ભાસ્કરની રસરંગ પૂર્તિમાં 'દુખ પારાવાર... મૂઈ આ સરકાર'ના હેડિંગ સાથે લખ્યો. એ લેખમાં એમણે કવિતાને ટાંકીને બધી વાત માટે સરકારને જવાબદાર ગણવાની માનસિકતા પર વાત કરી અને કહ્યું કે, "આજકાલ સરકારનો વિરોધ કરવાનો એક નવો

ટ્રેન્ડ, નવી ફેશન ચાલી છે. કંઈ પણ ન થાય, ખોટું થાય, ભૂલ થાય તો એને માટે 'સરકાર' જવાબદાર છે. ઘરના નળમાં પાણી ન આવે કે હૉસ્પિટલમાં ઓક્સિજન ન મળે, રેમડેસિવિરના બ્લૅક માર્કેટ થાય કે કોઈ બે-ચાર હળતિયા-મળતિયા ટોકનની ગરબડ કરે તો પણ જવાબદાર તો સરકાર જ છે... ચાલો, એ જવાબદારી પણ સરકાર સ્વીકારી લે તો આ 'સરકાર' એટલે કોણ? બે જણાં? કે પછી એક આખી સિસ્ટમ જે આપણે જ, મતદારોએ વોટ આપીને ઊભી કરી છે."

કાજલ ઓઝા વૈદ્યે લખ્યું કે "આખી દુનિયા તકલીફમાં છે, પ્રત્યેક દેશમાં, પ્રત્યેક રાજ્યમાં, પ્રત્યેક શહેર, ગલી, મહોલ્લા કે ઘરમાં મૃત્યુ થઈ રહ્યાં છે ત્યારે કોઈ બે જણાં કે સરકારને જવાબદાર ઠરાવીને કદાચ ફેસબુક ઉપર થોડા દિવસ માટે સેન્ટર ઑફ એટ્રેક્શન બની શકાય, પરંતુ અંતે તો આપણે આપણી અણસમજ અને બેવકૂફીનું પ્રદર્શન જ કરીએ છીએ."

દિવ્ય ભાસ્કર અખબારમાં જ કળશ પૂર્તિમાં લેખિકા વર્ષા પાઠકે 19 મેના રોજ 'અત્યારે નહીં તો ક્યારે બોલશો?' એ હેડિંગથી લેખ લખ્યો.

વર્ષા પાઠકે કવિતાના થઈ રહેલા વિરોધ પર આકરો વિરોધ વ્યક્ત કર્યો અને લખ્યું કે, "તાજેતરમાં અમરેલીની કવિયત્રી પારુલ ખખ્ખરે ગંગા નદીમાં તરતાં મૃતદેહોની વાતથી વ્યથિત થઈને એક ધારદાર કવિતા લખી એમાં અનેક લોકોને પોતાના યુગપુરુષ ઍન્ડ હીઝ ડિવાઇન આસિસ્ટન્ટનું ઘોર અપમાન થતું લાગ્યું અને બક્ષીએ જેને પુરુષનું મેન્સિસ કહેલું એનો ધોધ સોશિયલ મીડિયા પર વહેવા લાગ્યો."

આ સિવાય પણ અનેક ભાષાઓમાં અનેક સ્થળોએ કવિતા વિશે લખાયું. જોકે, આ વિવાદ શાંત થઈ રહ્યો હતો અને એવામાં ગુજરાત સરકાર સંચાલિત ગુજરાતી સાહિત્ય અકાદમીના મુખપત્ર 'શબ્દસૃષ્ટિ'માં એક નનામો પત્ર પ્રકાશિત થયો અને વિવાદ આગળ વધ્યો.

**અકાદમીનો નનામો પત્ર અને વધુ એક વિવાદ**

'શબ્દસૃષ્ટિ'ના જૂનના અંકમાં ૪૭મા પાને 'ના, આ કવિતા નથી, કવિતાનો અરાજકતા માટેનો દુરુપયોગ છે' એવા મથાળા સાથે એ લેખ છપાયો છે. સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા છે. છપાયેલા એ લેખમાં કોઈનું નામ નથી. જો કે, **'ઇન્ડિયન એક્સપ્રેસ'** સાથેની વાતચીતમાં અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ જણાવ્યું છે કે લેખ તેમણે લખ્યો છે અને 'શબવાહિની ગંગા' કવિતાને ધ્યાનમાં રાખીને જ લખાયો છે. એ લેખમાં પંડ્યાએ લખ્યું છે, "ખરેખર તો આ કાવ્ય છે જ નહીં, આવેશમાં આવીને કરવામાં આવેલો વ્યર્થ આક્રોશ છે. પ્રાસના ત્રાસ સાથે, ભારતીય પ્રજા-લોકતંત્ર-સમાજને લાંછન લગાડે તેવું. શબ્દોનું તિકડમ્ છે. તેને કવિતા કઈ રીતે કહેવાય?"

"પ્રસ્તુત કવિતા - જેમાં લોકતંત્રના આધારરૂપ પ્રતિનિધિત્વ અને નેતૃત્વને માટે પ્રયોજાયેલા શબ્દો કોઈ રીતે કાવ્યમાં શોભે તેવા નથી અને તેનો દુરુપયોગ - દેશભરમાં રાહ જોઈને બેઠેલાં કેન્દ્રવિરોધી, કેન્દ્રની રાષ્ટ્રીય વિચારધારાના વિરોધી પરિબળોએ કર્યો છે. એટલે કહ્યું કે આ કવિતા નથી અને તથાકથિત કવિતાના ખભે બંદૂક રાખીને એવાં તત્ત્વોએ ષડ્યંત્રો શરૂ કર્યાં છે."

"જેઓની નિષ્ઠા ભારત નહીં, અન્યત્ર છે, વામપંથીઓ છે, કથિત લિબરલ્સ છે જેમનો હવે કોઈ ભાવ પૂછતું નથી, જલદીથી હવે તેમનો હેતુ ભારતમાં અવ્યવસ્થા ફેલાવવાનો છે ને અવ્યવસ્થામાંથી અરાજકતા પેદા કરવાનો છે." "પ્રસ્તુત કવિતાને પોતાનાં વ્યક્તિગત સુખદુઃખોની સાથે જોડીને એક 'મુગ્ધ' વર્ગ પણ તેમાં સામેલ થઈ જાય એવો જ હેતુ આ 'લિટરલી નક્સલો'નો પણ છે. અકાદમી સાહિત્યની સંસ્થા છે. તેનો હેતુ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો છે."

તો સુરતના જાણીતા કવિ વિવેક ટેલરે પણ શબ્દસૃષ્ટિમાં છપાયેલા નનામા પત્રનો વિરોધ કર્યો છે અને "આ શું ગુજરાતી સાહિત્યના અધઃપતનની શરૂઆત છે?" એવો સવાલ પણ કર્યો છે.

### ના, આ કવિતા નથી,
### 'કવિતા'નો અરાજકતા માટેનો દુરુપયોગ છે...

કેટલાક સમયથી એક ગુજરાતી 'કવિતા' પર કેટલાક લોકો વરસી પડ્યા છે. તેની ચર્ચા થાય છે, તેના અનુવાદો થયા છે, તેને સ્વરમાં ઢાળવાનાં કારખાનાં ચાલુ કરી દેવાયાં છે. 'વાહ! વાહ!' 'મેઘાણી પછીની યાદગાર રચના', 'પર્દાફાશ કરતી રચના', 'મરદને જગાડતી કવિતા', 'પરિવર્તનની કલમ' વગેરે વગેરે... ન જાણે કેટલી બધી પ્રશંસા થઈ રહી છે!

આનું કારણ આ કવિતા નથી. તેના 'ઉપયોગ'ની બંદૂક છે! ખરેખર તો આ 'કાવ્ય' છે જ નહીં, આવેશમાં આવીને કરવામાં આવેલો વ્યર્થ આક્રોશ છે, પ્રાસના ત્રાસ સાથે, ભારતીય પ્રજા–લોકતંત્ર–સમાજને લાંછન લગાડે તેવું, શબ્દોનું તિકડમ છે. તેને કવિતા કઈ રીતે કહેવાય ?

પણ તેને માટે તેના કવિ (કે કવયિત્રીને) આપણે દોષ આપવો નથી. તેમણે તો ગમે તે ક્ષણોમાં, 'કવિતા' બનાવવાનો બહાવરો પ્રયાસ જ કર્યો છે. આ કવિએ અગાઉ સારી રચનાઓ આપી છે, અકાદમીએ તેમાં પ્રકાશનમાં સહયોગ પણ આપ્યો છે. ભવિષ્યે એવું સારું રચે તો ગુજરાતી વાચક સ્વાગત પણ કરશે.

પરંતુ, પ્રસ્તુત કવિતા – જેમાં લોકતંત્રના આધારરૂપ પ્રતિનિધિત્વ અને નેતૃત્વને માટે પ્રયોજાયેલા શબ્દો કોઈ રીતે કાવ્યમાં શોભે તેવા નથી. અને તેનો દુરુપયોગ – દેશભરમાં રાહ જોઈને બેઠેલાં, કેન્દ્ર-વિરોધી, કેન્દ્રની રાષ્ટ્રીય વિચારધારાનાં વિરોધી પરિબળોએ કર્યો છે, એટલે કહ્યું કે આ 'કવિતા' નથી, અને તથાકથિત કવિતાના ખભે બંદૂક રાખીને એવાં તત્ત્વોએ ષડ્યંત્રો શરૂ કર્યાં છે, જેઓની નિષ્ઠા ભારત નહીં, અન્યત્ર છે, વામપંથીઓ છે, કથિત 'લિબરલ્સ' છે જેમનો હવે કોઈ ભાવ પૂછતું નથી, જલદીથી તેમનો હેતુ ભારતમાં અવ્યવસ્થા ફેલાવવાનો છે ને અવ્યવસ્થામાંથી અરાજકતા પેદા કરવાનો છે. તેઓ સર્વક્ષેત્રે સક્રિય છે એ જ રીતે સરજાતાં સાહિત્યમાં પણ મેલા ઈરાદાઓ સાથે કૂદી પડ્યા છે. પ્રસ્તુત કવિતાને પોતાનાં વ્યક્તિગત સુખદુઃખોની સાથે જોડીને એક 'મુગ્ધ' વર્ગ પણ તેમાં સામેલ થઈ જાય એવો જ હેતુ આ 'લિટરરી નક્સલો'નો પણ છે.

અકાદમી સાહિત્યની સંસ્થા છે. તેનો હેતુ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો છે. તેની ગતિ 'વસુધૈવ કુટુમ્બકમ્'થી 'રાષ્ટ્રે જાગૃયામ વયમ્'ની છે. આચાર્ય આનંદશંકર ધ્રુવે કહ્યું હતું તેમ કવિતા તો આત્માની કળા છે. ત્યાં તમામ રસોનો અંતિમ શાન્ત ભાવનો હોય છે, તેની પાસે સંવાદની સંજીવની છે. તે શબ્દને સત્ય-શિવ-સુન્દરની સંગાથે અનુભવે છે. આધુનિક કે પ્રાચીન સર્જકતા દૂષિત–પ્રદૂષિત–પ્રતિક્રિયાવાદી નથી રહી, આપણી ઉત્તમ સર્જનાનાં એ માર્ગ છે.

એટલે પ્રારંભે કહ્યું તેમ આ કવિતા નથી, તેને કેટલાંક તત્ત્વોએ 'કવિતા' ગણાવીને તેને સામાજિક છિન્નભિન્નતા માટેનું હથિયાર ગણી છે. કવિતા અને કવિ બંને સામ્પ્રત સમાજરચનાના જ ભાગ છે. તેની કવિતા સમાજને નુકસાન કરે તેવી હોઈ શકે નહીં. આ સત્ય તમામ કવિઓને લાગુ પડે છે.

અકાદમી આવી રચના અને આવાં વલણો સાથે શતપ્રતિશત સંમત નહોતી, નથી અને નહીં હોય.

શબ્દસૃષ્ટિ : જૂન : ૨૦૨૧ ❖ ૮૯

***ગુજરાતી સાહિત્ય અકાદમીના મુખપત્ર શબ્દસૃષ્ટિમાં છપાયેલો એ નનામો પત્ર***

પારુલ ખખ્ખરની કવિતાનો અંગ્રેજી અનુવાદ કરનાર લેખક અને પત્રકાર સલિલ ત્રિપાઠીએ **ઓપિનિયનમાં** પ્રકાશિત અહેવાલમાં અકાદમીના એ પત્ર પર આકરી પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. સલીલ ત્રિપાઠીએ લખ્યું, "શબ્દસૃષ્ટિમાં 'ના, આ કવિતા નથી; 'કવિતા'નો અરાજકતા માટે દુરુપયોગ છે" શીર્ષક હેઠળ એક નોંધ છપાઈ તો ખરી, જેમાં પારુલ ખખરની કવિતા, 'શબ વાહિની ગંગા' એક વિવેચકે ભભૂકતી આંખે વાંચી, થર થર કાંપતા હાથે એને વિષે એક નોંધ લખી છે. એ લેખમાં પારુલનું નામ નથી લીધું, પણ એમની કવિતાને કવિતા કહેતા સંકોચ બતાવ્યો છે, અને કવિતાની આસપાસ અવતરણ ચિહ્નો મૂક્યાં છે. એટલે આપણે પણ એમના વિવેચનને 'વિવેચન' કહેવું રહ્યું."

સલિલ ત્રિપાઠીએ લખ્યું, "પાછું કહે છે કે પારુલની રચના કવિતા નથી પણ આક્રોશ છે. હવે એમાં કંઈક ગેરસમજ થઈ લાગે છે. હજારો નિર્દોષ લોકોનું મૃત્યુ જોઈ કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિ ઉત્તેજિત તો થાય જ, પણ એ આક્રોશ અભિવ્યક્ત કરવા કવિ પાસે હોય છે શબ્દ; બંદૂક તો નથુરામ જેવા લોકો વાપરે, કવિ નહિ. પણ જે પક્ષના નેતાઓ અને સમર્થકો દશેરાને દિવસે શસ્ત્રપૂજન કરતા હોય, એમને શબ્દ કે સરસ્વતી સાથે શું સંબંધ? એ તો એમનાં મંતવ્યનો વિરોધ કરનારને દુશ્મન જ સમજી બેસે!"

એમણે લખ્યું, "પારુલની કવિતામાં ધાર્મિક સંદર્ભનો ઉલ્લેખ છે, અને અન્યાય પ્રત્યે હતાશા છે, અને વ્યંગભર આક્રોશ પણ છે. એવી કવિતાને વામપંથી કહી ઉતારી પાડવી, કે લિબરલ જેવા ઉમદા શબ્દનો અપમાનરૂપે દુરુપયોગ કરવો, અને 'લિટરરી નક્સલ' જેવા હાસ્યાસ્પદ આક્ષેપ મુકવા, એ તો આ 'વિવેચક'ની નબળાઈ, લઘુતાગ્રંથિ, અને બાલિશતા બતાવે છે. આવી ભાષા 'શબ્દસૃષ્ટિ'ને શોભે નહિ."


ઉલ્લેખનીય છે કે હાલ ગુજરાતી સાહિત્ય અકાદમી કવિતાનો વિરોધ કરે છે અને તેને કવિતા ગણવાનો ઇનકાર કરે છે પણ અગાઉ અકાદમીના મુખપત્ર શબ્દસૃષ્ટિમાં અનેક વાર પારુલ ખખ્ખરની કવિતાઓ છપાઈ ચૂકી છે. અકાદમીના સહયોગથી એમના એક સંગ્રહનું પ્રકાશન પણ થયું છે.

ધ વાયરનો અહેવાલ કહે છે કે આ કવિતા લખી તે અગાઉ તેઓ **જમણેરી વિચારધારાની ગુડ બુકમાં** રહ્યાં છે. ગુજરાત સરકારની ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રમુખ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખપત્ર સાધના સાથે જોડાયેલા વિષ્ણુ પંડ્યા તેમને 'ગુજરાતી કવિતામાં ઉદય પામી રહેલું મોટું માથું ગણાવી' ચૂક્યા છે.

## કોણ છે પારુલ ખખ્ખર?



ગુજરાતી સાહિત્યમાં જે ગામની એક આગવી ઓળખ છે એના અમરેલીના 51 વર્ષનાં કવયિત્રી છે પારુલ ખખ્ખર. અમરેલી ગામને આખા દેશમાં ઓળખ મળી ગુજરાતી ભાષાના દિગ્ગજ કવિ અને સાહિત્યકાર રમેશ પારેખથી. આજે પારુલ ખખ્ખરની ટીકા થઈ રહી છે ત્યારે એ પણ ઉલ્લેખ જરૂરી બને છે કે જ્યારે રમેશ પારેખે સામંતવાદની તુચ્છતા પર કટાક્ષકાવ્યો લખ્યાં હતાં ત્યારે પણ અનેક લોકોનાં ભવાં એ વખતે તણાયાં હતાં. દીપલ ત્રિવેદી લખે છે કે **પ્રતિરોધની કવિતાએ** પારુલ ખખ્ખરની ઓળખ નથી, તેઓ આ પ્રકારની કવિતા લખતાં નથી પણ શબવાહિની ગંગા થકી એમણે દેશની કારમી વાસ્તવિકતાનો પરિચય આપ્યો છે.




પારુલ ખખ્ખર ગીત, ગઝલ ઉપરાંત વાર્તા, નિબંધ લખે છે. 'કલમને ડાળખી ફૂટી' તેમજ 'કરિયાવરમાં કાગળ' જેવા કાવ્યસંગ્રહ તેમણે આપ્યા છે.

જાણીતા કવિ - વિવેચક વિનોદ જોશીએ 'કરિયાવારમાં કાગળ'ની પ્રસ્તાવનામાં પારુલ ખખ્ખર વિશે લખ્યું છે કે, "કરિયાવરમાં કાગળ પારુલ ખખ્ખરનો બીજો કાવ્યસંગ્રહ છે. એમનો પહેલો કાવ્યસંગ્રહ 'કલમને ડાળખી ફૂટી' બે-અઢી વર્ષ પહેલાં પ્રગટ થયો હતો. તેમાં માત્ર ગઝલો હતી. આ સંગ્રહમાં ગીતરચનાઓ છે."

વિનોદ જોશીની આ પ્રસ્તાવના ફેબ્રુઆરી, 2021માં સામયિક 'પરબ'માં પ્રકાશિત થઈ હતી.

જેમાં તેમણે એમ પણ લખ્યું છે કે, "આ કવયિત્રી પાસે પ્રતિભાનું બળ છે. એક સર્જકમાં હોવી જોઈતી સંવેદનશીલતા તો ભરપૂર છે. અલંકારણો, કલ્પનો અને ભાષાની પ્રયુક્તિઓનું પણ ખાસું કૌશલ છે."

### પંદર વર્ષે પહેલી કવિતા લખી

પારુલ જ્યારે પંદર વર્ષની વયે દસમા ધોરણમાં ભણતાં હતાં ત્યારે તેમણે પહેલી વખત કવિતા લખી હતી.

પારુલ ખખ્ખરનો 2019માં યૂટ્યૂબ પર રજૂ થયેલો એક ઇન્ટરવ્યૂ છે, જે **ગોપાલ ધકાણે** લીધો હતો. એ ઇન્ટરવ્યૂમાં તેઓ કહે છે, "પહેલી કવિતા લખાઈ એ પછી પાંચેક વર્ષ લખાયું. વીસ વર્ષે પરણીને અમરેલી આવી ગઈ હતી. પછી પુત્રનો જન્મ થયો. એ પછી લાગલગાટ વીસ વર્ષ એવાં ગયાં કે કાગળ અને કલમ સાવ મુકાઈ ગયાં હતાં." વીસ વર્ષ સુધી પારુલ ખખ્ખરે કાગળ પર અક્ષર પાડ્યો નહોતો. પરિવારમાં જ પરોવાયેલા રહ્યાં હતાં. ઉંમરના ચાલીસમા વર્ષે ફરી કાગળ અને કલમ હાથમાં લીધાં અને કવિતા, ગઝલની નવી ઇનિંગ શરૂ થઈ.

પારુલ ખખ્ખરની જે નવી ઇનિંગ શરૂ થઈ એમાં ફેસબુક જેવા સોશિયલ મીડિયાએ મોટી ભૂમિકા ભજવી છે.

તેઓ કહે છે કે, "હું વીસ વર્ષ પછી ફરી આવી એમાં સોશિયલ મીડિયાનો મોટો રોલ છે. કારણ કે હું જે કંઈ

લખતી એ ફેસબુક જેવા સોશિયલ મીડિયા પર જ કાચુંપાકું લખતી હતી. ત્યાં જ મને પ્રતિસાદ મળ્યો અને સફર આગળ વધતી ગઈ."

તેમનો જે પહેલો કાવ્યસંગ્રહ આવ્યો તે સહિયારો હતો. તેમાં પણ ફેસબુક નિમિત્ત બન્યું હતું. "2012માં 'અગિયારમી દિશા' નામનો સહિયારો સંગ્રહ બહાર પડ્યો હતો. જેને ફેસબુકના માધ્યમથી મળેલા 11 કવિઓએ સાથે મળીને પ્રકાશિત કર્યો હતો. જેમાં એકમાત્ર હું મહિલા કવયિત્રી હતી."

એ પછી તેમનો પહેલો સ્વતંત્ર કાવ્યસંગ્રહ 'કલમને ડાળખી ફૂટી' 2018માં આવ્યો હતો. 2018ના ડિસેમ્બરમાં જ તેમને અમદાવાદમાં કાવ્યમુદ્રાનો 'યુવા પ્રતિભા'નો ઍવૉર્ડ પણ મળ્યો હતો.

નોંધનીય છે કે પારુલબહેનની કવિતા 'શબવાહીની ગંગા' પણ તેમના ફેસબુક પર જ મુકાઈ હતી અને ત્યાંથી ઠેરઠેર પહોંચી હતી. કવિતાના વિવાદ પછી તેમની ફેસબુક પ્રોફાઈલ બંધ છે.

પારુલબહેન કાવ્ય લખવા માટે કોઈ ચોક્કસ વાતાવરણ કે માહોલનાં મોહતાજ નથી.

તેમણે કહ્યું હતું કે, "સવારે સાતથી બાર વચ્ચે જ મોટા ભાગનું સર્જન સ્ફુરે છે. એ વખતે જ ઘરનાં કામો ચાલુ હોય. તેથી કામ અને કવિતા બંને સાથે થાય છે. કૂકરની સીટી વાગતી હોય કે રોટલી વણાતી હોય એની વચ્ચે ગઝલના શેર લખાતા હોય એવું બન્યું છે. છાશ બનતી હોય અને મનમાં કવિતાનું વલોણું ચાલતું હોય એવું બન્યું છે. મને આ સ્થિતિ મુશ્કેલીભરી લાગી નથી."

નારીવાદ વિશે પણ તેમની પોતાની સમજ છે. તેઓ કહે છે કે, "હું જરાય નારીવાદી નથી. હું એવું માનું છું કે મારી દીવાલો ચણવાની મને આઝાદી હોય તો એને હું સ્ત્રીસ્વાતંત્ર્ય માનું છું. દરેકે પોતાની દીવાલો ચણવી પડે છે. એક દાયરાની બહાર તમે નથી જઈ શકતાં. તો એ દાયરો ક્યો એ નક્કી કરવાની આઝાદી મને છે તો હું સ્વતંત્ર છું."

"પોતાની લિમિટ - મર્યાદા નક્કી કરવાની આઝાદી જેને મળે છે એ સ્વતંત્ર છે એમ હું માનું છું. સ્ત્રી માટે બંડ પોકારવાની વાત કે એક ઝનૂન લાવીને પુરુષને ખરાબ ચીતરીને સ્ત્રીને સારી બતાવવી એવી કોઈ બાબત મારી કવિતામાં જોવા નહીં મળે.""કેટલાંક સ્ત્રી સર્જકોને હું વાંચું છું તો મને થાય છે કે તેઓ રસોડામાંથી અને પુરુષોની નિંદા કરવામાંથી બહાર જ નથી આવતાં."

"સ્ત્રીની સંવેદનશીલતા કાં તો રસોડામાં કાં તો બેડરૂમની અસ્તવ્યસ્તતાઓમાં ગૂંગળાઈ જાય છે, અથવા તો પુરુષને વખોડવામાં કે રોદણાં રડવામાં જાય છે."

"સતત અભાવઅભાવની વાતો કરતી સ્ત્રીઓને જોઈને મને થાય છે કે ના, પુરુષો ખરેખર આટલા ખરાબ નથી એવું મને લાગે છે. તેમનાં જમા પાસાં વિશે કેમ વાત ન થાય? પુરુષ એટલે પથ્થરમાં પાંગરેલી કૂંપળ."

"બહારથી એ પથ્થર જેવો લાગે પણ એમાંય કૂંપળ ફૂટે છે. પરંતુ એને વખોડવામાં પેલી નાની કૂંપળ છે તે દેખાતી નથી. પછી એના પર ઘા પર ઘા મારીએ એટલે પેલી કૂંપળ મૂરઝાઈ જાય છે. પછી જે બાકી રહી જાય છે એ પથ્થરપણું છે. એ પથ્થરપણું જીવનભર આપણે ભોગવીએ છીએ અને એને વખોડીએ છીએ."

તેમણે પુરુષને કેન્દ્રમાં રાખીને એક કવિતા પણ લખી છે. જેમાં એક ઠેકાણે લખ્યું છે,

**'પુરુષ એટલે તલવારની મૂઠ પર કોતરેલું ફૂલ.'**

પારુલ ખખ્ખર અનુકૂલન અને ઉત્ક્રાન્તિની સાથે વાત કરે છે. "મારા જીવનમાં બે મુદ્દા વણી લીધા છે. અનુકૂલન સાધવું અને ઉત્ક્રાન્તિ સાધવી. દરેક નવોદિતને આ જ સંદેશ આપીશ કે અનુકૂલન સાધતાંસાધતાં ઉત્ક્રાન્ત થતાં રહેવું. એ જ સાચું મનુષ્યત્વ અને સર્જકત્વ છે."

ધ વાયરના અહેવાલ મુજબ પારુલ ખખ્ખર પોતાના બ્લૉગની ઓળખાણમાં કહે છે કે કવિતા એ મારા જીવનનો મૂક ટેકો છે. મારો પહેલો પ્રેમ. હું ગુજરાતી, હિંદી, અને ઉર્દૂમાં લખું છું. હું આધ્યાત્મિક અને ધાર્મિક છું. હું પોતાને ઈશ્વરનું શ્રેષ્ઠ સંતાન માનું છું.


WORLD MILK DAY

June 01

# લાલબહાદુર શાસ્ત્રીના નિર્ધારના કારણે ગુજરાતની શ્વેતક્રાંતિ ભારતની 'શ્વેતક્રાંતિ' બની

અર્જુન પરમાર. બીબીસી ગુજરાતી

*અર્જુન પરમાર. બીબીસી ગુજરાતી*



11 જાન્યુઆરી, 1966ના રોજ ભારતના બીજા વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીનું 62 વર્ષની વયે ઉઝબેકિસ્તાનના તાશ્કંદ ખાતે મૃત્યુ થયું.

તેમના મૃત્યુનાં 54 વર્ષ બાદ પણ ભારતીયોના મનમાં તેમની છબિ એક દેશભક્ત અને મજબૂત નેતા તરીકે અંકિત છે. દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુના મૃત્યુ બાદ દેશના આયોજનબદ્ધ વિકાસને આગળ વધારવાના કામ સાથે પાડોશી દેશ પાકિસ્તાન સાથે વધી રહેલા તણાવને સંતુલિત કરવાનું કામ શાસ્ત્રીજીના માથે આવી પડ્યું હતું.

મોટા ભાગના લોકો શાસ્ત્રીજીને રાજકારણમાં દેશભક્તિની ભાવનાને વેગ આપવાનું, તેમના 'જય જવાન, જય કિસાન'ના નારા થકી ખેડૂતો અને સેનાના જવાનોનું મહત્ત્વ દેશને સમજાવવાનું અને 1965ના વર્ષમાં પાકિસ્તાન સાથેના યુદ્ધમાં ભારતને ભવ્ય વિજય અપાવવાનું શ્રેય આપે છે. આ ઉપરાંત ભારતની 'શ્વેતક્રાંતિ'માં પણ તેમણે અમૂલ્ય ફાળો આપ્યો છે.

દેશમાં 'શ્વેતક્રાંતિ'ના પ્રણેતા મનાતા ડૉ. વર્ગીસ કુરિયને તેમની આત્મકથા 'આઈ ટુ હૅડ અ ડ્રીમ'માં ગુજરાતની 'શ્વેતક્રાંતિ'ને ભારતભરની 'શ્વેતક્રાંતિ' બનાવવાની શાસ્ત્રીજીની દૂરદૃષ્ટિ, અડગ નિર્ધાર વિશે વાત કરી છે.

**શાસ્ત્રીજીની અજબ દરખાસ્ત:**

વર્ગીસ કુરિયને પોતાની આત્મકથામાં લાલ બહાદુર શાસ્ત્રીની આણંદ મુલાકાત વિશે લખ્યું છે.



તેમણે લખ્યું છે કે, "ખેડા દૂધઉત્પાદક સંઘ દ્વારા 1964માં આણંદથી આશરે 8 કિલોમિટર દૂર આવેલા કંજરી ખાતે પશુદાણનું નવું કારખાનું સ્થાપવામાં આવ્યું હતું."

"દેશનો આ પ્રકારનો પહેલવહેલો પ્લાન્ટ હોવાના કારણે અમે વિચાર્યું કે અમારે આ પ્લાન્ટના ઉદ્ઘાટન માટે દેશના વડા પ્રધાનને બોલાવવા જોઈએ."

"અમે આમંત્રણ મોકલ્યું અને વડા પ્રધાને તરત તે સ્વીકારી પણ લીધું."

"સરદારના જન્મ દિવસ નિમિત્તે પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવા માટે વડા પ્રધાન પધારશે, એ વાત નક્કી થઈ ગઈ. તેઓ મારા (ડૉ. વર્ગીસ કુરિયન) ઘરે રોકાશે તેવું ધારી લેવામાં આવ્યું હતું. શાસ્ત્રીજીએ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી બળવંતરાય મહેતાને કહેવડાવ્યું કે તેઓ નિર્ધારિત દિવસ કરતાં એક દિવસ વહેલા ગુજરાત આવવા માગે છે. તેમજ આ દરમિયાન તેમણે ખેડા જિલ્લામાં એક નાના ખેડૂતને ત્યાં રાત ગાળવાનો આગ્રહ કર્યો હતો. તેમની આ માંગણીને કારણે અમે બધા આશ્ચર્યચકિત થઈ ગયા."

**કુરિયનનો જવાબ:**

વડાપ્રધાનની ઇચ્છા વિશે જાણ્યા બાદ ડૉ. કુરિયને મુખ્ય મંત્રી બળવંતરાય મહેતાને એક દરખાસ્ત મોકલી.

કુરિયને પોતાની આત્મકથામાં લખ્યું છે કે, "જો વડા પ્રધાન સાચે જ કોઈ ગામમાં રોકાવા માગતા હોય તો તેમણે પોતાના તમામ સુરક્ષા બંદોબસ્ત વગર આ અનુભવ લેવો જોઈએ."

"ખેડા જેવા જિલ્લામાં દરેક ગામની સરેરાશ વસતિ આશરે 300 લોકોની હશે. જો વડા પ્રધાન કોઈ ગામમાં જશે તો તેમના સુરક્ષા બંદોબસ્તના ભાગરૂપે એ ગામમાં તેમની મુલાકાત પહેલાંથી જ 300 કરતાં વધારે પોલીસ કર્મચારીઓ ગોઠવાઈ જશે.  આવી પરિસ્થિતિમાં તો આ ગામ એક પોલીસ કૅમ્પમાં ફેરવાઈ જશે."

"આખરે એક પોલીસકૅમ્પ જેવા ગામની મુલાકાત લઈને તેમને શું હાંસલ થશે? જો વડા પ્રધાન ખરેખર સામાન્ય અને પ્રાકૃતિક અનુભવ લેવા માગતા હોય તો મુખ્ય મંત્રીએ વડા પ્રધાનની સુરક્ષાની જવાબદારી મારા પર છોડી દેવી જોઈએ."

"જોકે, મારો આ પ્રસ્તાવ ગુજરાતના તત્કાલિન ગૃહસચિવ એફ. જે. હેરેડિયાના ગળે ન ઊતર્યો."

"પરંતુ અમે બંને મિત્રો હોવાના કારણે તેમણે વડા પ્રધાનની મુલાકાતની વ્યવસ્થા એ પ્રમાણે કરી જેથી તેમનો પણ ઉદ્દેશ સિદ્ધ થઈ જાય અને મારો હેતુ પણ પરિપૂર્ણ થઈ શકે.મુખ્યમંત્રીએ પણ વડા પ્રધાનની મુલાકાતની તમામ જવાબદારી મારા અને હેરેડિયાના ખભે નાખી દીધી."

**આણંદના અજરપુરા ગામની પસંદગી:**

વડાપ્રધાનની સુરક્ષા વ્યવસ્થા હળવી બનાવવા માટે તેમની મુલાકાતનો સમય અને સ્થળનું નામ જાહેર ન થાય એ જોવું જરૂરી હતું. આ હેતુ માટે કુરિયન અને હેરેડિયા બંને મળ્યા. આ મુલાકાત વિશે કુરિયન લખે છે કે, "અમે સાથે મળીને વડા પ્રધાનની મુલાકાત માટે આણંદથી થોડે દૂર આવેલા અજરપુરા ગામ પર પસંદગી ઉતારી. અજરપુરા ખાતે જિલ્લાની સૌથી જૂની દૂધઉત્પાદક સહકારી મંડળીઓ પૈકી એક આવેલી હતી."

કુરિયન પોતાની આત્મકથામાં આ મુલાકાત અંગે વાત કરતાં આગળ લખે છે કે "મેં વડા પ્રધાનની મુલાકાત માટે યજમાન તરીકે રમણભાઈ પુંજાભાઈ પટેલ નામના એક ખેડૂતની પસંદગી પણ કરી લીધી હતી."

"વડા પ્રધાનની મુલાકાતની જાહેરાત ન થાય એ હેતુથી અમે રમણભાઈને કહ્યું કે બે વિદેશી ગામની મુલાકાતે આવવાના છે. તેમના રાતવાસા માટેની વ્યવસ્થા કરવા વિનંતી કરી."

"અગાઉની યોજના પ્રમાણે મારા ઘરે વડા પ્રધાનને આમંત્રવા માટેની તમામ તૈયારી થઈ ચૂકી હતી."

"ત્યારે મેં સ્થળ પર હાજર કલેક્ટરને ગૃહ સચિવનો પત્ર હાથમાં આપ્યો, જેમાં આગળના કાર્યક્રમ અંગે મારા તમામ હુકમો અનુસરવાની સૂચના હતી."

"મારા ઘરેથી હું અને કલેક્ટર રમણભાઈના ઘરે પહોંચ્યા. ત્યાં જઈને તેમને તેમના ખરા મહેમાનોની ઓળખાણ આપી."

"પહેલાં તો ભારતના વડાપ્રધાન અને ગુજરાતના મુખ્ય મંત્રી એમના ઘરે આવવાના છે એ વાત પર તેમને વિશ્વાસ જ ન બેઠો. પછી મેં રમણભાઈને તેમના અન્ય સામાન્ય મહેમાનોની જેમ જ આ ખાસ મહેમાનો સાથે વર્તવાનું કહ્યું."

**શાસ્ત્રીજીની સાદગી:**

ત્યારબાદ કુરિયન પોતાની આત્મકથામાં લખે છે કે, વડા પ્રધાનની કાર સિવાય સમગ્ર કાફલો આણંદ જવા માટે નીકળ્યો, જ્યારે વડાપ્રધાનની કાર અજરપુરા તરફ વળી. તેઓ વડાપ્રધાનની સાદગીનું વર્ણન કરતાં કહે છે કે,"શાસ્ત્રીજી સમયસર રમણભાઈના ઘરે પહોંચી ગયા.તેમણે રમણભાઈના પરિવાર સાથે મળીને સાદું ભોજન પણ લીધું.જમ્યા પછી તેઓ ગામમાં ચાલવા માટે નીકળી પડ્યા. લગભગ તમામ ગામલોકો તેમનેઓળખી ગયા છતાં તેઓ સામાન્યપણે ગામમાં ફરતા રહ્યા."

"લોકોનાં ઘરોમાં જઈને તેમની સાથે વાત કરીને તેમના જીવન વિશે જાણવાનો પ્રયાસ કરવા લાગ્યા."

"લોકો સાથે ઘણી વાતો પણ કરી. ગામની સ્ત્રીઓ સાથે દૂધઉત્પાદન અંગે પણ વાત કરી."

"આ સિવાય તેઓ ગામના દલિતોનાં ઝૂંપડાંમાં પણ ગયા. તેમની સાથે તેમનાં ઘરોમાં બેસીને વાત કરી."

"તેઓ સવારના બે વાગ્યા સુધી ગામના મુસ્લિમો સાથે તેમના જીવન અંગે વાતચીત કરતા રહ્યા."

**શાસ્ત્રીજીના પ્રશ્નો:**

કુરિયન પોતાની આત્મકથામાં વડા પ્રધાનની આ મુલાકાત અંગે ઊંડાણપૂર્વક વાત કરતાં લખે છે :

"બીજા દિવસે હું ગામની દૂધ સહકારી મંડળી ખાતે વડા પ્રધાનને મળ્યો."

"પશુદાણના નવા કારખાનાના ઉદ્ઘાટન પછી અમે મારા ઘરે પહોચ્યા. ઘરે આવીને તેમણે એક ખૂબ જ રસપ્રદ વાત શરૂ કરી."

"તેમણે કહ્યું કે બીજી અને ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન ભારત સરકારે આખા દેશમાં ડેરીઓની શરૂઆત કરી."

"પરંતુ તેમાંથી મોટા ભાગની નુકસાન કરી રહી છે."

"જ્યારે અમૂલ ડેરીનાં ઉત્પાદનો આખા દેશમાં લોકપ્રિય થઈ રહ્યાં છે."

"તેમજ અમૂલ ડેરીનું કદ અને વૃદ્ધિદર દિવસે ને દિવસે વધતું જઈ રહ્યું છે."

"તેમણે મને પૂછ્યું કે જ્યારે સમગ્ર દેશમાં ડેરીઉદ્યોગ પડી ભાંગ્યો છે ત્યારે અમૂલ ડેરી પ્રગતિ સાધી રહી છે."

"તેમણે કહ્યું કે આ વિરોધાભાસ અંગે જાણવા માટે જ તેમણે આ ગામમાં રહીને અહીંના લોકો, વાતાવરણ, દૂધ ઉત્પાદન વગેરે અંગે માહિતી મેળવવાનું નક્કી કર્યું હતું."

કુરિયન પોતાની આત્મકથામાં વડા પ્રધાનના શબ્દો ટાંકતા લખે છે : "ડૉ. કુરિયન, અહીં આવીને મને ઘણું આશ્ચર્ય થયું. અહીં તો એવું કશું જ ખાસ નથી કે જેથી આવી પ્રગતિ શક્ય બની શકે."

"અહીંની ભેંસોની જાત મારા ગૃહરાજ્ય ઉત્તર પ્રદેશ કરતાં નીચી છે."


"અહીંના ખેડૂતો મહેનતુ છે છતાં પંજાબમાં તેમના કરતાં ઘણા વધારે મહેનતુ ખેડૂતો છે."

"વધુમાં અહીંની જમીન ફળદ્રુપ છે, છતાં દેશનાં અન્ય રાજ્યોની જમીનની સરખામણીએ તેમાં કોઈ વિશેષતા હોય એવું નથી દેખાતું."

"અહીં વરસાદની સ્થિતિ પણ સમગ્ર દેશમાં જેવી છે તેવી જ છે."

"તો પછી અહીં ડેરીઉદ્યોગ સફળ અને બાકીનાં તમામ રાજ્યોમાં કેમ અસફળ છે?"

**"ખેડૂતો મારા માલિક છે.":**



ડૉ. વર્ગીસ કુરિયને વડા પ્રધાનના કુતૂહલને શાંત કરવા માટે તેમના પ્રશ્નોનો જવાબ આપતા કહ્યું હતું :

"સર, તમારાં બધાં અવલોકનો ખૂબ જ સાચાં છે."

"પરંતુ દેશની અન્ય ડેરીઓમાં અને અમૂલમાં એક પાયાનો ભેદ છે, જે તમે ન જોઈ શક્યા."

"અમૂલ ડેરી એ સમગ્રપણે ખેડૂતોની માલિકીની છે. જ્યારે દેશની અન્ય ડેરીઓમાં આવું નથી."

"ખેડૂતો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા આ ડેરીનો કારભાર ચાલે છે."

"અને આ પ્રતિનિધિઓએ મારા પર વિશ્વાસ મૂકી મને આ ડેરીની જવાબદારી સોંપી છે. હું આ ખેડૂતોનો કર્મચારીમાત્ર છું."

"તેથી હું એક કર્મચારી તરીકે મારા માલિકોને સંતુષ્ટ કરવા માટે બંધાયેલો છું."

"મારે એક મૅનેજર તરીકે દૂધઉત્પાદન વધારવા માટે ખેડૂતોને યોગ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર મળી રહે તે જોવાનું હતું."

"મારે સતત ઉત્પાદન વધારતા રહેવાનું હતું જેથી ખેડૂતોને તેનો સતત લાભ મળતો રહે.વધુમાં હું તેમના દ્વારા અપાયેલ દૂધ સ્વીકારવાનો ક્યારેય ઇનકાર પણ નથી કરી શકતો."

"તેમજ તેમણે શરૂઆતના તબક્કે મારા પર વિશ્વાસ મૂકી મારા કામમાં ક્યારેય દખલગીરી ન કરી."


આ સિવાય કુરિયને દેશના ડેરીઉદ્યોગ માટે અડચણરૂપ કાયદાઓ અંગે વાત કરતાં કહ્યું:

"ભારતનો કૉ-ઓપરેટિવ સોસાયટી એક્ટ એ ખૂબ જ જડ કાયદો છે."

"આ કાયદો લોકતાંત્રિક સંગઠનોના નિર્માણને પ્રોત્સાહિત કરતો નથી."

"આવી કાયદાકીય તકલીફો છતાં પણ અમૂલ તેમના સ્થાપક ચૅરમૅન ત્રિભુવનદાસ પટેલની આગેવાનીમાં પ્રગતિ સાધવામાં સફળ રહી છે."

**"દેશમાં એક નહીં, અનેક આણંદ બની શકે છે.":**




ડૉ. કુરિયન પોતાની આત્મકથામાં વડા પ્રધાનની આણંદ મુલાકાતના પ્રસંગ અંગે આખરી ચર્ચા કરતાં લખે છે :

"વડા પ્રધાન અમૂલ ડેરીના સફળતા મંત્ર અંગે સાંભળી ખૂબ જ ઉત્સાહમાં આવી ગયા."

"તેમણે મને કહ્યું, કુરિયન આનો મતલબ તો એમ થાય છે કે આપણે દેશમાં એક નહીં અનેક આણંદ બનાવી શકીએ છીએ."

"આપણી ચર્ચા પછી મને તો એવું કોઈ કારણ નથી દેખાતું કે માત્ર ગુજરાતમાં જ આણંદ હોવું જોઈએ."

"મેં હકારમાં માથું હલાવ્યું."

"વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીએ મને કહ્યું, તો કુરિયન તમે કાલથી માત્ર આણંદ કે ગુજરાત માટે કામ નહીં કરો, તમે સમગ્ર ભારત માટે કામ કરશો."

"ભારત સરકાર તમને આણંદ જેવાં દૂધઉત્પાદન સહકારી મંડળ સમગ્ર દેશમાં ઊભાં કરવા માટે તમને બ્લૅન્ક ચેક આપશે."

"ભારત સરકાર આ હેતુ માટે ગમે તે સ્ટ્રક્ચર કે સંસ્થા બનાવવા માટે પણ તૈયાર છે, પરંતુ તમારે એ સંસ્થાનું નેતૃત્વ સંભાળવાનું રહેશે."

"હું ઇચ્છું છું કે તમે આણંદમાં જે શક્ય બન્યું તેવું જ સમગ્ર દેશમાં કરી બતાવો."

"આ કામને તમે પોતાનું મિશન બનાવો, તમને આ કામ માટે ગમે તે વસ્તુની જરૂર પડશે એ સરકાર તમને આપશે."

અમૂલ ડેરીની વેબસાઇટમાં આપેલી વિગતો અનુસાર, આ મુલાકાત બાદ વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીએ અમૂલ ડેરી જેવું સફળ સહકારી દૂધ ઉત્પાદન મૉડલ સમગ્ર દેશમાં લાગુ કરવા માટે તમામ રાજ્યોનાં મુખ્ય મંત્રી, રાજ્યપાલો અને કેન્દ્રીય કૅબિનેટ મંત્રીઓને પત્રો લખ્યા.


આણંદની આ મુલાકાત બાદ વડા પ્રધાને પોતાનું વચન પાળ્યું અને **વર્ષ 1965માં આણંદ ખાતે નેશનલ ડેરી ડેવલપમૅન્ટ બોર્ડ (NDDB)ની સ્થાપના કરવામાં આવી.**

ડૉ. વર્ગીસ કુરિયનને તેના વડા નીમવામાં આવ્યા. તેમજ 1970માં NDDBએ સમગ્ર ભારત માટે ડેરી ડેવલપમૅન્ટ પ્રોગ્રામની શરૂઆત કરી.

જે પાછળથી 'ઑપરેશન ફ્લડ' તરીકે જાણીતું થયું. આ રીતે **ગુજરાતની 'શ્વેતક્રાંતિ'ને દેશની 'શ્વેતક્રાંતિ' બનાવવાનું શાસ્ત્રીજીનું સ્વપ્ન સાકાર થયું.**

# 'અમૂલ'ના પાયામાં જેમનો પરસેવો સિંચાયેલો છે એ ત્રિભુવનદાસ પટેલ કોણ?

*જય મકવાણા.બીબીસી ગુજરાતી*




'ધ ખેડા ડિસ્ટ્રિક કો-ઑપરેટિવ મિલ્ક પ્રોડક્શન યુનિયન લિમિટેડ' વતી એક યુવક મુંબઈમાં આવેલી લાર્સન ઍન્ડ ટુબ્રો કંપનીના મૅનેજર ઍક્સિલ પીટરસનની ઑફિસે પહોંચે છે. યુવકની દાઢી વધેલી હતી અને દેખાવ લઘરવઘર હતો. તેણે મૅનેજરને કહ્યું કે 'સિલ્કબૉર્ગ પૅસ્ચરાઇઝર' મશીનનો ઑર્ડર દેવા આવ્યો છું.' યુવકનો દેખાવ જોઈને મૅનેજરને વાત મજાક લાગી.

'કૉલોનિયલ માનસિકતા' ધરાવતા એ મૅનેજર માટે મશીનની કિંમત બહુ વધારે હતી અને એટલે જ તેને લાગતું હતું કે યુવક તે ખરીદી શકે એમ નહોતો.

પણ યુવક માથાનો હતો. તેણે પોતાના ખિસ્સામાંથી 40 હજાર રૂપિયા કાઢ્યા અને મૅનેજરના ટેબલ પર ફેંક્યા.

દેશને આઝાદી મળી એને હજુ આંગળીના વેઢે ગણી શકાય એટલાં વર્ષો જ વીત્યાં હતાં અને 40 હજાર રૂપિયા એ વખતે બહુ મોટી રકમ હતી. પૈસા જોતા જ મૅનેજરનું યુવક પ્રત્યેનું વર્તન બદલાઈ ગયું. તેણે ઑર્ડર સ્વીકારી લીધો અને એના અમલ માટે તાબડતોબ 'ઘોડા દોડાવી દીધા.' મૅનેજરના ટેબલ પર વટભેર પૈસા ફેંકનારો એ યુવક એટલે 'શ્વેતક્રાંતિ'ના જનક કુરિયન.

યુવકને એટલા પૈસા આપીને ડેરીઉદ્યોગમાં કામે લાગે એવું મશીન ખરીદવાનો ઑર્ડર આપનારી વ્યક્તિ એટલે 'ધ ખેડા ડિસ્ટ્રિક કો-ઑપરેટિવ મિલ્ક પ્રોડક્શન યુનિયન લિમિટેડ'ના સ્થાપક અને પ્રખર ગાંધીવાદી ત્રિભુવનદાસ કીશીભાઈ પટેલ. વર્ગીસ કુરિયનની આત્મકથા 'આઈ ટુ હૅડ અ ડ્રીમ'માં ઉપરોક્ત કિસ્સો ટાંકવામાં આવ્યો છે.

**કોણ હતા ત્રિભુવનદાસ પટેલ?:**



ત્રિભુવનદાસનો જન્મ આણંદમાં થયો હતો.અમદાવાદમાં 'ગૂજરાત વિદ્યાપીઠ'માં અભ્યાસ દરમિયાન ગાંધીજીના પ્રભાવમાં આવ્યા અને આજીવન ગાંધીવાદી રહ્યા.

તેમણે સ્વતંત્રતાની લડાઈમાં ઝંપલાવ્યું અને ગાંધીજી સાથે અસહકારની લડત, ગ્રામીણ વિકાસ, અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી જેવી રાષ્ટ્રીય અને સામાજિક ચળવળોમાં ભાગ લીધો. વર્ષ 1948થી 1983 સુધી 'હરિજન સેવક સંઘ'ના અધ્યક્ષ રહેલા ત્રિભુવનદાસ પટેલને 1930માં ગાંધીજી સાથે મીઠાના સત્યાગ્રહમાં સામેલ થવા બદલ જેલ થઈ.

જેલ દરમિયાન જ તેમણે શપથ લીધા કે તેઓ પોતાનું સમગ્ર જીવન લોકોના સેવાર્થે સમર્પિત કરશે. પોતાના શપથ તેમણે પાળી બતાવ્યા. તેમની જ આદર્શ નિષ્ઠાથી આકર્ષાઈને કુરિયન 'અમૂલ'માં જોડાયા હોવાનો ઉલ્લેખ રૂથ હરેડિયાના પુસ્તક 'ધી અમૂલ ઇન્ડિયા સ્ટોરી'માં કરાયો છે.




14 ડિસેમ્બર, 1946માં તેમણે 'ધ ખેડા ડિસ્ટ્રિક કો-ઑપરેટિવ મિલ્ક પ્રોડક્શન યુનિયન લિમિટેડ'ની સ્થાપના કરી. જે આજે 'અમૂલ' તરીકે વિશ્વપ્રસિદ્ધ છે.

**ત્રિભુવનદાસને સરદારની સલાહ**:

1938નું વર્ષ ગુજરાત માટે માટે દુષ્કાળ, અછત અને બેકારીનું હતું. સંજોગોને પગલે ખેડાની આસપાસના વિસ્તારમાં ઘરફોડ ચોરી અને લૂંટના બનાવો બન્યા. આ જ વર્ષે હરિપુરામાં કૉંગ્રેસનું અધિવેશન મળ્યું, જ્યાં સરદાર પટેલ અને ત્રિભુવનદાસ પટેલની મુલાકાત થઈ. 'ધી અમૂલ ઇન્ડિયા સ્ટોરી'માં રૂથ લખે છે કે એ વખતે સરદારે ત્રિભુવનદાસને કહ્યું, "તમે ખેડા જિલ્લાના છો. ત્યાં જાઓ અને ગામોની અંદર પગપાળા ઘૂમો. લોકોની નૈતિક તાકાતને પુનઃસ્થાપિત કરો." એ મુલાકાત બાદ સરદાર જ્યારે પણ ત્રિભુવનદાસને મળતા ત્યારે એક પ્રશ્ન પૂછતા, 'ખેડૂતો સુખી છે?' પુસ્તકમાં કરાયેલા ઉલ્લેખ અનુસાર એ બાદ ત્રિભુવનદાસે સરદારના એ પ્રશ્નને પોતાના જીવનનો મુદ્રાલેખ બનાવી લીધો.

**'અમૂલ'નાં બીજ**:

એ વખતે ખેડા જિલ્લામાંથી દૂધ ભેગું કરવાનો પરવાનો 'પૉલ્સન ડેરી'એ મેળવ્યો હતો અને ડેરી દ્વારા શોષણ થતું હોવાની ખેડૂતોને રાવ હતી. આ ફરિયાદ સરદાર વલ્લભભાઈ પટેલ સુધી પહોંચી એટલે સરદારે પોતાના પ્રતિનિધિ તરીકે મોરારજી દેસાઈને દોડાવ્યા.

સરદાર પોતે માનતા હતા કે આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે ચરોતરમાં દૂધઉત્પાદકોની એક સહકારી મંડળી સ્થપાવવી જોઈએ. જો આવી કોઈ મંડળી રચાય તો તેના આગેવાન તરીકે ચરોતરની સંસ્કૃતિ અને ભૂગોળથી વાકેફ ત્રિભુવનદાસ પટેલથી વધુ લાયક વ્યક્તિ કોણ હોય? ચોથી જાન્યુઆરીએ ચકલાશી ગામના વટવૃક્ષના છાયે ઐતિહાસિક બેઠક મળી. જેમાં સરદાર પટેલનો સંદેશો વાંચી સંભળાવાયો.

સરદારનો સંદેશ સ્પષ્ટ હતો કે જો આ સહકારી પ્રયાસને સફળ બનાવવો હોય તો મંડળીના બધા જ કાર્યકરો નિઃસ્વાર્થી અને ધગશવાળા હોવા ઘટે.

સરદારના સંદેશાનું અક્ષરશઃ પાલન કરાયું અને બે ઠરાવ પસાર કરાયા.

એક તો એ કે પૉલ્સન ડેરીને કોઈએ દૂધ વેચવું નહીં. દરેક ગામમાં એક દૂધ સહકારી મંડળી સ્થાપવી, જેનું મુખ્ય મથક આણંદમાં રાખવું.

ત્રિભુવનદાસ પટેલ ગામડાંમાં ઘરેઘરે અને ઝૂંપડેઝૂંપડે ફરીને એક ગામમાંથી બીજા ગામમાં પ્રવાસ કરતા અને દૂધ સહકારી સંઘના આશયને સમજાવી લોકોને સહકારી મંડળીમાં જોડાવા સમજાવતા.

આખરે 1946ના અંત ભાગમાં તેમણે પાંચ ગામોની દૂધ સહકારી મંડળી અને 70 આશ્રયદાતાઓની મદદથી 'ખેડા સહકારી સંઘ'ની સ્થાપના કરી.

જેનું 14 ડિસેમ્બર, 1946ના રોજ 'ખેડા જિલ્લા સહકારી દૂધઉત્પાદન સંઘ'ના નામે રજિસ્ટ્રેશન કરાવાયું.

શરૂઆતમાં દિવસનું 200 લિટર દૂધનું ઉત્પાદન કરતો આ સંઘ 1952માં દિવસનું 20 હજાર લિટર દૂધ ઉત્પાદન કરવા લાગ્યો હતો એવું કુરિયને આત્મકથા 'આઈ ટુ હેડ ડ્રીમ'માં લખ્યું છે.**"ત્રિભુવનદાસને તો જુઓ!"**: ખેડાના ખેડૂતોએ 'પૉલ્સન ડેરી'ને દૂધ ના વેચવાનું નક્કી તો કરી લીધું પણ દૂધ વેચવું કોને?

ખેડૂતોના આ પ્રશ્નનો ઉકેલ મોરારજી દેસાઈ પાસે હતો. તેમણે સૂચવ્યું કે ખેડૂતો પોતાનું દૂધ 'બૉમ્બે મિલ્ક સ્કીમ' અંતર્ગત મુંબઈ રાજ્યને વેચી દે. અંગ્રેજ સરકારે આ માગ ફગાવી દીધી અને પરિણામે ખેડૂતો પાસે હડતાળ સિવાય અન્ય કોઈ રસ્તો ના બચ્યો.

વિરોધના ભાગરૂપે ખેડૂતો 15 દિવસ સુધી હડતાળ પર બેઠા. ખેડૂતો દૂધનું છેલ્લું ટીપું પણ ઢોળી નાખતા પણ પૉલ્સનને નહોતા વેચતા. એ વખતનો કિસ્સો ટાંકતા કહે છે, "એ વખતના અંગ્રેજ મિલ્ક કમિશનર અને તેમના ડેપ્યુટી દારા ખુરોડી ખેડા આવ્યા."

ત્રિભુવનદાસ પટેલને જોતા જ ખુરોડીએ મિલ્ક કમિશનરને કહ્યું, 'ખેડૂતોના નેતા ત્રિભુવનદાસ પટેલ સામું તો જુઓ એ ગાંધી ટોપી પહેરે છે. અંગ્રેજી બોલી શકે એમ નથી. દૂધનો વેપાર એ કઈ રીતે કરી શકશે?"

"આ ન્યૂઝીલૅન્ડ કે ડેનમાર્ક નથી. આ ભારત છે. તમને લાગે છે કે આણંદમાં સહકારી મંડળી સફળ થઈ શકે?"

'ગ્લોબલ બ્રાન્ડ' નામના પુસ્તકમાં લેખક નાઇજેલ હૉલિસ લખે છે, 'ભારતની આઝાદી પહેલાં ગુજરાત કો-ઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન' દ્વારા 1946માં જ્યારે પ્રથમ દુકાન શરૂ કરાઈ ત્યારે તેનો ઉદ્દેશ ખેડૂતોને રોજી રળી આપવાનો હતો. આજે અમૂલ અબજો ડૉલરનો ઉદ્યોગ છે. સંભવતઃ લાખો ભારતીયોનું ઘર ચાલે છે."

**'... ત્રિભુવનદાસ પટેલ પ્રત્યે માન થયું**:

ભારત સરકારના કૃષિ મંત્રાલયે કુરિયનને આણંદની જૂની સરકારી ક્રીમરી ખાતે આવેલી ડેરી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં ડેરી ઇજનેર તરીકે મોકલ્યા. પ્રાંરભિક સમયમાં કુરિયનને આણંદ બિલકુલ પસંદ નહોતું આવ્યું. આત્મકથામાં તેઓ જણાવે છે કે તેમના વિદેશ અભ્યાસ માટે ભારત સરકારે પૈસા ખર્ચ્યા હતા અને એટલે ભારત સરકાર ઇચ્છે ત્યાં પાંચ વર્ષ સુધી કામ કરવા તેઓ બંધાયેલા હતા. કુરિયન એ દિવસોમાં સમય મળતા જ મુંબઈ ચાલ્યા જતા અને હોટલ તાજમાં આરામ કરતા. કુરિયનની આત્મકથા અનુસાર, "હતાશ થઈ હું દર મહિને દિલ્હીમાં કૃષિ મંત્રાલયને પત્ર લખતો હતો કે અહીં મારે કરવાનું કંઈ નથી. સરકાર મારા પર નાહકનો ખર્ચ કરે છે, એટલે મને છૂટો કરવામાં આવે."

ત્રિભુવદાસ પટેલ સાથેની પ્રથમ મુલાકાતને યાદ કરતા કુરિયન આત્મકથામાં કહે છે, "મારી નજીક જ ચાલી રહેલી સહકારી પ્રવૃત્તિ અંગે હું કશુંય નહોતો જાણતો પણ એ કઠોર જણાતા ખેડૂતો અને તેમના નેતા ત્રિભુવનદાસ પટેલની નિષ્ઠા પ્રત્યે ચોક્કસથી માન થયું."

**'ત્રિભુવનદાસ પટેલને ના કહેવી મુશ્કેલ'**:

દર મહિને પોતાને મુક્ત કરવા કુરિયન દ્વારા લખાઈ રહેલા પત્રોને આખરે કૃષિ મંત્રાલયે ધ્યાને લીધા અને તેમને આણંદ છોડવા પરવાનગી અપાઈ.

આણંદ છોડવાના કુરિયનના હરખનો પાર ના રહ્યો. કુરિયન આણંદ છોડી રહ્યા હતા પણ આણંદ કુરિયનને છોડવાનું નહોતું. કુરિયન આણંદ છોડે એ પહેલાં જ ત્રિભુવનદાસ પટેલ તેમની પાસે આવ્યા અને જ્યાં સુધી કુરિયનને બીજી નોકરી ના મળે ત્યાં સુધી તેમણે મગાવેલાં મશીનોને કામ કરતાં કરી આપવાની ભલામણ કરી.આ અંગે આત્મકથામાં કુરિયન જણાવે છે, "ત્રિભુવનદાસ પટેલને ના કહેવી મુશ્કેલ હતી. આટલા મહિનાના સંપર્કમાં મને અનુભવાયું હતું કે તેઓ એક અપવાદરૂપ વ્યક્તિ હતી."

"મને તેમની સાથે સાથે કામ કરવામાં ગૌરવ અનુભવાયું અને હું બે મહિના આણંદમાં વધુ રોકાવા તૈયાર થયો."

"પણ એ બે મહિના ત્રિભુવનદાસ અને ખેડા જિલ્લા માટે મારું જીવનભરનું જોડાણ બની રહ્યું." ત્રિભુવનદાન પટેલ અને વર્ગીસ કુરિયનનું આ જોડાણ આજીવન રહ્યું. ત્રિભુવનદાસ પટેલના વડપણ હેઠળ અમૂલે સફળતાના શિખરે પહોંચ્યું. 'કૉમ્યુનિટી લિડરશિપ' બદલ તેમને 1963માં રૅમન મૅગ્સેસે એવૉર્ડ પણ અપાયો અને એ પછીના વર્ષે જ પદ્મ ભૂષણ પણ એનાયત થયો. કુરિયન શ્વેતક્રાંતિના જનક ગણાયા પણ તેમને મળેલા આ સ્થાનનો પાયો ત્રિભુવનદાસ પટેલે નાખ્યો હતો.

# અમૂલને જે દૂધ સામે વાંધો પડ્યો એ 'વીગન મિલ્ક' શું છે?




એક વાર ફરી વીગન આહાર મુદ્દે ભારતમાં ચર્ચા છેડાઈ છે. અને આ વખતે વીગન મિલ્ક (દૂધ) તેના કેન્દ્રમાં છે.

દરમિયાન, તાજેતરમાં ગુજરાત કૉ-ઑપરેટિવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ (GCMMF)ના વાઇસ ચેરમૅન વાલમજી હુંબલે પીપલ ફૉર ધ ઍથિકલ ટ્રીટમેન્ટ ઑફ ઍનિમલ્સ (PETA) ઇન્ડિયાને પ્રતિબંધિત કરી દેવા વડા પ્રધાનને અપીલ કરતો પત્ર લખ્યો હતો.

કેમ કે પેટાએ અમૂલને અપીલ કરી હતી કે તે હવે વીગન મિલ્કને પ્રોત્સાહન આપે જેથી દૂધાળા પશુઓ પર અત્યાચાર ન થાય.

અત્રે નોંધવું કે પ્રાણીઓના અધિકાર અને કલ્યાણ મામલેની કામગીરી માટે PETA(પેટા) સંસ્થા ઘણી જાણીતી છે. તે મૂળ અમેરિકાનું એનજીઓ છે. જે વિશ્વભરમાં પશુઅધિકારો અને કલ્યાણ માટે કામ કરે છે.

પરંતુ અમૂલ ડેરી અને જીસીએમએમએફ સાથે સંકળાયેલા વાલમજી હુંબલે આ રીતે પત્ર લખતા પેટાની સંસ્થા તરફથી નિવેદનમાં કહેવાયું છે કે તે અમૂલની આવી ધમકીથી ડરવાના નથી.

વાત એમ છે કે પેટા સંસ્થાએ મિલ્ક ડેના દિવસ નિમિત્તે વીગન મિલ્કના ઉત્પાદન મામલે કામગીરી કરવા માટે અપીલ કરી હતી. પેટાએ અમૂલને કહ્યું કે વિશ્વભરમાં હવે વીગન આહારનું ચલણ વધી રહ્યું છે અને આ એક સારું બિઝનેસ મૉડલ પણ છે તથા તેનાથી પશુઓને થતી પરેશાની પણ દૂર થશે.

સંસ્થાએ અમૂલને એક પત્ર લખ્યો હતો. જેમાં કહેવાયું હતું કે, "હવે દુનિયામાં લોકો વીગન આહાર તરફ વળી રહ્યા છે. વીગન મિલ્કની વસ્તુઓ ખાઈ રહ્યા છે. અને ડૅન્માર્ક સહિતના દેશોની ડેરી હવે આ બિઝનેસમાં રહેલી તકોને અપનાવી રહી છે."

તેમાં એમ પણ કહેવાયું હતું કે, "યુકેના તરુણો પણ હવે ગાયના દૂધ કરતા વીગન દૂધને વધુ પૌષ્ટિક માને છે. અને ભારતમાં પણ આવું જ થવાનું છે. એટલે માગમાં વધારો થશે. જેથી અમૂલે પણ આ વિશે વિચારવું જોઈએ." જોકે તેમાં એક વાત એમ પણ કહેવામાં આવી છે કે,"વીગન દૂધ અને તેની બનાવટોને પ્રોત્સાહન આપવાથી પશુઓ સામે થતા અત્યાચારમાં ઘટાડો આવશે."

આ પત્ર સામે હુંબલ અને અમૂલના એમ. ડી. આર. એસ. સોઢીએ ખૂબ જ આક્રમક પ્રતિક્રિયાઓ આપી છે.

હુંબલે પેટા પર દુષ્પ્રચારનો આરોપ લગાવી તેને પ્રતિબંધિત કરવા માટે મોદી સરકારને પત્ર લખ્યો છે. તો આર. એસ. સોઢીએ પણ પેટાની ટીકા કરી છે.

અમૂલના મેનેજિંગ ડાયરેક્ટર આર. એસ. સોઢીએ પેટાએ જે વીગન મિલ્કની ભલામણ કરી છે એને એક લૅબોરેટરીમાં બનેલું કૅમિકલ ગણાવ્યું છે.

સોઢીએ અમૂલ તરફથી નિવેદન આપતા કહ્યું, "પેટા સંસ્થા દ્વારા પશુપાલકો વિરુદ્ધ ષડ્યંત્ર રચાઈ રહ્યું છે. દેશના 10 કરોડથી વધુ પશુપાલકોને દૂધ થકી રોજગાર

મળે છે. પેટા વિદેશી કંપનીઓનો હાથો બનીને કામ કરી રહી છે. પેટા વારંવાર આવી હરકત કરીને પશુપાલકો વિરુદ્ધ ખોટી વાતો ફેલાવે છે. વળી પેટા જે દૂધની વાત કરે છે તે પૌષ્ટિક દૂધ નથી, અમૂલ અને દેશના પશુપાલકોનું દૂધ શુદ્ધ અને પૌષ્ટિક છે."

બીજી તરફ વાલમજી હુંબલે પેટાની ટીકા કરતા કહ્યું કે પશુપાલકો સામે દુષ્પ્રચાર થઈ રહ્યો છે. જો દૂધ બંધ થઈ જશે તો પશુપાલકોનું શું થશે? ડેરીઉદ્યોગ પર નભતા લોકોનું શું થશે? આ રોજગારીનો પ્રશ્ન પણ સર્જશે.

વળી તેમણે પશુ સામેના અત્યાચાર બાબતે કહ્યું,"ભારતમાં પશુની પૂજા થાય છે. પશુપાલક તેના પશુને પરિવારના સભ્ય તરીકે રાખે છે અને તેની સંભાળ રાખે છે. ખરેખર પેટા સંસ્થા વિદેશી કંપનીઓનો હાથો બની રહી છે. અને આત્મનિર્ભર માળખાને તોડી પાડવા માગે છે. તેને પ્રતિબંધિત કરી દેવી જોઈએ."

આ સમગ્ર પ્રહાર મામલે પેટા ઇન્ડિયાના સીઈઓ ડૉ. મણિલાલ વલિયાતેએ એક નિવેદનમાં કહ્યું,"અમૂલે પોતાને એક આધિપત્ય ધરાવતી સંસ્થા તરીકે રજૂ કરી છે અને તે પશુઓ મામલે લોકોની ચિંતાઓને વાચા આપવા માટે અસમર્થ છે. તે ગ્રાહકોની જરૂરિયાત અને આદતો બદલાવા છતાં બદલવા માટે તૈયાર નથી. પણ તેની આ બદમાશીના કારણે વીગન આહાર મામલેની વાસ્તવિકતા બદલાવાની નથી."

તેમણે ઉમેર્યું,"ગ્રાહકો વનસ્પતિમાંથી બનેલા દૂધ અને શાકાહારી ભોજનને પસંદ કરી રહ્યા છે. કેમ કે તેઓ જાનવરો સામે થતી ક્રૂરતાનું સમર્થન નથી કરતા. ગાયના વાછરડાને માત્ર એટલા માટે ત્યજી દેવાય છે અથવા મારી નાખવામાં આવે છે કેમ કે તે દૂધ નથી આપી શકતું. લોકો ગ્રીનહાઉસ ગૅસ ઉત્સર્જન મામલે ડેરીની ભૂમિકા મામલે પણ ચિંતિત છે."

જોકે અમૂલ એકમાત્ર સંસ્થા નથી જેને પેટાએ વીગન આહાર મામલે પ્રોત્સાહન માટે અપીલ કરી હોય. પેટાએ મૅકડૉનલ્ડ અને કેએફસી સહિતની ફૂડ ચેઇનને વીગન આહારના વિકલ્પ ગ્રાહકોને આપવા માટે અપીલ કરી હતી.

**શું છે વીગન મિલ્ક?**



વીગન મિલ્ક એ એક વનસ્પતિ આધારિત દૂધ છે. તેને પ્રાણીમાંથી નથી કાઢવામાં આવતું. તે કોઈ છોડ અથવા તો બીજ કે ફળનો રસ હોય છે.

જેમ કે સોયામિલ્ક, બદામનું મિલ્ક, કાજુનું મિલ્ક. તેનો સ્વાદ અને દેખાવ પણ સામાન્ય દૂધ જેવો જ હોય છે. જોકે તેને અલગ રીતે તૈયાર કરવામાં આવે છે.

પરંતુ કેટલાક તેને સિન્થેટિક મિલ્ક ગણે છે. તો વીગન આહાર પસંદ કરનારા તેને શાકાહારી વીગન મિલ્ક તરીકે ગણે છે.

ભારતમાં દૂધની બનાવટમાંથી બનતી વસ્તુઓ સામાન્ય દૂધમાંથી જ બનાવવાનું ચલણ છે. જ્યારે વિદેશમાં વીગન મિલ્કની બનાવટની વસ્તુઓ પણ મળે છે.

તાજેતરમાં ક્રિકટર વિરાટ કોહલીએ પણ વીગન આહાર મામલે પોતાના વિચારો વ્યક્ત કર્યાં હતા.

જોકે અગાઉ ભૂતકાળમાં તેમણે પોતાને વીગન કહ્યા હતા પણ પછી તેઓ ઈંડાં પણ આહારમાં લેતા હોવાનું કબૂલ્યું હતું. જેથી આ મામલે ઘણી ચર્ચા છેડાઈ હતી.

**વીગનનો અર્થ શું થાય અને ગુજરાતીમાં શું કહેવાય?**

આ સાથે જ લોકો શોધી રહ્યા છે કે વીગનનો અર્થ શું થાય કેટલાક લોકો તેના ગુજરાતી અર્થ પણ શોધી રહ્યા છે. ગુજરાતી લેક્સિકન પ્રમાણે વીગનનો અર્થ પ્રમાણે 'પ્રાણીઓ કે પ્રાણીઓની બનતી વાનીઓ અથવા

વાનગીઓને ન ખાનાર' વ્યક્તિને વીગન ગણવામાં આવે છે. જોકે વીગનની વ્યાખ્યા આટલી સીધી નથી, આ અંગે ઘણા પ્રશ્નો છે.



**વીગનિઝમ : શરૂઆત કેવી રીતે થઈ?**

વીગન સોસાયટીની સ્થાપના બ્રિટનમાં ડોનાલ્ડ વૉટ્સને 1944માં કરી હતી, તેમણે 'વીગન' શબ્દનો ઉપયોગ એ 'ડેરીની વસ્તુઓ વગરના શાકાહારીઓ' માટે કર્યો જે ઈંડાં પણ ખાતા નથી. વૉટસન ડેરીઉદ્યોગમાં જાનવરો પર થઈ રહેલા અત્યાચારોથી ખૂબ જ દુખી હતા પણ તેમણે કટ્ટર શાકાહારી જીવનની શરૂઆત ન કરી.

માંસ વગરનું ભોજન પ્રાચીન ભારત અને પૂર્વ ભૂમધ્ય સાગરની સંસ્કૃતિમાં અઢી હજાર વર્ષ પહેલાં પ્રચલિત હતું.

કૉલિન સ્પેન્સરના પુસ્તક 'વેજિટેરિયનિઝ્મ: અ હિસ્ટ્રી' અનુસાર ભારતમાં શાકાહારની પણ પરંપરા રહી છે.

અહીં એ હિંદુ ધર્મના રૂપમાં સ્વીકાર્ય છે અને અપરિહાર્ય (ટાળી ન શકાય એ રીતે) રૂપે આને પવિત્ર ગણાય છે. આને મૃત્યુ બાદ આત્માના એક શરીરમાંથી અન્ય શરીરમાં પ્રવેશની માન્યતા સાથે જોડવામાં આવે છે.

**વીગનિઝમનો ટૂંકો ઇતિહાસ:**



બૌદ્ધ ધર્મ, હિંદુ ધર્મ અને જૈન ધર્મના અનુયાયી પણ શાકાહારની તરફેણ કરે છે, તેમનું માનવું છે કે મનુષ્યોએ અન્ય જાનવરોના દર્દનું કારણ ન બનવું જોઈએ.

ઈ.સ. પૂર્વે 500માં યૂરોપમાં યુનાની દાર્શનિક અને ગણિતજ્ઞ પાઇથાગોરસ તમામ પ્રાણીઓ તરફ પરોપકારના હિમાયતીમાંના એક હતા.તેઓ માનતા હતા કે માંસ ખાવું ખરાબ બાબત છે, એક જીવને મારીને જીવિતને તૃપ્ત કરવાથી એટલે કે અન્ય શરીરને પોતાના શરીરમાં મેળવવાથી માણસમાં લાલચ વધે છે.

હકીકતમાં, શાકાહારી શબ્દ ચલણમાં આવ્યા પહેલાં, જે લોકો માંસ નહોતા ખાતા તેમને 'પાઇથાગોરિયન આહાર' લેનારા કહેવામાં આવતા હતા.

બૌદ્ધ ધર્મ, હિંદુ ધર્મ અને જૈન ધર્મના અનુયાયી પણ શાકાહારની તરફેણ કરે છે, તેમનું માનવું છે કે મનુષ્યોએ અન્ય જાનવરોના દર્દનું કારણ ન બનવું જોઈએ.

ઈ.સ. પૂર્વે 500માં યૂરોપમાં યુનાની દાર્શનિક અને ગણિતજ્ઞ પાઇથાગોરસ તમામ પ્રાણીઓ તરફ પરોપકારના હિમાયતીમાંના એક હતા.તેઓ માનતા હતા કે માંસ ખાવું ખરાબ બાબત છે, એક જીવને મારીને જીવિતને તૃપ્ત કરવાથી એટલે કે અન્ય શરીરને પોતાના શરીરમાં મેળવવાથી માણસમાં લાલચ વધે છે.

હકીકતમાં, શાકાહારી શબ્દ ચલણમાં આવ્યા પહેલાં, જે લોકો માંસ નહોતા ખાતા તેમને 'પાઇથાગોરિયન આહાર' લેનારા કહેવામાં આવતા હતા.

**પર્યાવરણ માટે ખેલાડીઓ વીગન બની રહ્યા છે?**

યૂથ ઑલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓનો વર્કશૉપ લઈ ચૂકેલાં અવનિ કૌલનું એવું પણ માનવું છે કે આજકાલ લોકો એટલા

માટે પણ વીગન થઈ રહ્યા છે કેમકે તેનાથી પર્યાવરણને જરાય નુકસાન નથી થતું.

સંયુક્ત રાષ્ટ્રના ફૂડ ઍન્ડ ઍગ્રિકલ્ચર ઑર્ગેનાઇઝેશનના રિપોર્ટ અનુસાર પર્યાવરણમાં માંસ રાંધવાના કારણે કાર્બન ફુટપ્રિન્ટ વધી રહ્યી છે.આથી વીગન આહારથી આ બાબતમાં સુધારો આવે છે. આનાથી ખેતી અને ખેડૂત બન્નેને ફાયદો થાય છે.ઇન્ડિયન ફેડરેશન ઑફ સ્પોર્ટ્સ મેડિસિનના અધ્યક્ષ ડૉ. પી. એસ. એમ ચંદ્રન અને ન્યૂટ્રિશનિસ્ટ અને મેટાબોલિક બૅલેન્સ કૉચ હર્ષિતા દિલાવરીનું કહેવું છે કે કોઈ પણ ખેલાડીએ વીગન આહાર લેવાનું નક્કી કરવું તેમની વ્યક્તિગત પસંદગી હોય છે. જે લાભ શાકાહારી આહારમાં મળે છે તે વીગન આહારમાં પણ મળી શકે છે. આથી આહારમાં પૌષ્ટિક ભોજન અને સમતોલ આહારને સ્થાન આપવું જોઈએ.

## ગાયના દૂધની માગ ઘટી રહી છે?

ગાયનું દૂધ એક એવો આહાર છે કે જેના પર વૈજ્ઞાનિકો અલગઅલગ મત ધરાવે છે. આ જ કારણે તેના પર વર્ષોથી વિવાદ ચાલ્યો આવે છે.

શું ગાયનું દૂધ માણસના ખોરાકનો હિસ્સો હોવું જોઈએ? તે માણસ માટે કેટલું સ્વાસ્થ્યવર્ધક છે?હજારો વર્ષો પહેલાં ગાયને પાળવાની શરૂઆત થઈ ત્યારથી તેનું દૂધ અને તેમાંથી બનેલી ચીજો આપણા આહારનો હિસ્સો છે.

કેટલાક નિષ્ણાતો માને છે કે 10 હજાર વર્ષોથી આ દૂધ અને તેમાંથી બનતી વસ્તુઓને આપણે આહારમાં સામેલ કરી લીધી છે.જોકે, કેટલાક લોકો ગાયના દૂધને માણસોના સ્વાસ્થ્ય માટે સારું નથી માનતા. આવા લોકો હવે દૂનિયાનું ધ્યાન ખેંચવા લાગ્યા છે.આ જ કારણ છે કે તેની માગમાં સતત ઘટાડો થઈ રહ્યો છે અને એ પણ ઝડપથી. અમેરિકાના કૃષિવિભાગ અનુસાર વર્ષ 1970 બાદ દેશમાં ગાયના દૂધની માગમાં 40 ટકાનો ઘટાડો આવ્યો છે. કેટલાક લોકો એવું પણ માને છે કે આ ઘટાડો દૂધના વિકલ્પોને કારણે થયો છે. જેમ કે, સોયા મિલ્ક અને બદામ મિલ્ક વગેરે.વીગન (શાકાહારી) બનવાના ચલણને કારણે તેની માગ પ્રભાવિત થઈ છે. વીગન એ લોકો હોય છે જે માંસ અને પશુઓ સાથે સંકળાયેલા કોઈ પણ ખાદ્ય પદાર્થોનું સેવન કરતા નથી. એમાં દૂધ અને ઈંડાં સામેલ છે.

આ સિવાય દુનિયાની લગભગ 65 ટકા વસતિમાં લેક્ટોઝ (દૂધમાં મળનારી સુગર)ને પચાવવાની સીમિત ક્ષમતા હોવાને કારણે પણ માગમાં ભારે ઘટાડો થયો છે.

હવે સવાલ એ ઊઠે છે કે દૂધ સ્વાસ્થ્ય માટે લાભદાયક છે કે નહીં. શું તેનાથી શરીર પર પડનારા પ્રભાવથી બચવા માટે તેનો ઉપયોગ રોકવો જોઈએ?

**ગાયના દૂધના ફાયદા શું છે?**

પહેલાં એના પર વાત કરીએ કે દૂધ માણસોના સ્વાસ્થ્ય માટે કેટલું લાભકારક છે. બ્રિટનની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા(એનએચએસ) અનુસાર ગાયનું દૂધ અને તેનાથી બનતી ચીજો, જેવી કે પનીર, દહીં, માખણ વધારે માત્રામાં કૅલ્શિયમ અને પ્રોટીન આપે છે. જે સંતુલિત આહાર માટે જરૂરી છે.

અમેરિકાના ન્યુટ્રિશનિસ્ટ ડોનાલ્ડ હેંસરડ કહે છે કે કૅલ્શિયમ અને પ્રોટીન સિવાય દૂધમાં અનેક પ્રકારનાં વિટામિન હોય છે. દૂધ વિટામિન A અને D માટે ખૂબ સારો સ્રોત છે. તેઓ સમજાવે છે, "તમારે એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે ગાયનું દૂધ પૌષ્ટિક અને સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે પરંતુ તે એટલું આવશ્યક નથી જેટલું તેને વર્ષોથી દર્શાવવામાં આવે છે."

બ્રિટિશ ન્યુટ્રિશન ફાઉન્ડેશન પ્રમાણે, "બાળકો અને મોટા લોકોને જેટલી માત્રામાં આયર્ન, કૅલ્શિયમ, વિટામિન, ઝિંક અને આયોડીનની જરૂરિયાત હોય છે, તે તેમના અન્ય આહારમાંથી પૂરતાં પ્રમાણમાંથી નથી મળી રહેતાં, જે દૂધમાં જોવા મળે છે." ન્યુટ્રિશનિસ્ટ શાર્લોટ સ્ટર્લિંગ-રીડે બીબીસીને જણાવ્યું, "પ્રાકૃતિક દૂધના અન્ય વિકલ્પોની સાથે સમસ્યા એ છે કે તેમાં પોષક તત્ત્વો પ્રાકૃતિક રૂપે નથી હોતાં. આ પોષક તત્ત્વોને કૃત્રિમ રૂપે નાખવામાં આવે છે.""જેનાથી તે કદાચ તમારી અપેક્ષા પ્રમાણે તમને ફાયદો ના પણ પહોંચાડે."

# યે વિગન મિલ્ક કૌનસી બલા કા નામ હૈ?

*- દર્શના વિસરીયા*



જૂન મહિનાનો પહેલો દિવસ એટલે મિલ્ક દિવસ... એ હા, હા, એકદમ બરોબર વાંચ્યું તમે મિલ્ક એટલે એ જ જે આપણે રોજ સવારે ચા-કૉફીમાં વાપરીએ એ જ મિલ્ક. પણ આ વર્ષે મિલ્ક ડેના દિવસે જ વિગન મિલ્કના નામે એક જબરી કોન્ટ્રોવર્સી થઈ ગઈ. એક જાણીતી દૂધની બ્રાન્ડ અને પ્રાણીઓ માટે કામ કરતી ખૂબ જ પ્રચલિત એવી એક એનજીઓ વચ્ચે ફરી એક વખત સોશિયલ મીડિયા પર વિગન પુરાણની શરૂઆત થઈ ગઈ... આઈ નો આઈ નો, આ બબાલ વિશે વાંચીને તમને થશે કે અત્યાર સુધી તો વિવિધ પ્રકારની વાનગીઓ વિશે સાંભળ્યું હતું અને એય પાછી પૂરી સમજાઈ નહોતી તે વળી હવે એમાં વિગન મિલ્કનું વળી શું નવું પ્રકરણ છે? બટ ડોન્ટ વરી એ વિશે જ તો આપણે આજે વાત કરવાના છીએ અને સમજવાનો પ્રયાસ કરીશું કે આ વિગન મિલ્ક અને કાઉ મિલ્ક વચ્ચેનો તફાવત આખરે છે શું અને તેનાથી મૂળ ફેર શું પડશે?

સૌથી પહેલાં તો વાત કરીએ વિગન મિલ્ક પ્રકાર શું છે એની. વિગન મિલ્ક વનસ્પતિ આધારિત મિલ્ક છે અને તેને કોઈ પણ પ્રાણીઓમાંથી દોહવામાં નથી આવતું. મૂળમાં તે કોઈ છોડ, બીજ કે ફળનો રસ હોઈ શકે. ઉદાહરણ આપવાનું થાય તો સોયા મિલ્ક, આલ્મન્ડ મિલ્ક, કાજુ મિલ્ક વગેરે વગેરે... દેખાવમાં આ બધા પ્રકારનાં દૂધ આપણે રોજે ઉપયોગમાં લઈએ છીએ એવા દૂધ જેવાં જ લાગ છે, પણ હા, ટેસ્ટમાં અને તેને તૈયાર કરવાની પદ્ધતિમાં ચોક્કસ જ થોડોક તફાવત છે. જોકે, કેટલાક લોકો આ રીતે તૈયાર કરવામાં આવેલા દૂધને સિન્થેટિક મિલ્ક ગણે છે, તો જે લોકો આ વિગનના કોન્સેપ્ટમાં માને છે તેઓ તેને શાકાહારી વિગન મિલ્ક માને છે. આપણે ત્યાં સામાન્યપણે દૂધની બનાવટમાંથી બનતી વસ્તુઓ દૂધમાંથી જ બનાવવામાં આવે છે,

પણ જો વિદેશની વાત કરીએ તો ત્યાં વિગન મિલ્કમાંથી બનાવાતી વસ્તુઓનું પણ એક આખું અલગ બજાર છે. આપણે ત્યાં પણ ધીરે ધીરે આ કોન્સેપ્ટ અમલમાં આવી રહ્યો છે અને અનેક સેલિબ્રિટીઝ પણ આ કોન્સેપ્ટને સિરિયસલી ફોલો કરવા લાગ્યા છે.

જોકે આ મામલે કેટલાક લોકો એવી દલીલ પણ કરી રહ્યા છે કે આ રીતે વિગન મિલ્કને કારણે તો પશુધન ધરાવનારા માલધારીઓના હાથમાંથી તેમની રોજીરોટી છીનવાઈ જશે, કારણ કે લોકો વિગન બનવાના ચક્કરમાં ગાય-ભેંસનું દૂધ પીવાનું બંધ કરી દેશે, કારણ કે આ દૂધ માટે પ્રાણીઓને તકલીફ આપવામાં આવે છે, પરંતુ તો પછી તમે વિગન બનીને શું પેલા માલધારીને તકલીફ આપવામાં નિમિત્ત નહીં બનો કે એવી એક દલીલ પણ સોશિયલ મીડિયા પર હમણાં ચાલી રહી છે. ખેર, આ તો કહ્યુંને કે વિગન અને વિગનિઝમ એવો વિષય છે કે તેની ચર્ચા કે તેની દલીલનો કોઈ અંત જ નથી. આપણે પણ આ વિશે વાત કરવા બેસીશું તો કલાકોના કલાકો વહી જાશે અને પાનાંનાં પાનાં ભરાઈને લેખો લખાતા રહેશે, પણ તેનું કોઈ નક્કર પરિણામ નહીં જોવા મળે.

વિગન મિલ્ક શું છે અને તે કઈ રીતે તૈયાર કરવામાં આવે છે એ જાણી લીધા બાદ હવે આગળ વધીએ અને વાત કરીએ

વિગન શબ્દનો મૂળ અર્થ શું થાય છે અને આપણી માતૃભાષા ગુજરાતીમાં તેના માટે ચોક્કસ કઈ વ્યાખ્યા છે. ડિક્શનરીમાં વિગન શબ્દનો અર્થ એવો આપવામાં આવ્યો છે કે પ્રાણીઓ કે પ્રાણીઓનો ઉપયોગ કરીને બનતી વાનગી કે પછી વાનગીઓના ખાનાર... આવી વ્યક્તિને વિગન માનવામાં આવે છે. જોકે, આ તો સદાકાળ ચાલનારો વિવાદ છે અને વિગનની વ્યાખ્યા કે પછી તેનો કોઈ ચોક્કસ અર્થ તારવવાનું ખરેખર મુશ્કેલ છે અને દર થોડાક સમયે તેમાં કંઈક ને કંઈક નવો ફણગો ફૂટતો જ રહે છે.

વિગન મિલ્ક શું છે, વિગનની ચોક્કસ વ્યાખ્યા શું છે એ બધું તો જાણી લીધું, પરંતુ આખરે આ એક આખા નવા કોન્સેપ્ટની શરૂઆત ક્યાંથી અને કેવી રીતે થઈ એ પણ જાણવાની તાલાવેલી તો થઈ જ હશેને તમને? તમતમારે ચિંતા ન કરો, આજે આપણે બધી વિગતે વાત કરવા બેઠા જ છીએને, તો એ વિશે પણ વાત કરી જ લઈએ.

વિગનિઝમની શરૂઆતનાં મૂળિયાં શોધવાનો પ્રયાસ કર્યો તો તેનાં મૂળિયાં છેક નીકળ્યાં ૧૯૪૪માં. બ્રિટનમાં ડોનાલ્ડ વોટ્સને વિગન સોસાયટીની સ્થાપના કરી અને તેમણે વિગન શબ્દનો ઉપયોગ 'ડેરી પ્રોડક્ટનું સેવન નહીં કરનારી શાકાહારી વ્યક્તિ કે જે ઈંડાં પણ ખાતી નથી' એમના માટે કર્યો હતો. આ તો થઈ વાત વિગન કલ્ચર ક્યાંથી આવ્યું એની.

હવે વાત કરીએ આવું થયું તેના કારણ વિશે. વોટ્સન પણ અન્ય પ્રાણીપ્રેમીઓની જેમ જ ડેરી ઉદ્યોગમાં જનાવરો પર થઈ રહેલા અત્યાચારોથી ખૂબ જ દુઃખી હતા, પરંતુ તેમણે કટ્ટર શાકાહારી જીવનની શરૂઆત ન કરી, માંસ વિનાનું ભોજન પ્રાચીન ભારત અને પૂર્વ ભૂમધ્ય સાગરની સંસ્કૃતિમાં અઢી હજાર વર્ષ પહેલાં પ્રચલિત હતું અને કોલિન સ્પેન્સરના પુસ્તક 'વેજિટેરિયનિઝમઃ અ હિસ્ટ્રી'માં પણ ભારતની શાકાહારની પરંપરાનો ઉલ્લેખ જોવા મળે છે. જે રીતે આપણે ભારતના શાકાહારની વાત કરી એ જ રીતે આગળ વધીએ અને વિગનિઝમનો પણ ઈતિહાસ ટૂંકમાં જાણી જ લઈએ.

બૌદ્ધ ધર્મ, હિંદુ ધર્મ અને જૈન ધર્મના અનુયાયી પણ શાકાહારની તરફેણ કરે છે. તેમનું માનવું છે કે મનુષ્યોએ અન્ય જાનવરોના દર્દનું કારણ ન બનવું જોઈએ.

ઈ. સ. પૂર્વે ૫૦૦માં યુરોપમાં યુનાની દાર્શનિક અને ગણિતજ્ઞ પાઇથાગોરસ તમામ પ્રાણીઓ તરફ પરોપકારના હિમાયતીમાંના એક હતા. તેઓ એવું માનતા હતા કે માંસ ખાવું એ એક ખરાબ બાબત છે અને એક જીવને મારીને બીજા જીવની તૃપ્તિ કરવાથી એટલે કે કોઈ અન્યના શરીરને આહારરૂપે પોતાના શરીરમાં સમાવી લેવાને કારણે માણસમાં લાલચની ભાવના આવે છે. એટલું જ નહીં પણ જે સમયે શાકાહારી શબ્દ ચલણમાં પણ નહોતો આવ્યો એ સમયે માંસાહાર ન કરનાર લોકોને 'પાઈથાગોરિયન આહાર' લેનારા તરીકે ઓળખવામાં આવતા હતા.


અગાઉ કહ્યું એમ હવે વધુ ને વધુ લોકો આ વિગનિઝમને અપનાવી રહ્યા છે અને સેલિબ્રિટીઝની સાથે સાથે ખેલાડીઓ પણ આ રસ્તે આગળ વધી રહ્યા છે. યુથ ઑલિમ્પિક્સમાં ભારતીય ખેલાડીઓની વર્કશોપ લેનારાં અવનિ કૌલનું એવું માનવું છે કે આજકાલ લોકો એટલા માટે પણ વિગન થઈ રહ્યા છે, કેમ કે તેનાથી પર્યાવરણને જરાય નુકસાન નથી થતું. આટલી લાંબી ચર્ચામાં આ વળી સાવ નવો જ ફણગો ફૂટ્યો. બાપુ કે વિગનિઝમને કારણે પર્યાવરણને નુકસાન નથી પહોંચતું. સંયુક્ત રાષ્ટ્રના ફૂડ ઍન્ડ ઍગ્રિકલ્ચર ઑર્ગેનાઇઝેશનના રિપોર્ટ અનુસાર પર્યાવરણમાં માંસ રાંધવાના કારણે કાર્બન ફૂટપ્રિન્ટ વધી રહી છે. આથી વિગન આહારથી આ બાબતમાં સુધારો આવે છે. આનાથી ખેતી અને ખેડૂત બંનેને ફાયદો થાય છે.

જોકે, આ મામલે નિષ્ણાતોનું એવું માનવું છે કે કોઈ પણ ખેલાડીએ વિગન આહાર લેવાનું નક્કી કરવું તેમની વ્યક્તિગત પસંદગી હોય છે. એટલું જ નહીં પણ જે લાભ શાકાહારી આહારમાં મળે છે તે વિગન આહારમાં પણ મળી શકે છે. આથી આહારમાં પૌષ્ટિક ભોજન અને સમતોલ આહારને સ્થાન આપવું જોઈએ. આઈ એમ શ્યોર કે વિગન વિશે આટલું વાંચી-વિચારીને હવે તમે પણ તમારી રીતે ઈન્ટરનેટ પર આ મામલે થોડા વધારે ખાંખાંખોળા કરશો જ અને તેમાં વધારે કોઈ નવાં ઍંગલ્સ કે શક્યતાઓ છે કે નહીં એ તપાસશો જ, આ મુદ્દે નવી કોઈ ચર્ચાને અવકાશ છે કે નહીં એ પણ વિચારશો જ...

પણ આ બધામાં એક સવાલ તો છે જ કે વિગન મિલ્કને આપણે જીવનમાં અપનાવી તો લઈએ પણ પેલા પશુપાલકોનું શું કે જેઓ તેમનાં આ દુધાળાં જનાવરો પર જ આશરો રાખીને જીવતા હોય છે.

*નાસાના પર્સિવિયરન્સ રોવરે મંગળ ગ્રહ પર ઊતર્યાના 100 દિવસ પૂર્ણ કરી લીધા છે. આ રોવર હાલ મંગળ પર જીવનના અંશો શોધી રહ્યું છે. રોવર લાલ ગ્રહની જમીન કેવી છે અને ત્યાંનું વાતાવરણ કેવા પ્રકારનું છે તેની તપાસ કરી રહ્યું છે.*

# *નાસાના પર્સિવિયરન્સ રોવરે લીધેલી તસવીરો જોઈ કહેશો મંગળ પર તો મહાલવા જેવું છે*



*1.8 કિલોગ્રામ વજનના હેલિકૉપ્ટરને મંગળના પાતળાં વાતાવરણમાં ઉડી શકવાની ટેક્નૉલૉજીની તાકતનું પ્રદર્શન કરશે. એપ્રિલ 5, 2021એ Mastcam-Z દ્વારા લેવામાં આવેલી તસવીરમાં નાસાનું ઇન્જેન્યુટી માર્સ હેલિકૉપ્ટર.*

નાસાના પર્સિવિયરન્સ રોવરે મંગળ ગ્રહ પર ઊતર્યાના 100 દિવસ પૂર્ણ કરી લીધા છે. આ રોવર હાલ મંગળ પર જીવનના અંશો શોધી રહ્યું છે. રોવર લાલ ગ્રહની જમીન કેવી છે અને ત્યાંનું વાતાવરણ કેવા પ્રકારનું છે તેની તપાસ કરી રહ્યું છે.


મંગળ પર 18 ફેબ્રુઆરીએ ઉતર્યા પછી તેણે મંગળ ગ્રહની અનેક શાનદાર તસવીર લીધી છે. તે જ્યાં ઊતર્યું છે તે જજેરો ક્રેટર છે. જેજેરો ક્રેટર લાલ ગ્રહના વિષુવવૃતની ઉત્તરે 49 કિલોમીટરના વ્યાપક વિસ્તારમાં ફેલાયેલો ખાડો છે. રોવરની સાથે એક હેલિકૉપ્ટર મોકલવામાં આવ્યું. ઇન્જેન્યુનિટી નામના હેલિકૉપ્ટરે બીજા ગ્રહ પર પાવર્ડ કંટ્રોલ ઉડાન ભરીને ઇતિહાસ રચ્યો છે. આ ઉપરાંત તેણે લીધેલી તસવીરો પણ મોકલી છે. પર્સિવિયરન્સ રોવરને હાલ એક વર્ષના સંશોધન માટે તૈયાર કરાયું છે. મંગળનું એક વર્ષ પૃથ્વીના 687 દિવસ બરાબર છે



*એપ્રિલ 19, 2021એ ઇન્જેન્યુનિટી હેલિકૉપ્ટરે પાવર્ડ અને કંટ્રોલ ઉડાન ભરીને ઇતિહાસ રચ્યો હતો. આ તસવીરની મધ્યમાં જોઈ શકાય છે, તે જમીનની સપાટીથી 3 મીટર ઉપર ગયું હતું અને થોડીક સેકંડ માટે હવામાં રહ્યું હતું.*



*એપ્રિલ 22, 2021ના રોજ ઇન્જેન્યુનિટી હેલિકૉપ્ટરે બીજી ઉડાનમાં પહેલી વખત રંગીન તસવીર ખેંચી હતી. આ ડ્રોન જેવું હેલિકૉપ્ટર આકાશમાં પાંચ મીટર ઊંચાઈએ ગયું, અને બે મીટર જેટલું અંતર કાપ્યું. ત્યારબાદ જ્યાંથી ઊડ્યું હતું ત્યાં પરત ફર્યું. પર્સિવિયરન્સનો ટ્રેક અને ઇન્જેન્યુનિટીનો પડછાયો આ તસવીરમાં જોઈ શકાય છે.*




આ તસવીરમાં સાન્ટાક્રુઝ હિલ જોવા મળે છે. જે રોવરથી 2.5 કિલોમીટરના અંતરે છે. આ તસવીર મંગળના જેજેરો ક્રેટરની છે. ક્રેટરનો કિનારો આગળની ક્ષિતિજ લાઇન પર જોઈ શકાય છે. એપ્રિલ 29, 2021એ Mastcam-Zએ આ તસવીર લીધી હતી.




આ તસવીર ડાબા **Mastcam-Z** કૅમેરામાંથી લેવામાં આવી છે અને પબ્લિક વોટ દ્વારા તેની પસંદગી રોવર મિશનના છઠ્ઠા અઠવાડિયાની "ઇમેજ ઑફ ધ વીક"તરીકે કરવામાં આવી છે.



રોવરમાં અનેક પ્રકારના કૅમેરા લગાવવામાં આવ્યા છે. આ તસવીર પર્સિવિયરન્સની 'જમણી આંખ' દ્વારા લેવામાં આવી છે. આ તસવીરે પર્સિવિયરન્સના **Mastcam-Z** કૅમેરાની જોડી માણસ જેવું જોઈ શકે તેવી તસવીર ખેંચે છે.



પર્સિવિયરન્સમાં એક લેઝર પણ મૂકવામાં આવેલું છે. જેને મંગળના ભૂસ્તરની વિગતોને એકઠી કરવા માટે બનાવવામાં આવ્યું છે. તપાસ દરમિયાન 15 સેન્ટિમીટરના પત્થર પર કાણાનાં નિશાન છોડ્યા છે. માર્ચ **28, 2021**એ પર્સિવિયરન્સે ડાબી બાજુના **Mastcam-Z** કૅમેરામાંથી આ પત્થરની તસવીર લીધી હતી.



ઇન્જેન્યુનિટીએ પોતાની ત્રીજી ઉડાનમાં પર્સિવિયરન્સની તસવીર ખેંચી હતી. તે સમયે આ નાનકડું હેલિકૉપ્ટર રોવરથી **5** મીટરની ઊંચાઈએ ગયું હતું અને તેણે **85** મીટર સુધી તેણે ઉડાન ભરી હતી.

# કોઇની ઉપરથી એકાએક છાપરું જ ઉડી જાય તો ?

**રજનીકુમાર પંડ્યા.**



કોઇ એક વ્યક્તિ પોતાની પાકટ વયે અવસાન પામે છે ત્યારે આપણે એના કૌટુમ્બિક સંજોગોની વાત કરીએ છીએ કે એના જવાથી એના પરિવારની સ્થિતી શી થઇ હશે ? વિશેષ  તો એ પરિવારની આર્થિક હાલતની. આપણી એ મર્યાદા હોય છે કે એના રક્તસંબંધના સગાવહાલા સિવાય આપણને બીજા કોઇ પર એમની વિદાયથી શી વીતી હશે એની જાણ હોતી નથી, એવી જાણ હોવાની-લેવાની કોઇ જરૂર પણ લાગતી નથી. શા માટે લાગે ?

પણ મારે એવી જ એક ખાસ વાત આ વિરાટ પ્લેટફોર્મ પરથી,હોંકારાની અપેક્ષાએ  કરવાની છે.

મારી ઇંડો-અમેરિકન  નવલકથા 'પુષ્પદાહ' ના અસલી કેંદ્રપુરુષ **ઇશ્વર પટેલ** 22 વર્ષેથી અમદાવાદ રહેતા હતા. જે 87 વર્ષની વયે 21-5-21-ના રોજ કોરોનાથી અવસાન પામ્યા

ઇશ્વરભાઇ છેલ્લા બાવીસ વર્ષથી અમદાવાદ આવી ગયા હતા, જ્યારે એમનાં સંતાનો અમેરિકામા યથાસ્થાને છે. પત્ની શાંતાબહેન થોડા વર્ષ પહેલા અવસાન પામ્યાં હતાં. ઇશ્વરભાઇને અમેરિકાથી મળતા પેન્શનની સ્થીર અને નિયમિત આવક  હતી. એમને કોઇ વ્યસન કે  કોઇ ફિઝુલ ખર્ચ નહોતો. બે નોકર ચાકરો પર એમનું દૈનિક જીવન ચાલતું હતું. મુખ્ય વાત હવે આવે છે કે તેમની વિદાયથી તેમના રક્તસંબધના પરિવાર પર સ્વાભાવિક આઘાત અને શોક સિવાય બીજો કોઇ ફટકો નથી. એ બધા જ સ્વનિર્ભર છે.

પણ મારે વાત એ કરવાની છે એ કે એમની વિદાયથી એમને ઘેર રહીને ભણતી અને યુપીએસસી ની પરીક્ષાની તૈયારી કરતી 26 વર્ષની એક જન્મથી  જ અંધ કન્યા ઉપરથી આખું છાપરું જ ઉડી ગયું છે. એ રાતોરાત બેઆશરા અને નિઃસહાય થઇ ગઇ છે.  ઇશ્વરભાઇના ફ્લેટને હવે તાળું લાગી ગયું છે.

એનું નામ **હિના ગિરીશભાઇ રાઠી** છે. એના પિતાની પાલનપુરમાં ચાની સામાન્ય કીટલી છે. એક નાનો ભાઇ છે.જે નોર્મલ છે પણ એક નાની બહેન છે  જે પણ જન્માંધ છે.  હિનાને આ ઇશ્વરભાઇ છેલ્લા કેટલાક વર્ષોથી એક પૌત્રીને સગા દાદા સાચવે તેમ સાચવતા હતા. મારા જેવો મિત્ર મારા અમેરિકાવાસી એક મિત્ર પરેશ ગાંધી પાસેથી બ્રેઇલ લીપીના પુસ્તકો વગેરેની મદદ ક્યારેક મેળવી આપતો હતો.  પણ એ તો એકાદ-બે વાર જ. બાકી એનો તમામ બોજ ઇશ્વર પટેલ જ ઉઠાવતા  હતા.

હિના એમને ત્યાં રહીને એક અંધ પૌત્રી દાદાની થાય તેટલી સેવા કરતી હતી. અને યુપીએસસી પાસ કરીને તરત ઉચ્ચ સરકારી ઓફીસર બનવાનું સપનું સેવતી હતી. હાલમાં જીપીએસસી ની પ્રીલિમીનરી પરીક્ષામાં પાસ પણ થઇ ગઇ. હવે આ જુલાઇમાં એની બીજી પરીક્ષા અને માર્ચ 22 માં યુપીએસસીની ફાઇનલ પરીક્ષા.

બસ. આ બધુ ચાલતું હતું અને એમાં આ  એકાએક એની ઉપરથી આ છત્ર ઉડી ગયું. હવે ?

અમેરિકાવાસી  સગાંઓ સ્વાભાવિક જ આ બોજ ઉઠાવવા તત્પર ન જ હોય. . કારણ કે એમને આ વાત સાથે કોઇ

નિસબત શા માટે હોય ? હીનાની ફેબ્રુઆરી કે માર્ચ 2022 માં યુ પી એસ સી ની પરીક્ષા આવશે . એ બોર્ડ એને રીડરની સગવડ તો આપશે પણ ત્યાં સુધીનો દસ મહિનાનો સમય અને એનો લેડીઝ પેઇંગ ગેસ્ટ હોસ્ટલમાં રહેવા-જમવા નો અને અન્ય પરચુરણ ખર્ચ એ કયાંથી કાઢશે? હિનાનો મારા પર ફોન આવે છે ત્યારે એનો ચિત્કાર હું સાંભળી ન શકું તેટલી હદે તીવ્ર હોય છે.


કોઇ માસિક રૂ 12,000 જેટલો ખર્ચ માત્ર આવતા માર્ચ સુધી ભોગવવા તૈયાર હોય તો............અથવા ભેગા મળીને અથવા આંશિક ધોરણે.....શક્ય હોય તેટલું...

હું વધુ લખતો નથી. થોડા વર્ષ પહેલા મારી પાસે મારી અખબારી કોલમનું પ્લેટફોર્મ હતું ત્યારે આવા અનેક અનેક અનેક કામો મેં કલમ દ્વારા પાર પાડ્યાં છે.

જોઉં, હવે આ સોશ્યલ ( ગણાતા) મીડીયા નો આ હિના માટે કેવોક રીસ્પોંસ મળે છે. સહાનુભુતી તો સમજી શકાય પણ કોરી સલાહો કે ઉપદેશો આવવાને બદલે કશુંક નક્કર નિપજી આવે એવી અપેક્ષા રાખું છું.

એની બેંક ડીટેલ્સ મારી પાસે છે.

**મારો સંપર્ક-**



**રજનીકુમાર પંડ્યા.,**

બી-૩ /જી એફ-૧૧, આકાંક્ષા ફ્લેટ્સ,

જયમાલા ચોક, મણિનગર-ઇસનપુર રોડ,

અમદાવાદ-૩૮૦૦૫૦

મો.95580 62711 ( વ્હૉટ્સએપ)

લેન્ડલાઇન-079-25323711/

ઇ મેલ-rajnikumarp@gmail.com

*****

## *કિશોરોને તેમની વાત વિસ્તૃત રીતે રજૂ કરવા દો, કોઈ કામ સાથે જોડાવા પ્રેરિત કરો, તેનાથી મનોવૈજ્ઞાનિક રિકવરી ઝડપી થશે*

ખરેખર દુનિયાભરમાં કિશોર એટલા થાકેલા ક્યારેય નથી દેખાયા. ભલે ઓનલાઈન ક્લાસ હોય, પરીક્ષા રદ થઈ હોય કે પછી મિત્રોથી અંતર હોય, તે નિરાશ અને ડિપ્રેશનમાં છે. એક્સપર્ટ્સ કહે છે કે હવે સંક્રમણના કેસ ઘટી રહ્યાં છે. એવામાં આવનાર સમય તેમના માટે રિકવરીનો દોર હશે.

મનોવૈજ્ઞાનિક સંબલ આપનારા તત્વોનું નિર્માણ મહદઅંશે શારીરિક સ્નાયુઓ સમાન છે. એટલા માટે કિશોરોને સમય આપવો પડશે. તેમના માટે મહામારી મોટા નુકસાન જેવી છે. તે રમત-ગમતનો સમય, દાદી-નાની સાથે રજાઓ અને બર્થ-ડે પાર્ટી યાદ કરે છે. અમુકના મિત્રો પાછળ છૂટી ગયા, અનેકે પ્રિયજનોને ગુમાવ્યાં. આવનારા દિવસોમાં પણ આ દુ:ખ જીવનનો હિસ્સો હશે. તેમને આગળ વધવા પ્રેરિત કરો. જેથી જે કંઈ બાકી છે તેને ખુશીથી ગળે ભેટી લો. તેમને તેમની વાત વિસ્તૃત રીતે રજૂ કરવાની તક આપો. તેમને કોઈ કામ સાથે જોડાવા કહો જેથી તે મગજ ક્યાંક બીજે લગાવી શકે અને બહારી દુનિયા સાથે ફરીવાર જોડાઈ શકે. કિશોરોને નક્કી કરવા દે કે આવનાર સમય તેમણે કેવી રીતે પસાર કરવો છે. તમારી ઈચ્છાઓ ન લાદશો.

જો તે નવી ભાષા શીખવા માગે છે કે ઉપન્યાસ લખવાની ઈચ્છા છે તો તેમના રસ્તામાં અવરોધ ના બનશો. જો તે અભ્યાસમાં થયેલા નુકસાનની ભરપાઈ કરવા માગે છે તો તેમની મદદ કરો. તેમનામાં એ વાતને લઈને અપરાધબોધ છે તો તેનાથી બહાર આવવામાં મદદ કરો. નિષ્ણાતો કહે છે કે આવી વિચારસરણી ખોટી છે.

જો કિશોરોના મનમાં અપરાધબોધની ભાવના છે તો તે આગળ વધવામાં પરેશાની મહેસૂસ કરશે. તેમના નિર્ણયમાં સાથ આપો, તેમને ઓછા ન આંકશો.

# કોરોનાની બે લેહરો : ભારતની કરુણ—દારુણ દુર્દશા

**રમેશ ગાનાકર**

કોઈપણ દેશના વડા—રાજા, પ્રમુખ, વડા પ્રધાન કે તાનાશાહ—તરીકે દેશના ઈતિહાસના ભારનું વહન કરે છે. દેશના વહીવટની ભૂમિકા ભજવતાં જો તે દૃષ્ટિસંપન્ન ના હોય તો દેશના નાગરિકોને જોખમમાં પણ મૂકે છે. માટે ઉચિતરૂપે કહેવાયું છેઃ 'Where there is no vision, the people perish.' અર્થાત્ દૃષ્ટિહીન વ્યક્તિ પ્રજાના વિનાશના કારણરૂપ બને છે. તેથી ઊલટું, દૃષ્ટિસંપન્ન વ્યક્તિ રાષ્ટ્રને ઊંચાઈ પર પ્રસ્થાપિત કરે છે. આ સંદર્ભે કોરાના વાયરસની બે લહેરો દરમિયાન ભારતમાં સર્જાયેલી ભયાનક, કરુણ—દારુણ સ્થિતિ ને દુર્દશાનો અછડતો નિર્દેશ કરવાનું મુનાસીબ માન્યું છે.

૧.

વિશ્વ આજે ભયંકર કટોકટીનો સામનો કરી રહ્યું છે, તેમાં ભારત પણ બાકાત નથી. વિશ્વભરમાં કોરોના વાયરસે હાહાકાર મચાવી દીધો છે. તેના જીવલેણ ભરડામાંથી ઊગરવા માટે ઇટલી ને સ્વીડન જેવા દેશોએ 'લોકડાઉન'નું સૌ પ્રથમ પગલું ભર્યું હતું. તેના પગલે ભારતે લોકડાઉન ૧થી ૪નાં વણવિચાર્યાં પગલાં લીધાં. ત્યારે ૧૩૫ કરોડની બહુસંખ્ય વસતી ધરાવતા સમગ્ર ભારતમાં કોરોના વાયરસ સંક્રમિત સાતસો—આઠમો જેટલા નગણ્ય કિસ્સાઓ નોંધાયા હતા.

ભારતે લોકડાઉનના ૧થી ૪ના અખત્યાર કરેલા આંધળૂકિયા માર્ગની કાળી બાજુઓ પણ છે. ભારત તેના ક્ષેત્રફળનો વિચાર કરતાં, અનેક જાતિ—થરના વિવિધ ધર્મો, ભાષા-વાણી ને રહનસહન(ખોરાક-આવાસો) ધરાવતા લોકોથી ઊભરાતો દેશ છે. અહીં ધનના ઢગલામાં આળોટનારાથી માંડીને પેટ પૂરતા એક ટંક અનાજના સાંસાવાળા લોકોનું પ્રમાણ ઘણું મોટું છે. ઉત્તર પ્રદેશ, બિહાર ને પશ્ચિમ બંગાળના બેરોજગારોનાં લોકટોળાં જે દિલ્હી, પંજાબ—મહારાષ્ટ્ર-મધ્યપ્રદેશ-રાજસ્થાનમાં રોજીરોટી માટે સ્થળાંતરિત થયાં હતાં તે માદરેવતન જવા માટે હજારો માઇલ દૂર પગપાળા માથે બોરિયા-બિસ્તરા ને કાખમાં છેકરાં લઈને, ધોમધખતી ગરમીમાં રેલ-રોડ માર્ગે ચાલી નીકળ્યાં. લોકડાઉન(૧થી૪)ને કારણે તેઓ ઘરવિહોણા ને રોજીરોટી વિના ભૂખે મરવાની અણી પર આવ્યા હતા.

આ પ્રવાસી મજદૂરોની કરુણ-દારુણ દશાનાં ચિત્રો સંચાર માધ્યમોએ પ્રદર્શિત કર્યાં. તે યાત્રામાર્ગે જતાં અનેક પ્રવાસી મજદૂરોનાં કરુણ મોત પણ નીપજ્યાં હતાં. તેમણે પેટ પકડીને, કાળી ને તનતોડ મજૂરી કરીને શહેરોની ચમક ઊપસાવી હતી તેઓ તુચ્છ બની રહ્યા. રેલવેની પોકળતા ને સરકારી તંત્રની ઘોર ઉપેક્ષા ને નાકામીનાં વરવાં દૃશ્યો જોવા મળ્યાં હતાં. સરકારે 9થી 24મી મે સુધી ચલાવેલી, રૂપેરી નામધારી, 'શ્રમિક સ્પેશ્યલ ટ્રેન'માં 85 પ્રવાસી મજદૂરોનાં મોત નીપજ્યાં. રેલ-રોડના પગપાળા પ્રવાસી મજદૂરોનાં પોલીસદમન, અકસ્માતો ને ભૂખતરસથી કરુણ મોતનાં હ્દયવિદારક દૃશ્યો જોવા મળ્યાં. લોકડાઉનના અવિચારી પગલાંને કારણે 12 કરોડથી વધુ લોકો બેરોજગાર બન્યા. લઘુ વેપારીઓ પાયમાલ થયા. નાનામોટા કામધંધાવાળા—શાકભાજી કે અન્ય ચીજવસ્તુઓની રેંકડી કે ફેરીવાળા, રોજમદારો—સુથાર, કડિયા, દરજી, મોચી, ધોબી વગેરે જે દેશના વિકાસચક્રને ઠીકઠીક ઘૂમાવતા હતા તે બધા બેહાલ બન્યા. કોરોના વાયરસની પ્રથમ લહેરથી ભારતની વિષમ, કઠિન કે દારુણ સ્થિતિને ભારત કેવી રીતે પહોંચી વળશે, તે મોટો યક્ષપ્રશ્ન છે.

૨.

ભારતમાં કોરોના વાયરસની માર્ચ—એપ્રિલ, 2021ની બીજી લહેર ભયંકર વાવાઝોડાની પેઠે ત્રાટકી. કોરોનાની માર્ચ—એપ્રિલ, 2020ની પ્રથમ લહેર વખતે ભારત

અમેરિકા ને બ્રાઝિલ પછી ત્રીજા ક્રમે હતું. આપણે તેની ભયાનકતા સામે ઠીકઠીક ટક્કર પણ લીધી હતી. તો ભારતે કોરોના ઉપર વિજય સ્થાપિત કર્યો હોય તેવી ગર્જનાઓ કરવા માંડી. આપણી મનોવૃત્તિ પરાપૂર્વથી શાહમૃગીય કોટિની રહી છે. કારણ કે, આપણે પરંપરાનુસારી રહ્યા હોવાથી સર્વદા ગાફેલ રહ્યા છીએ. તેનાં અનેક ઉદાહરણો ઈતિહાસમાં ભર્યાં પડ્યાં છે. મહારાજા પૃથ્વીરાજ ચૌહાણ, મહારાણા પ્રતાપ, શિવાજી મહારાજની ગાફેલિયત નજર સમક્ષ છે. આપણે ક્યારે સમજીશું કે ઇતિહાસ પુનરાવર્તિત થતો નથી, પરંતુ ઈતિહાસ ભાવિ પેઢી માટે કશોક બોધ ત્યજીને જાય છે.

કોરોના વાયરસની પ્રથમ લહેરમાંથી ભારત પસાર થઈ રહ્યું હતું ત્યારે દુનિયાભરના વૈજ્ઞાનિકો ને નિષ્ણાત દાક્તરોએ ભારતમાં વાયરસની બીજી લહેરની ભયાનકતાની ચેતવણી ઉચ્ચારી હતી. પરંતુ આપણી ગાફેલનીતિ, વિશ્વગુરુ બનવાનાં રંગીન સોહામણાં કલ્પનાતીત સ્વપ્નો નિહાળવાની મનોવૃત્તિને કારણે આપણને ક્યારેય કઠોર વાસ્તવિકતા દૃષ્ટિગોચર થતી નથી. આપણે અજેય છીએ તેવી માનસિકતા આપણને અધોગતિના માર્ગ પ્રતિ ખેંચી જાય છે તેવી સૂઝબૂઝ કેળવી શકતા નથી. ભારત વાયરસની બીજી લહેરમાં ત્રીજા ક્રમેથી પ્રથમ ક્રમે છે.

આ વાતના ટેકારૂપે કેટલાંક ઉદાહરણો જોઈએ. ગુજરાતમાં ૧૯૮૫માં માધવસિંહ સોલંકીના મુખ્યમંત્રી તરીકેના ત્યાગપત્ર પછી અમરસિંહ ચૌધરી મુખ્યમંત્રી બન્યા. ત્યારે ૧૯૮૬માં ગુજરાત ખાતે ભયંકર દુષ્કાળના ઓળા પથરાયા. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીઓનો સમય પાકી ચૂક્યો હતો. ગુજરાત સરકારનું સમગ્ર વહીવટી તંત્ર સૌરાષ્ટ્ર—કચ્છની દુષ્કાળની સ્થિતિને પહોંચી વળવા માટે પૂરજોશથી કામે લાગ્યું હતું. આવી વિકટ સ્થિતિમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત ને નગર નિગમો સ્તરની ચૂંટણીઓ એક વર્ષપર્યંત મોકૂફ રાખવામાં આવી હતી. તે ચૂંટણીઓ ૧૯૮૬ને બદલે ૧૯૮૭માં યોજાઈ હતી. તેને પરિણામે બધી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો કાર્યકાળ એક વર્ષ પૂરતો લંબાવી દેવામાં આવ્યો હતો. તે સમયમર્યાદાના વધારાથી ગુજરાતનું શાસન કે બંધારણ તૂટી પડ્યું નહોતું.

ભારતમાં વર્તમાન કાળે કોરોના વાયરસની બીજી પ્રખર લહેર ચાલી રહી હતી ત્યારે ગુજરાત ને ઉત્તર પ્રદેશની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓ રદબાતલ કરી હોત તો ડહાપણ ને શાણપણભર્યું લેખાત. તથા પશ્ચિમ બંગાળ, આસામ, તાલિમનાડુ, કેરલ ને કેન્દ્રશાસિત પાંડૂચેરી—આ પાંચ રાજ્યોની ચૂટણીઓ રાષ્ટ્રપતિના હુકમથી મુલતવી રાખી હોત તો આજે કોરોના વાયરાસની બીજી લહેરના કાળા કેરમાંથી ભારત ઘણે અંશે ઊગરી ગયું હોત તે બાબતે લવલેશ શંકા નથી. તેમાંય બંગાળ જેવા રાજ્યની, સમગ્ર દેશમાં લોકસભા ને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે કરીને, દેશને માથેથી ચૂંટણીનું અબજો રૂપિયાનું ખર્ચભારણ ઓછું કરવાની વ્યર્થ બૂમરાણ મચાવતી સરકાર, માત્ર બે-ત્રણ તબક્કામાં કરીને કૌવત દેખાડી શકી હોત. તેને બદલે પશ્ચિમ બંગાળની આઠ ચરણોમાં ચૂંટણી કરીને, છેલ્લા છસાત મહિનાથી ચૂંટણી પ્રચારનાં વાવાઝોડાંમાં કોરોના વાયરસની સાવચેતીનાં પગલાંનો છડેચોક ભંગ કરતી લાખોની જનમેદનીએ બંગાળનો દાટ વાળ્યો. કોરોના વાયરસનું પ્રથમ લહેરમાં ભયાનક સ્વરૂપ છતું થયું નહોતું. ત્યારે પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, ભૂતાન જેવા ૯૩ દેશોને સાડા છ કરોડ રસીઓ વેચી. અર્થાત્ એક રસીથી દસ વ્યક્તિને રસી મૂકાય છે, તે હિસાબે ૬૫ કરોડને એક ડોઝ રસી મળે તેટલો જથ્થો થયો. હવે બીજી લહેરે જટિલ સ્થિતિ પેદા કરી છે ત્યારે આપણી પાસે રસીનો પૂરતો જથ્થો નથી. આપણી જનસંખ્યાને આધારે રસીનો પુરવઠો રાખ્યો હોત તો આવી ગંભીર સમસ્યાઓ પેદા ન થઈ હોત. ભારતના લોકોની દર્દનાક દશાને નિહાળીને કેટલાય દેશોએ મદદ

માટે પોતાનો હાથ લંબાવ્યો. તો ભારતીય પ્રજા વણસમજે સોસિયલ મીડિયા પર વડા પ્રધાનની સફળ વિદેશનીતિનાં ગુણગાન કરવા મંડી પડી. ખરી મુસીબત નવી પેઢી ભૂતકાલીન ઘટનાઓથી વાકેફ નથી. વડાં પ્રધાન ઇંદિરા ગાંધી હતાં ત્યારે આંધ્ર પ્રદેશમાં ભયંકર દરિયાઈ તોફાન ત્રાટક્યું હતું. આંધ્ર પ્રદેશને ફરીથી બેઠું કરવાનું કઠિન થયું હતું. તે વેળા દુનિયાભરનાં માલવાહક હવાઈ જહાજો જીવન જરૂરિયાતની સામગ્રીસહિત ભારતમાં આવીને ઊભાં હતાં. વિશ્વના કોઈ ખૂણે માનવજાતિ સંહારગ્રસ્ત હોય છે ત્યારે માનવતાના ધોરણે દુનિયા ખડે પગે તૈયાર રહે છે. આજે વિશ્વભરની મદદ એ વિદેશનીતિનું પરિણામ નથી. નવી પેઢી સમજેઃ Fame is the food that dead man had ate. અર્થાત્ કીર્તિ એ મૃત માનવીએ ખાધેલો ખોરાક છે.

આજે રસી ઉપરાંત માનવજીવન માટે પ્રાણવાયુની આવશ્યકતા છે. આ વાયરસ માનવીનાં ફેફસાંને બરબાદ કરી મૂકતાં હોવાથી હોસ્પિટલોમાં દર્દીઓના જીવનરક્ષક તરીકે પ્રાણવાયુની જરૂર પડે છે. બહુસંખ્ય વસતી મર્યાદિત દવાખાનાં, તેની અપૂરતી વ્યવસ્થા, કંગાલિયત દશા ને સમગ્ર આરોગ્ય સંભાળનું ખોડંગાતું તંત્ર—આ બધી દશા-અવદશાને અનુલક્ષીને એક વર્ષના ગાળામાં દેશના સમગ્ર વહીવટી ને આર્થિક તંત્રને કામે લગાડીને તંત્રસુધારણા કરી શકાઈ હોત, પરંતુ સરકારનું મંત્રીમંડળ બંગાળની ચૂંટણીઓ પાછળ પડ્યું હતું. જેનાં દુષ્પરિણામો આજે ભારતીયો ભોગવી રહ્યા છે.

કોરોના વાયરસનો ખોફ શહેરો ઉપરાંત ગ્રામ્ય સ્તરે એટલી હદે વિસ્તર્યો છે કે લોકો પ્રાણવાયુના બાટલા માટે તરફડે છે ને દવાખાનામાં જ નહીં રસ્તા પર મોતને ભેટે છે. સમગ્ર સરકારી તંત્ર ખેરવાઈ ગયું છે. સરકાર તદ્દન નિષ્ફળ પુરવાર થઈ

છે. પ્રાણવાયુ માટે સુપ્રીમ કોર્ટે દખલગીરી કરીને, નેશનલ ટાસ્ક ફોર્સનું ગઠન કરીને, સરકારને ગાલે તમાચો ઝાપટ્યો છે. હવે અંતરિયાળ ગામડાંઓમાં વાયરસે પગપેસારો કર્યો છે. પ્રતિદિન સ્થિતિ કાબૂ બહાર જઈ રહી છે. બીજી લહેરમાં લોકોની દવાખાનામાં ઉપચારની લાચારી, દવાઓ ને પ્રાણવાયુની હાલાકી તથા અસંખ્ય લોકોનાં મોત—આ બધી દુર્દશા પાકિસ્તાન કે બાંગ્લા દેશમાંય જોવા મળતી નથી. આમ, વિશ્વના કશાય ક્રમ વિનાના દેશોથી પણ નીચે પગથિયે ઊતર્યા છીએ. આ કોટિના કપરાકાળમાં સમર્થ, કુશળ, દૃષ્ટિવંત નેતા આગોતરાં પગલાં ભરીને પ્રજાને જોખમમાંથી ઊગારી લે છે. આખરે અંતિમ જવાબદારી રાષ્ટ્રના વડાને શિરે રહેતી હોય છે. તેને બદલે દોષનો ટોપલો વિપક્ષોને માથે મૂકવાની સરકારની કુશળતા દાદ માગી લે છે!!!

૩.

કોરોના વાયરસની ત્રીજી લહેરના ભણકારા વાગી રહ્યા છે. નિષ્ણાતોના સૂચન મુજબ ઑક્ટોબર, ૨૦૨૧ સુધી આશરે દસેક લાખ ભારતીય નાગરિકોનાં મોત થશે. ભારતે હવે દેશના તમામ નાગરિકોને વાયરસની રસી મૂકી દેવી જોઈએ. વર્તમાન કાળે આજ સુધી ૧૭ કરોડ લોકોને રસી મૂકવામાં આવી છે. ભારતની કુલ વસતી આશરે ૧૩૫ કરોડની છે, તો આ પ્રમાણ કેટલું નગણ્ય ગણી શકાય. ૬૫ વર્ષથી ઉપરના વયસ્કોને રસી પૂરી રીતે અપાઈ શકી નથી ને ૧૮થી ૪૫ની વય વચ્ચેના લોકોને રસી મૂકવાનો કાર્યક્રમ શરૂ કર્યો છે. તો ઘણાં રાજ્યોએ રસીના અપૂરતા પુરવઠાની બૂમરાણ મચાવી છે. ભારત સરકારે પહેલાં રસીના પૂરતા પુરવઠાનું આયોજન કર્યા બાદ રસીના કાર્યક્રમનો પ્રારંભ કરવો રહ્યો. અદ્ધરતાલ, અપક્વ યોજનાના અમલીકરણથી વાયરસના પ્રકોપની ત્રીજી લહેરથી નાગરિકોની લાશો શેરીઓમાં રઝળતી જોવા મળશે.

ભારતના લખનૌની સ્મશાનભૂમિમાં ભડકે બળતી લાશોનાં વરવાં ચિત્રો અમેરિકાના પ્રતિષ્ઠિત અખબાર ન્યૂ યોર્ક ટાઇમ્સના પહેલા પેજ ઉપર મોટા મથાળા હેઠળ પ્રદર્શિત થયાં હતાં. તો ભારતીય સમાજમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. તેનો પ્રતિસાદ ભારતમાં

ધૂણી ઊઠ્યો કે વિદેશીઓ ભારતને બદનામ કરવાનાં કાવતરાં કરે છે. ગંગા—યમુના નદીમાં તરતાં શબો કેવાંક બિહામણાં છે તેનો ખ્યાલ છે ખરો? તેના કારણરૂપે આપણી સદૈવ દોષ પ્રતિ અવગણના કરવાની દૃષ્ટિને ગણાવી શકાય. તેથી જ આપણે વિધવા સ્ત્રીઓની કરુણ-કઠિન જિંદગી ઉપર 'ગંગાસ્વરૂપ'નો રેશમી પરદો બહુ સરળતાથી લટકાવી દઈએ છીએ. નીચલા થરના લોકોને 'હરિજન' કહીએ છીએ.

સરકાર લોકોના મોતના આંકડા છુપાવે છે, તે હકીકતને નકારી શકાય નહીં. વૈશ્વિક સ્તરે મોભાદાર છાપાંમાં તેની વિગતસભર માહિતી પ્રકાશિત થતી રહે છે. લંડનથી પ્રકાશિત ગાર્ડિયન, શિકાગોના ટ્રિબ્યુન અખબારે તો કેનેડાનાં મોટાભાગનાં છાપાંએ ભારત સરકારની નિષ્ફળતાને ઊજાગર કરી છે. લંડનથી પ્રકાશિત The Lancets તથા અમેરિકાના Times સામયિકમાં કોરોનાની ત્રીજી લહેરથી ખતરનાક સ્થિતિ ભારતમાં પેદા થશે તેવાં અનુમાન, શંકા કે દેહશત વ્યક્ત કર્યાં છે. તેથી ઊલટું, આપણે દોષદર્શન કરવાને બદલે અજ્ઞાતપણે દોષવૃદ્ધિમાં રાચતા રહીએ છીએ.


આપણે યથોચિત કે કારગત પગલાં લેવામાં ઊણા ઊતર્યા છીએ. દક્ષિણ કોરિયાએ પ્રથમ લહેરની સ્થિતિ વખતે ફૂટપાથો પર ટેલીફોન જેવાં બૂથો ઊભાં કરીને પસાર થતી પ્રત્યેક વ્યક્તિની ટેસ્ટિંગ કીટ દ્વારા તપાસ શરૂ કરી. ઉપરાંત ઘેરઘેર ફરીને દરેક જણની તબીબી તપાસ કરી, વાયરસ સંક્રમિત લોકોને અલગ તારવી લીધા. ચીની સરકારે બુહાન શહેરની સજ્જડ નાકાબંધી કરી દીધી. તાકીદે ૨૦,૦૦૦ દર્દીઓની સારવાર થઈ શકે તેવી પથારીવાળી હોસ્પિટલ ઊભી કરીને તાત્કાલિક સારવાર શરૂ કરી. ભારતે ચીનના લોકડાઉનના પગલાને બદલે દક્ષિણ કોરિયાનું તબીબી તપાસ કરવાના પગલાનું અનુસરણ કરવું જોઈતું હતું. તો ન્યૂઝીલેન્ડે સામાજીક સંપર્કનો અભિગમ અપનાવીને કોરોનાનો ફેલાવો અટકાવી દેવામાં સફળતા મેળવી હતી. ભારતમાં દરેક ગામડાંઓમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, મેલેરિયા વિભાગ, સરકારી ને ખાનગી દવાખાનાં વગેરેના કર્મચારીઓ, કરોડો ભાજપી ચૂંટણી કાર્યકરો ને રાષ્ટ્રવાદીનાં લેબલો ચીપકાવીને ઘૂમતા નબીરાઓ વગેરેને કામે લગાડીને તથા પીએમના ફંડમાં પ્રજાએ ઉદાર હાથે ઠાલવેલો જબરો મોટો ફાળો—આ બધી શક્તિઓને ખપે લગાડીને, તમામ લોકોની તબીબી તપાસ આદરીને, વાયરસથી સંક્રમિતોને અલગ તારવી દેવા જોઈતા હતા. સરકારી અનાજનાં ગોદામોમાં સડતા અનાજનું યોગ્ય વિતરણ, પ્રત્યેક ગરીબો—શ્રમિકોના પેટનો ખાડો પૂરવા માટે, ભ્રષ્ટાચાર વિનાનો કડક વહીવટ કરવાની તાતી જરૂર હતી.

પ્રથમ તબક્કામાં સંક્રમિત વાયરસથી મોત નીપજ્યાં તેને યુરોપ—અમેરિકાના આંકડા સાથે સરખાવીને ખોટી વાહવાહ મેળવવામાં સરકાર રાચતી હતી. બીજી લહેરમાં ચૂંટણીઓ ઉપરાંત કુંભમેળો, પર્વોત્સવો વગેરે પ્રાચીન પરંપરાને નામે થતા મેળાવડા પણ તેટલા જ જવાબદાર હતા. પ્રાચીન ખ્યાલોની પુષ્ટિ કરતી સરકારે ગોમૂત્રનો છંટકાવ, થાળીઓ વગાડવી ને દીવા પ્રગટાવવા જેવાં ક્ષણિક ઉન્માદ કે ખોટું આશ્વાસન આપનારાં અવૈજ્ઞાનિક પગલાં ભર્યાં ને કારગત યથોચિત ઉપાયો કરવામાં ઊણા ઉતર્યા હતા. હવે વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને, પૌરાણિક પરંપરાઓનો ત્યાગ કરીને, જીવન ઘડતર કરવું રહ્યું. નહીં તો ત્રીજી લહેર સુનિશ્ચિતપણે દાટ વાળી દેશે. આત્મવડાઈ ને ખોટાં બણગાં ફૂંક્યા વિના આપણી મર્યાદાઓ, ન્યૂનતાઓ ને ઊણપોનો ઢાંકપીછોડો કર્યા વિના, બે લહેરોમાં થયેલી ભૂલોને પડકારરૂપ સમજીને, ત્રીજી લહેરની ભીષણતાને, વધુ માનવસંહારને ટાળવા કટિબદ્ધ થવાની તાતી જરૂર છે.

યાદ રાખોઃ સત્ય એ હળાહળ ઝેર જેવું, સત્યનું ઉચ્ચારણ કરનારને ભરખી જતું, તે ક્યારેય સપાટ નથી હોતું. સત્યબૂટ પહેરીને ઊભું થાય ત્યાં સુધી જૂઠ આખા વિશ્વનું ચક્કર લગાવી દે છે.

# કલ્પસર : પરિયોજના ક્યારેય સાકાર થશે કે માત્ર પરીકથા જ બની રહેશે?

*જયદીપ વસંત*બીબીસી ગુજરાતી*



*કલ્પસર ડૅમનું કલ્પનાચિત્ર*

ગુજરાત સરકાર દ્વારા મહત્ત્વકાંક્ષી કલ્પસર યોજનામાં પ્રગતિની સમીક્ષા કરવા માટે કમિટીની નિમણૂક કરી છે, જે આ આ અંગેનો ડિટેઇલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાની કામગીરીની સમીક્ષા કરશે.

મુખ્ય મંત્રી વિજય રૂપાણી આ સમિતિના અધ્યક્ષ હશે અને આ રિપોર્ટ તૈયાર કરવામાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઑશન ટેકનૉલૉજી તથા નેશનલ સેન્ટર ફૉર કૉસ્ટલ રિસર્ચ મદદ કરશે.

1980ના દાયકાથી આ પ્રોજેક્ટનો વિચાર વહેતો થયો હતો. આ દિશામાં 25 જેટલા સરવે થઈ ચુક્યા છે તથા વધુ 10 જેટલા સરવે અલગ-અલગ તબક્કામાં છે.

નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્ય મંત્રી હતા, ત્યારે આ પ્રોજેક્ટ ઉપર જોરશોરથી ચર્ચા થઈ હતી.

સરકારના મતે કલ્પસર યોજનાના ભાગરૂપ એવા ભાડભૂત બૅરેજનું કામ ચાલુ થઈ ગયું છે. તેને વર્તમાન વડા પ્રધાનનો 'ફૅવરિટ પ્રોજેક્ટ' માનવામાં આવે છે, પરંતુ શું તે શક્ય છે?

**કલ્પસર પરિયોજના**:

ગુજરાતની સાબમરમતી, મહી અને ઢાઢર સહિતની મહત્ત્વપૂર્ણ નદીઓ ખંભાતના અખાતમાં જઈને ભળે છે. પરંતુ તેમના માર્ગનો આકાર ગળણી જેવો છે, આ પ્રવાહ જેમ-જેમ દરિયા તરફ આગળ વધે તેમ-તેમ-તેનું મુખ વધારે પહોળું થતું જાય.

પ્રોજેક્ટની વિભાવના પ્રમાણે, જ્યાં પાણીનો પ્રવાહ સાંકડો છે, ત્યાં ડૅમ બાંધીને નદીઓના પાણીને દરિયામાં વહી જતું અટકાવવું. અગાઉ 64 કિલોમીટર લાંબો ડૅમ બાંધવાની યોજના હતી, જેને ઘટાડીને હવે 30 કિલોમીટર કરી દેવામાં આવ્યો છે.

છતાં તેનો વિસ્તાર બે હજાર વર્ગ કિલોમીટર હશે અને તે દરિયાઈ વિસ્તારમાં વિશ્વનું સૌથી મોટું તાજા પાણીનું સરોવર હશે, જે રાજકોટ કરતાં સાતગણો અને અમદાવાદ કરતાં અઢીગણો મોટો વિસ્તાર હશે. તેની જળસંગ્રહક્ષમતા સરદાર સરોવર યોજના કરતાં લગભગ બમણી હશે.

આ ડૅમ 100 મીટર પહોળો હશે, જેની ઉપરથી 10 લેન રોડનું નિર્માણ કરવામાં આવશે, જેમાં આઠ લેન વપરાશ

માટે લેવામાં આવશે, જ્યારે બે લેનને અનામત રાખવામાં આવશે.

આ રોડ ભાવનગર અને ભરૂચને જોડશે, જેના કારણે ભાવનગર તથા સુરત અને મુંબઈના અંતરમાં લગભગ 130 કિલોમીટરનો ઘટાડો થશે. અગાઉના વર્ષોનાં આંકડાના આધારે સૅન્ટ્રલ ડિઝાઇન ઑર્ગેનાઇઝેશન (ગાંધીનગર) તથા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ હાઇડ્રૉલૉજી (રુડકી)ના અનુમાન પ્રમાણે, સરોવરમાં મહીનું ત્રણ હજાર 150 એમસીએમ (મિલિયન ક્યૂબિક મીટર) પાણી ઠલવાશે, કુલ ક્ષમતાના 40.56%સાથે તે સૌથી વધુ હશે. આ સિવાય ડાયવર્ઝન કૅનાલ મારફત નર્મદાનું પાણી ઠલાવશે. જે બે હજાર 230 એમસીએમ (28.71%) હશે. સાબરમતી (586 એમસીએમ, 7.50%), ઢાઢર (518 એમસીએમ, 6.67%), સરોવર પર (881 એમસીએમ 11.33%) પાણી ઠલવાશે. આ સિવાય સૌરાષ્ટ્રની લીમડી-ભગવો, વઢવાણ-ભગવો, સુખભાદર, વાગડ, કાળુભાર, રંઘોળા, ઘેલો, ઉતાવળી, કેરી અને માલેશ્રી જેવી નદીઓનું પાણી પણ તેમાં ઠલવાશે. જે કુલ 402 એમસીએમ (5.17%) હોવાનું અનુમાન છે.

યોજનાની સંભાવના પ્રમાણે, કલ્પસર પરિયોજનાથી સૌથી વધુ લાભ સૌરાષ્ટ્રના જામનગર જિલ્લાને થશે, તેની ચાર લાખ 50 હજાર હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળશે. જ્યારે જૂનાગઢના (ત્રણ લાખ 45 હજાર), રાજકોટ (એક લાખ 42 હજાર), અમરેલી (42 હજાર) હેક્ટરને લાભ મળશે. આ પરિયોજનાથી સૌરાષ્ટ્રના પોરબંદર, સુરેન્દ્રનગર, બોટાદ, મોરબી, દેવભૂમિ દ્વારકા અને ગીરસોમનાથ જિલ્લાને કોઈ લાભ નહીં થાય.

જોકે, સુરેન્દ્રનગર (બે લાખ 27 હજાર), બોટાદ (56 હજાર) અને મોરબી (93 હજાર) હેક્ટરમાં સરદાર સરોવર પરિયોજનાનો લાભ મળી રહ્યો છે. ભાવનગર જિલ્લાને સરદાર સરોવર (48 હજાર) તથા કલ્પસર (64 હજાર) એમ બંને યોજનાનો લાભ મળશે એવું અનુમાન છે. સિંચાઈ માટે પાંચ હજાર 600 એમસીએમ અનામત રાખવામાં આવ્યું છે. 800 એમસીએમ પાણી ઘરેલુ વપરાશ તથા 470 એમસીએમ ઔદ્યોગિક વપરાશ માટે વપરાશે, એવું અનુમાન છે. આ પાણીથી ગુજરાતના લગભગ એક કરોડ લોકોને લાભ થશે.

પ્રોજેક્ટની સાથે સોલાર (એક હજાર મેગાવૉટ) તથા પવનઊર્જાની મદદથી એક હજાર 470 મેગાવૉટ ઊર્જાનું ઉત્પાદન થશે. જેમાંથી 850 મેગાવૉટનો ઉપયોગ પાણીના પરિવહન માટેના ઉપયોગમાં લેવાનાર પમ્પિંગ વ્યવસ્થા માટે થશે.

અગાઉ ભરતી-ઓટની ઊર્જા મારફત વીજળી ઉત્પાદિત કરવાની પરિયોજના વિચારવામાં આવી હતી, જેને બાદમાં પડતી મૂકવામાં આવી.

આ પ્રોજેક્ટને કારણે ભાવનગર પૉર્ટને ફરી જીવંત બનશે, જ્યારે દહેજ પૉર્ટ સરોવરની પરિઘથી બહાર હોઈ, તેને કોઈ અસર નહીં થાય. આ સિવાય સરોવરના વિસ્તારમાં નવું બંદર વિકસાવવામાં આવશે, જે માલની હેરફેર માટે ઉપયોગમાં લેવાશે.

આ યોજના પાછળ એક અનુમાન પ્રમાણે, રૂપિયા 90 હજાર કરોડનો ખર્ચ થાય એમ છે અને તેનું અંદાજિત આયુષ્ય ત્રણસો વર્ષ જેટલું હશે. મંજૂરીઓ બાદ નિર્માણકાર્યમાં આઠ વર્ષ લાગશે.

**ભાડભૂતમાં કામ શરૂ, પણ...**

આંતરરાષ્ટ્રીય સરવે એજન્સીઓ ઉપરાંત રાષ્ટ્રીય તથા રાજ્યકક્ષાની બે ડઝનથી વધુ પર્યાવરણીય અને ઍન્જિનિયરિંગ સંસ્થાઓ અલગ-અલગ પ્રકારના સરવે તથા અભ્યાસની કામગીરીમાં લાગેલી છે.

ગુજરાત સરકારના જળસંચયવિભાગના એક અધિકારીના કહેવા પ્રમાણે, "છેલ્લાં પાંચેક વર્ષ દરમિયાન કલ્પસર યોજનાના સરવેની કામગીરીમાં ગતિ આવી છે. અત્યારસુધી લગભગ ત્રણસો કરોડનો ખર્ચ થયો હશે, પરંતુ હજુ તે બધું કાગળિયા ઉપર જ છે. ભાડભૂતનું કામ ચાલુ થયું છે, પરંતુ તેને સ્વતંત્ર પ્રોજેક્ટ જ ગણવો રહ્યો."

સરદાર સરોવર ડૅમની નીચાણવાળા વિસ્તારમાં ભાડભૂત ખાતે એક કિલોમીટર 600 મીટર લાંબા બૅરેજનું નિર્માણકાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જેમાં 599 મિલિયન ક્યૂબિક મીટર પાણીનો સંગ્રહ થશે. જેનો વપરાશ ભરૂચ તાલુકા ઉપરાંત ભરૂચ અને અંકલેશ્વરના ઔદ્યોગિક માટે વપરાશે.

આ બૅરેજને કારણે દહેજ તથા હજીરા (સુરત)ની વચ્ચેના અંતરમાં 18 કિલોમીટરનો ઘટાડો કરશે. આને કારણે આસપાસના વિસ્તારોમાં જળસ્તર પણ ઊંચું આવશે. વડોદરાની ગુજરાત ઍન્જિનિયરિંગ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ભાડભૂત બૅરેજનું મોડલ તૈયાર કરવામાં આવ્યું છે.

દિલીપ બિલ્ડકોન તથા હિંદુસ્તાન કંસ્ટ્રક્શન કંપનીને અંદાજે રૂ. 4200 કરોડના ખર્ચે આ નિર્માણકાર્ય સોંપવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ, બૅરેજ ઉપર 100 જેટલા ગેટ બેસાડવામાં આવશે.

સાઉથ એશિયા નેટવર્ક ઑન ડૅમ્સ, રિવર્સ ઍન્ડ પીપલના હીમાંશુ ઠક્કર માને છે, "ભાડભૂત બૅરેજ ઉપર કામ શરૂ થયું છે, જેનો મુખ્ય હેતુ નર્મદાની ખારાશ આગળ ન વધે તે માટેનો છે.

આ પ્રોજેક્ટ સામે ભરૂચના માછીમારોમાં પણ આક્રોશ છે. આ મુદ્દે ગુજરાતમાં નરેન્દ્ર મોદીને (2017માં) કાળા વાવટા દેખાડવામાં આવ્યા હતા. ગુજરાતમાં આ જ્વલ્લે જ બનતી ઘટના છે."

કલ્પસરને કારણે આજુબાજુના સાત લાખ હેક્ટર વિસ્તારના જમીનના પાણીની ગુણવત્તા સુધરશે, એવો દાવો કરવામાં આવી રહ્યો છે.

આ સિવાય પર્યાવરણીય અને સામાજિક સમીક્ષા દરમિયાન કેટલાં ગામોને અસર થશે તથા માછીમારોની રોજીરોટીને કેવી રીતે બચાવી શકાય કે અન્ય કોઈ રીતે વાળી શકાય તેના વિશે વિચારણા હાથ ધરવામાં આવશે, કારણ કે મીઠાપાણીની હિલસા માછલીને પકડવાની પૅટર્ન ઉપર તેની અસર થઈ શકે છે.

**પરિયોજના કે 'પરી'કથા?**




ઠક્કરના કહેવા પ્રમાણે, "રાજનેતાઓને આવા જંગી અને ખર્ચાળ પ્રોજેક્ટ ગમે છે અને એક લોબી આ પ્રકારના પ્રોજેક્ટને આગળ પણ વધારતી હોય છે અને પ્રમોટ કરતી હોય છે."

"આ પ્રોજેક્ટને આજે મંજૂરી મળી જાય તો પણ તેને સાકાર થતાં 20 વર્ષનો સમય લાગી જશે અને ત્યાં સુધીમાં કદાચ નરેન્દ્ર મોદી કે વિજય રૂપાણી રાજકીય પરિદૃશ્યમાં પણ નહીં હોય. આથી, રાજકીય જવાબદારી નક્કી નહીં થઈ શકે."


"ટ્રાઇબ્યૂનલના અનુમાન કરતાં ઓછું પાણી નર્મદામાંથી આવી રહ્યું છે. ગુજરાતના ભાગે આવતાં પાણી કરતાં વધુ વપરાય રહ્યું છે. 'સુજલામ્ સુફલામ્' અને સૌની (સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઇરિગ્રેશન) દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે, ડૅમ ભરવામાં આવી રહ્યા છે. આ સિવાય શહેરોને પીવાનું પાણી આપવામાં આવી રહ્યું છે અને શહેરો તથા ઉદ્યોગોને પણ પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે."

"વિશ્વમાં ક્યાંય આ પ્રકારના પ્રોજેક્ટે આકાર નથી લીધો અને જ્યાં ક્યાંય પ્રયોગ થયા છે, તે નાના પાયા પર છે. આ પ્રોજેક્ટ કેટલા અંશે શક્ય છે, તેનો વ્યવહારુ અભ્યાસ નથી થયો. આને માટે જમીનની ખારાશ દૂર થવી જોઈએ તથા હાલમાં જે ખારાશ છે તે કેટલા સમય પછી દૂર થશે, તે અંગે પૂરતો અભ્યાસ નથી થયો."

"જળવાયુ પરિવર્તનને કારણે અરબ સાગરમાં આગામી સમયમાં વધુ સંખ્યામાં વાવાઝોડાં ઉદ્ભવશે એવી આશંકા

વ્યક્ત કરવામાં આવી રહી છે. મૅનગ્રૂવ્ઝને કાઢી નખાશે, જે દરિયાકિનારાને વધુ નુકસાન કરશે."

ઠક્કર માને છે કે સરકાર પોતે જ આ પ્રોજેક્ટ ઉપર કામગીરી હાથ નહીં ધરે.



નરેન્દ્ર મોદીની સરકારમાં જળસંશાધન અને કલ્પસર બાબતોના મંત્રી જય નારાયણ વ્યાસે ફેસબૂક ઉપર ચર્ચા વેળાએ આ પ્રોજેક્ટ ઉપર સવાલ ઉઠાવતા લખ્યું કે 'વર્તમાન સ્વરૂપમાં તે શરૂ ન થઈ શકે તેવો પ્રોજેક્ટ છે.'

'તેમાં (પાણીની) ક્વૉલિટી અને ક્વૉન્ટિટીનો સવાલ ઊભો થાય છે. નર્મદાના મુખમાંથી દરિયો 100 કિલોમીટર અંદર સુધી પ્રવેશી જાય છે. આને કારણે જે ખારાશ આગળ વધે છે.'

'સાબરમતી આજે નર્મદાના પાણીથી વહે છે. તેમાં સિવેજ તથા પ્રદૂષિત પાણી છોડવામાં આવે છે. કલ્પસરની કલ્પના કરવામાં આવી ત્યારે આ પરિસ્થિતિ નહીં હોય.'

'સરકાર પાસે હયાત જળસંશાધનોને ચલાવવા માટે પણ પૈસા નથી. સિંચાઈખાતું તેના બજેટના માંડ 15 ટકા રકમ કૅનાલોની જાળવણી માટે ખર્ચે છે. જેમાંથી 10થી 12 ટકા રકમ વહીવટીખર્ચ પાછળ ખર્ચાઈ જાય છે. જેના કારણે કેનાલો દક્ષતાપૂર્વક કામ કરી નથી શકતી.'

એ ચર્ચા દરમિયાન વ્યાસે લખ્યું, 'લોકશાહીમાં આપણે સૌ પહેલાં નાગરિક છીએ અને પછી બીજેપી કે કૉંગ્રેસના કાર્યકર છીએ.'

વ્યાસ આઈઆઈટી (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનૉલૉજી) મુંબઈમાંથી સિવિલ ઍન્જિનિયરિંગમાં અનુસ્નાતક છે.



# શબ્દના મલકમાં: આધુનિક સાહિત્યના અગ્રણી સર્જક :

# સુરેશ હ. જોશી

મણિલાલ હ. પટેલ



થોડા દિવસ પહેલાં તા. 30-5-2021ના રોજ, આપણા આધુનિક સાહિત્યના અગ્રણી સર્જક તથા બહુશ્રુત વિદ્વાન વિવેચક સુરેશ હ. જોશીની જન્મશતાબ્દીનું વર્ષ પૂરું થયું. 1945થી 1986: ચાર દાયકાના વિશાળ પટ પર સુજોએ નિબંધ, વાર્તા, લઘુનવલ, કવિતા, વિવેચન, સંપાદન અને અનુવાદ દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવામાં કોઈ કચાશ છોડી નથી. માનવમૂલ્યોનાં જતન માટે સાહિત્ય સર્જનની એમણે આજીવન ઉપાસના કરી. એમના સમગ્ર સાહિત્યને સમાવતા ઓગણીસ ગ્રંથો, ગુજરાત સાહિત્ય અકાદમીએ, શિરીષ પંચાલના સંપાદનમાં પ્રકાશિત કર્યા છે. સર્જનની ગુણવત્તા અને મૂલ્યબોધ માટે સુજો સમર્પિત હતા. સુજોની કેટલીક વિલક્ષણતાઓ તપાસતાં આપણને એમના 'સર્જક-વિશેષો'નો પરિચય થશે. સુજોને સમજવા માટે પણ આ જરૂરી છે.  પોતાનો પ્રથમ કાવ્યસંચય 'ઉપજાતિ' એમણે રદ કરેલો. પોતાના સર્જન માટે પણ નિર્મમ થવાનુંં સાહસ એમનામાં હતું.  ગુજરાતી કથાવાર્તા વધુ પડતી ઘટનાઆશ્રિત થઈ ગઈ છે- એટલે એમાં કૌવત નથી એમ માનનાર સુજોએ 'નવલકથાનો નાભિશ્વાસ' ચાલે છે એવી ચેતવણીથી સૌને ચોંકાવેલા.  વાર્તા-નવલકથામાં વસ્તુનું નિગરણ, કથાપ્રસંગનું તિરોધાન થવું જોઈએ. વસ્તુનું ઉત્તમ રૂપાંતર જ સર્જન બને.  કૃતિ રૂપરચના પામે, વસ્તુવિધાન આકાર પામે એ જરૂરી છે.  માત્ર કથાકથનથી નહીં, રૂપાંતરણની પ્રક્રિયાથી કૃતિ નીવડે છે.  વિજ્ઞાન આગળ વધ્યું. શહેરીકરણ વિસ્તર્યું. જીવનમૂલ્યો ઘસાતાં ગયાં. માણસ સંકુચિત થતો ગયો. આ બધાંને ઝીલવા પ્રયોગશીલ સાહિત્ય આવવું જોઈએ. સુજોની સાહિત્ય પ્રવૃત્તિના આ બધા મૂળ-આધારો રહ્યા છે. આવા વિલક્ષણ સર્જકને ઘડનારાં જીવનપરિબળો જાણવાનું ગમે. સુજોનો જન્મ 30-5-1921, વાલોડ (જિ. તાપી)માં થયો હતો. પિતા હરિપ્રસાદ જોશી નોકરી અર્થે મુંબઈ સ્થાયી થયેલા. મુંબઈની બધી રીતની સંકડામણો વચ્ચે સુજોને દાદા પાસે સોનગઢ (વ્યારા)માં ભણવા મૂકેલા. દાદા એ જ સ્કૂલમાં શિક્ષક-આચાર્ય-ગૃહપતિ! શાળામાં લાઈબ્રેરી હતી. સામયિકો ને પુસ્તકો વાંચવાનું સુલભ થયું. પ્રકૃતિ પરિવેશમાં રખડ્યા અને ઝાડ, પાનફૂલ, પંખીઓને ઓળખ્યાં. ઋતુઓના રંગો જોયા ને મૌન રહેતા દાદાના આઘાતો જાણ્યા. એમણે કાળજીથી મૂલ્યો સીંચ્યાં. 'જનાન્તિકે' સંચયના નિબંધો આ પરિસરનું પરિણામ છે. દાદા સાથે નવસારી ગયા. હાઈસ્કૂલનું ત્યાં ભણીને કોલેજ માટે મુંબઈ ગયા. મહાનગરનો પરિચય થવા સાથે વિશ્વસાહિત્યનું વાંચન કરવા મળે છે. 'ગ્રેટ વોલ ઓફ ચાઈના'એ સર્જન માટે નોખી દૃષ્ટિ આપી. મિત્રો મળ્યા. રવીન્દ્રનાથને વાંચવા બંગાળી શીખ્યા અને ટાગોરની કવિતા તથા એમના નિબંધોના અનુવાદો કર્યા. સાથે ભણતાં ઉષાબહેન સાથે લગ્ન કર્યું. એમ. એ. પછી કરાંચીની કોલેજમાં જોડાયા. ઉત્તમ ગ્રંથો વાંચી સમૃદ્ધ થયા. 1947માં આઝાદી મળતાં એ કરાંચી છોડીને નવા વસતા વલ્લભવિદ્યાનગરમાં

અધ્યાપક બન્યા. 1953થી સુજો મ. સ. યુનિ. વડોદરામાં જોડાય છે ને ત્યાં જ સ્થાયી થાય છે. સંવેદનાઓ હવે કથાવાર્તા, કવિતારૂપે પ્રગટે છે. આશરે હજાર જેટલા નિબંધો એમણે લખ્યા છે. પવન, અંધકાર, તાવ, ઊંઘ, ઘાસ, તડકો જેવા વિષયો પરના એમના નિબંધો ભાવકને વિસ્મિત કરે છે. સુજોમાં વિસ્મય અને વિદગ્ધતાનો સુમેળ છે. કાલિદાસ અને ટાગોરની સૃષ્ટિ અને દૃષ્ટિથી એ પ્રભાવિત છે. વિશ્વસાહિત્યના અભ્યાસથી એમની વિવેચકદૃષ્ટિ વધુ સમર્થ બની છે. ટૂંકી વાર્તામાં અને એના વિવેચનમાં એ પમાય છે. પ્રેમ કેટલો સહજ-સરળ ને સાચકલો હોય છે એ 'વરપ્રાપ્તિ' વાર્તામાં પમાશે. 'પદભ્રષ્ટ'માં સત્તા પદલાલસાનું સરસ સંગોપન છે. યંત્રયુગે પ્રકૃતિ પ્રેમ ગીત-સંગીત લઈ લીધાં એ વાત 'લોહનગર'માં ઝીલાઈ છે. સામાજિક વિષમતા 'એક મુલાકાત' વાર્તામાંથી વ્યંજિત થાય છે. 'છિન્નપત્ર', 'વિદુલા' ને 'મરણોત્તર' જેવી લઘુનવલો હજી પૂર્ણતઃ ઉકેલવી બાકી છે. કેટલાંક દીર્ઘ કાવ્યોમાં માણસ હોવાના થાકનું ને દાંભિક જીવનનું માર્મિક આલેખન છે. કથોપકથન, કિંચિત, કાવ્યચર્ચા, ગુજરાતી કવિતાનો આસ્વાદ, અરણ્યરુદન, ચિન્તયામિ મનસા- એમના વિવેચન ગ્રંથો છે. વડોદરા-ગુજરાત છોડીને સુજો ભાગ્યે જ બહાર ગયા છે. એ તો વાંચન-લેખન અને કલાચર્ચાઓમાં આજીવન ડૂબેલા રહ્યા હતા. સાહિત્ય જ એમનું એકમાત્ર મિશન હતું જાણે! દમ, શુગરની બીમારી હતી. 6-9-1986ની સાંજે સુજો નડિયાદની સાક્ષર ભૂમિ ખાતે, યુરોલોજિકલ હોસ્પિટલમાં, અહીં ગોવર્ધનરામમાં ભળી ગયા.▯

manilalpatel911@yahoo.com



# જીદ અને મનોબળના જોરે સર કર્યું માઉન્ટ એવરેસ્ટ

*-દર્શના વિસરીયા*



દૃઢ ઈચ્છાશક્તિના જોરે પ્રજ્ઞાચક્ષુ ઝેંગ હોંગે વિશ્વનું સૌથી ઊંચું શિખર સર કરીને સાબિત કરી દેખાડ્યું છે કે દુનિયામાં કંઈ પણ અશક્ય નથી...પંખ હોને સે કુછ નહીં હોતા, હૌસલોં સે ઉડાન હોતી હૈ... આ લાઈન ચીનના ક્લાઈમ્બર ઝેંગ હોંગને એકદમ પરફેક્ટ બંધ બેસતી આવે છે. હવે તમને થશે કે આખરે કોણ છે આ ઝેંગ હોંગ અને તેણે એવું તે શું કર્યું કે તેના વિશે અહીં વાત થઈ રહી છે. સોશિયલ મીડિયા પર ખોળશો તો ત્યાં પણ તમને ઝેંગ હોંગ છવાયેલો જોવા મળશે. ઝેંગ હોંગે માઉન્ટ એવરેસ્ટ સર કર્યું છે.

ઝેંગ હોંગે ૨૪મી મેના માઉન્ટ એવરેસ્ટ સર કર્યું હતું અને આવું કરનાર તે એશિયાનો પહેલો પ્રજ્ઞાચક્ષુ છે, જ્યારે દુનિયાનો ત્રીજો પ્રજ્ઞાચક્ષુ બની ચૂક્યો છે. ૨૭મી મેના ઝેંગ બેઝ કેમ્પ પર પાછો ફર્યો હતો. ઝેંગને જોઈને મનમાં એકાદ વખત તો ચોક્કસ જ થાય કે ખરેખર જો માણસ એક વખત મનમાં કંઈક કરવાનું નક્કી કરી લે તો પછી તેને કંઈ જ રોકી શકે એમ નથી. ઝેંગને મળ્યા અને સાંભળ્યા પછી આ વાતની ખાતરી થઈ જ જાય. ઝેંગનો જન્મ ચીનના ચોંગકિંગ શહેરમાં થયો હતો.

એક સ્થાનિક ન્યુઝ એજન્સી સાથે વાત કરતાં ૪૬ વર્ષીય ઝેંગ જણાવે છે કે ‘તમે ડિસેબલ હોવ કે નોર્મલ એનાથી કંઈ જ ફરક નથી પડતો, બસ જરૂર હોય છે દૃઢ મનોબળ અને ઈચ્છાશક્તિની. લોકોએ મને પણ કહ્યું હતું કે તું આ નહીં કરી શકે કે પછી આ તારા ગજાનું કામ નથી. પણ એનાથી કંઈ ફેર નથી પડતો, કારણ કે જુઓ આજે પરિણામ તો તમારી સામે જ છેને? આંખો ન હોવા છતાં મેં આખરે મારી ધારી મંઝિલ મેળવી જ લીધીને?’

વાત કરીએ ઝેંગની ડિસેબિલિટી વિશે તો ઝેંગ પહેલાંથી એવો નહોતો. ૨૦ વર્ષ સુધી તો તેની લાઈફમાં બધું સામાન્ય જ હતું, પરંતુ ગ્લુકોમાને કારણે તેણે ૨૧મા વર્ષે આંખો ગુમાવી દીધી હતી. શરૂઆતના દિવસોમાં તેને પણ મુશ્કેલી પડી, પરંતુ મનમાં ઊંડે ઊંડે કંઈક કરી દેખાડવાનો જુસ્સો તો હતો. આ મુશ્કેલીથી હિંમત હારી જવાને બદલે ઝેંગે તેની સામે લડી લેવાનું નક્કી કર્યું. એવામાં જ તેને અમેરિકાના એરિક વેઇનમેયર નામના પ્રજ્ઞાચક્ષુએ માઉન્ટ એવરેસ્ટ સર કર્યું હોવાનું જાણવા મળ્યું અને બસ મનમાં નક્કી કરી લીધું કે પોતે પણ એક દિવસ માઉન્ટ એવરેસ્ટ સર કરીને જ દેખાડશે. પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં પર્વતારોહક બનવાથી તેને કોઈ રોકી શક્યું નહીં અને પર્વતારોહક બનીને તેણે એ કરી દેખાડ્યું જે કરવાનું તમે કે હું વિચારી પણ ન શકીએ.

૨૦૨૧માં માઉન્ટ એવરેસ્ટ સર કરીને આવું કરનારો તે એશિયાનો પહેલો પ્રજ્ઞાચક્ષુ બની ચૂક્યો છે. માઉન્ટ એવરેસ્ટ સર કરવાનો હોય તો ટ્રેનિંગ તો લેવી પડેને બૉસ? પ્રોપર ટ્રેનિંગ વિના તો આ શક્ય જ નથી. આ ટ્રેનિંગના ઈન્ટરેસ્ટિંગ પાર્ટ વિશે વાત કરીએ તો ઝેંગને ટ્રેનિંગ તેના મિત્રએ આપી છે અને તેના આ મિત્રનું નામ છે કિયાંગ જી. ટ્રેનર અને શેરપાઓની મદદથી આખરે ઝેંગે એવરેસ્ટ સર કરી જ લીધું. પોતાના એવરેસ્ટ મિશન વિશે વાત કરતાં ઝેંગ જણાવે છે કે ‘૩૦મી માર્ચના હું નેપાળ પહોંચ્યો અને ત્રીજી એપ્રિલથી મેં

ચઢવાનું શરૂ કર્યું હતું. આખરે ૨૪મી મેના એવરેસ્ટ સર કરી લીધું અને ૨૭મી મેના હું બેઝ કેમ્પ પર પાછો ફર્યો. જ્યારે મેં આ મિશન પર જવાનું વિચાર્યું હતું ત્યારથી જ મને ખ્યાલ તો હતો કે આ બધું હું જેટલું વિચારું છું એટલું સરળ તો રહેવાનું નથી જ. ક્લાઈમ્બિંગનો અર્થ જ થાય છે મુશ્કેલી અને જોખમ. મેં માઉન્ટ એવરેસ્ટ ચઢવાનું શરૂ કર્યું ત્યારથી જ મુશ્કેલીઓની શરૂઆત થઈ ગઈ હતી. ઘણી વખત હું પડી જતો હતો, ઠોકરો વાગતી. એ બધાથી હારવાને બદલે તેની સામે લડી લેવાનું નક્કી કર્યું.'

મૂળ ચીનના ઝેંગે નેપાળથી જ કેમ માઉન્ટ એવરેસ્ટ સર કરવાનો નિર્ણય લીધો એ સવાલ થાય એ સ્વાભાવિક છે. તમને પણ આ સવાલ થયો જ હશેને, તો આ રહ્યો તમારા સવાલનો જવાબ. નેપાળની સરકારે દિવ્યાંગ લોકોને માઉન્ટ એવરેસ્ટ સર કરવાની પરવાનગી આપી હતી અને બસ આ ઝેંગભાઈ પહોંચી ગયા માઉન્ટ એવરેસ્ટ પર અને પોતાના ધાર્યા લક્ષ્યને હાંસિલ કરીને જ તેણે રાહતનો શ્વાસ લીધો. માઉન્ટ એવરેસ્ટ તો સર કરી લીધું, પણ હવે આગળ શું? વ્હૉટ ઈઝ નેક્સ્ટ. આ સવાલ જ્યારે ઝેંગને પૂછવામાં આવ્યો ત્યારે ઝેંગે જણાવ્યું કે 'મારું લક્ષ્ય તો દુનિયાના સાતેસાત હાઈએસ્ટ પીક સર કરવાનું છે. આજે હું અહીં બેસીને એરિકને યાદ કરું છું અને મનોમન આભાર માનું છું, કારણ કે તેના કારણે જ મેં માઉન્ટ એવરેસ્ટ સર કરવાનું સપનું જોયું અને આખરે એ સપનાને સાકાર કરીને દેખાડ્યું.' ઝેંગ તિબેટની જ એક હોસ્પિટલમાં કામ કરે છે અને પોતાની પત્ની સાથે ત્યાં રહે પણ છે. ચોક્કસ જ ઝેંગ તેની દ્રઢ ઈચ્છાશક્તિ અને સ્ટ્રોન્ગ વિલ પાવરના જોરે તેનાં આ બધાં લક્ષ્યને હાંસિલ કરી જ લેશે. આપણે પણ તેને એ માટે શુભેચ્છા પાઠવીએ અને તેની પાસેથી પ્રેરણા લઈએ કે જીવનમાં આવનારાં નાનાં-મોટાં દુ:ખો કે મુશ્કેલીઓથી ડરી કે હારી જવાને બદલે તેનો સામનો કરીને જીવનમાં આગળ વધીએ.

### *ઉંમર તો સિર્ફ નંબર હૈ...*

એક તરફ બ્લાઈન્ડ ઝેંગે માઉન્ટ એવરેસ્ટ સર કરીને એક નવો વિક્રમ રચ્યો છે, ત્યાં શિકાગોના ૭૫ વર્ષના એક નિવૃત્ત વકીલ આર્થર મૂઈરે પણ એક નવો જ વિક્રમ રચ્યો છે અને આ વિક્રમ એટલે સૌથી મોટી ઉંમરે એવરેસ્ટ સર કરવાનો રેકોર્ડ. આવું કરીને માઉન્ટ એવરેસ્ટ સર કરનારા આર્થર અમેરિકાની સૌથી મોટી ઉંમરની વ્યક્તિ બની ચૂક્યા છે. તેમણે અમેરિકાના જ બિલ બુર્કેનો રેકોર્ડ બ્રેક કર્યો હતો. બિલ બુર્કેએ ૬૭ વર્ષની ઉંમરે માઉન્ટ એવરેસ્ટ સર કર્યું હતું.

### *હમ કિસી સે કમ નહીં*

બ્લાઈન્ડ હોવા છતાં માઉન્ટ એવરેસ્ટ સર કરનાર ઝેંગ એ પહેલો પર્વતારોહી નથી. ઝેંગની પહેલાં પણ બે વ્યક્તિએ આ સાહસ કરી દેખાડ્યું છે. આ બંને વ્યક્તિ છે અમેરિકાનો એરિક વેઇનમેયર અને ઓસ્ટ્રિયાનો એન્ડી હોલ્ઝ. આ બંનેએ માઉન્ટ એવરેસ્ટ સર કરીને સાબિત કરી આપ્યું છે કે જો દૃઢ મનોબળ હોય તો દુનિયામાં કોઈ પણ કામ એવું નથી કે જે તમે ન કરી શકો. એરિક વેઇનમેયર અને એન્ડી હોલ્ઝે પણ પોતાની જીદ,દૃઢ ઈચ્છાશક્તિથી મુશ્કેલ અને અશક્ય લાગતું કામ કરી દેખાડ્યું છે.



# કેટલું કોરોના વિરોધી રસીના બે ડોઝ વચ્ચે અંતર યોગ્ય? વિશ્વના વૈજ્ઞાનિક શું કહે છે?



રસીકરણ વિષેના રાષ્ટ્રીય તકનીકી સલાહકાર જૂથે કોવિશિલ્ડ રસીના બે ડોઝ વચ્ચે અંતર વધારીને 12 થી 16 અઠવાડિયા સુધી કરવાની ભલામણ કરી. એ પછી સરકારે એના વિષે અમલ કરીને કોવિન સાઇટ પર એના માટે જરૂરી તકનીકી ફેરફાર પણ કરી દીધા.

આશ્ચર્યની વાત એ છે કે આ નિર્ણયના આગલા દિવસે જ બ્રિટન સરકારે ભારતીય કોવિડ વેરિએન્ટ બી.1.617ના વધતા કેસને ટાંકીને પોતાને ત્યાં રસીના બે ડોઝ વચ્ચેનું અંતર 12 અઠવાડિયાથી ઘટાડીને 8 અઠવાડિયા કરી દીધું. હકીકતમાં બે ડોઝ વચ્ચે અંતર કેટલું હોવું જોઇએ ?

ભારતીયોમાં એવી પ્રબળ માન્યતા છે કે ભારત સરકાર, રસીના બે ડોઝ વચ્ચેના સમયગાળામાં ફેરફાર વૈજ્ઞાનિક તર્કના આધારે નહિ, પરંતુ રસીનો જથ્થો ઉપલબ્ધ નહિ હોવાથી કરી રહી છે. આની પાછળનું એક કારણ એ પણ છે કે મોટા ભાગના વિશેષજ્ઞો અને રિસર્ચનો અભિપ્રાય એવો છે કે બે ડોઝ વચ્ચે 12 અઠવાડિયાનું અંતર રાખવાથી રસીની ક્ષમતા 80 ટકાથી વધુ રહેશે. જો કે ભારત સરકારે 12 થી 16 અઠવાડિયાનું અંતર રાખ્યું છે.

અમેરિકાના મેડિકલ એક્સ્પર્ટ અને વ્હાઇટ હાઉસના મેડિકલ સલાહકાર ડો. ફાઉસીએ એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું કે ભારત પાસે જ્યારે રસીનો પૂરતો જથ્થો નથી ત્યારે બે ડોઝ વચ્ચેનું અંતર વધારીને મહત્તમ લોકોને ઓછામાં ઓછો એક ડોઝ આપવો એ તાર્કિક છે. આમ કરવાથી રસીની કાર્યક્ષમતા પર નકારાત્મક અસર થશે નહિ, એમ એમણે ઉમેર્યું.

જાણીતા મેડિકલ જર્નલ લૈન્સેટના અભ્યાસ મુજબ કોવિશિલ્ડ રસીની કાર્યક્ષમતા 6 અઠવાડિયાના અંતરના સ્થાને 3 માસના અંતરમાં વધુ હોય છે. જ્યારે બે ડોઝ વચ્ચે છ અઠવાડિયાનું અંતર રાખવામાં આવ્યું તો કોવિશિલ્ડ રસીની કાર્યક્ષમતા 55.1 ટકા હતી, જ્યારે 12 અઠવાડિયાનું અંતર રાખવામાં આવતાં એ વધીને 81.3 ટકા થઇ.

ભારતના રસીસંબંધી રાષ્ટ્રીય તકનીકી સલાહકાર જૂથે બે ડોઝ વચ્ચે અંતર વધારવા માટે ઉપરોક્ત સ્ટડીની મદદ પણ લીધી છે. જો કે લૈન્સેટે પણ મહત્તમ 12 અઠવાડિયાનું અંતર રાખવા ભલામણ કરી છે, 16 અઠવાડિયાનું નહિ.



વિશ્વ આરોગ્ય સંસ્થા (હૂ)ના મુખ્ય વૈજ્ઞાનિક ડો. સૌમ્યા સ્વામીનાથનના મતે, રસીકરણના કેટલાક આંકડા દર્શાવે છે કે બીજો ડોઝ, 12 અઠવાડિયાના અંતર પછી લેવાથી વધુ ઇમ્યુનિટી મળે છે.

યુરોપિયન યુનિયનના દેશોમાં એસ્ટ્રેજનેકા રસીના બે ડોઝ વચ્ચે 12 અઠવાડિયા, સ્પેનમાં 16 તથા ઇંગ્લેન્ડમાં 8 અઠવાડિયાનું અંતર રાખવામાં આવે છે.

# વ્હેલના મોંમાં જઈને જીવતો બહાર આવ્યો





કહેવાય છે ને કે ભગવાન જેની મદદ કરે છે, તેનું મોત પણ કઈ બગાડી શકે તેમ નથી. આવું જ કંઈક અમેરિકાની એક વ્યક્તિની સાથે થયું. આ વ્યક્તિ વ્હેલના મોંમાં જઈને જીવતો બહાર આવ્યો. તે લગભગ 30 સેંકડ સુધી વ્હેલના મોંની અંદર રહ્યો. ડેલી મેલના રિપોર્ટ અનુસાર, તેને થોડી ઈજા થઈ છે, જેના કારણે તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

આ ઘટના અમેરિકાના મેસેચ્યુસેટ્સની છે. આ વ્યક્તિનું નામ માઈકલ પેકર્ડ છે. માઈકલની ઉંમર 56 વર્ષની છે. તે મોતને માત આપીને વ્હેલના મોંમાંથી પાછો આવ્યો. માઈકલ પેકર્ડ એક લૉબસ્ટર ડ્રાઈવર છે. તે છેલ્લા 40 વર્ષથી આ કામ કરે છે. માઈકલ અલગ અલગ પ્રકારના સમુદ્રમાંથી જીવો પકડીને માર્કેટમાં વેચે છે.

### વ્હેલ માછલીએ માઈકલને દબોચી લીધો

દરરોજની જેમ શુક્રવારે સવારે પણ માઈકલ હેરિંગ કોવ બીચ પર ગયો હતો. તેણે જણાવ્યું કે, તે દિવસે તે સમુદ્રમાં તરતા સમયે 35 ફૂટ ઊંડે જતો રહ્યો હતો. આ દરમિયાન તેને વ્હેલે દબોચી લીધો હતો. માઈકલે જણાવ્યું કે, અચાનક મને એક આંચકો લાગ્યો. ત્યારબાદ તેની આંખોની સામે અંધારું છવાઈ ગયું. તે હલી પણ નહોતો શકતો, પણ શું કરવું તે સમજમાં નહોતું આવી રહ્યું.

### મોત મારી નજર સામે હતું


માઈકલે જણાવ્યું કે, પહેલા તો તેને લાગ્યું કે, શાર્કે તેના પર હુમલો કર્યો છે. પરંતુ પછીથી લાગ્યું કે તે શાર્કના મોંમાં નથી કેમ કે તેના શરીરમાં કોઈ દાંત નહોંતા અને કોઈપણ જાતની ઈજા પણ નહોતી થઈ. તેને ખબર હતી કે તે બહાર નહીં નીકળી શકે. ત્યારે તેને પોતાની પત્ની અને 12-14 વર્ષના બાળકો વિશે વિચાર્યું. બાદમાં હિંમત હાર્યા વગર વ્હેલના મોંમાંથી બહાર આવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. વ્હેલ પોતાનું માથું હલાવવા લાગી. એકદમ તેને અજવાળું દેખાયું અને બીજી જ ક્ષણે હું સમુદ્રમાં હતો. તેને મને સમુદ્રની બહાર ફેંકી દીધો હતો. લગભગ 30 સેંકડ સુધી વ્હેલના મોંમાં રહ્યો હતો. મને વિશ્વાસ નથી થઈ રહ્યો કે હું કેવી રીતે બહાર આવ્યો.



### ઘટનાની જાણકારી અધિકારીઓને કરવામાં આવી

માઈકલના મિત્ર જોશિય્યાહ મેયોએ તેને સમુદ્રમાંથી બહાર કાઢ્યો, જે તેની નાવ પર સવાર હતો. મેયોએ જણાવ્યું કે, અચાનક જ નાવની સામે પાણીનો મોટો ફૂગ્ગો ફૂટ્યો, જેની સાથે માઈકલ પેકાર્ડ પણ બહાર આવી ગયો. માઈકલને પાણીમાંથી બહાર કાઢ્યા બાદ સમુદ્ર કિનારે લાવવામાં આવ્યો, જ્યાં ઘટનાની જાણકારી અધિકારીઓને કરવામાં આવી. પ્રોવિન્સટાઉન ફાયર ડિપાર્ટમેન્ટે બાદમાં આ ઘટનાની પુષ્ટિ કરતા જણાવ્યું કે, માઈકલને પગમાં ઈજા થઈ છે. માઈકલે જણાવ્યું કે, તેનો પગ તૂટી ગયો છે, પરંતુ ડૉક્ટર્સે જણાવ્યું કે, તેને થોડી ઈજા થઈ છે જે જલ્દી મટી જશે.

# દુનિયામાં પ્રથમ વખત કોઈ ગીધને કૃત્રિમ પગ લગાવાયો




અત્યાર સુધી તમે માણસમાં કૃત્રિમ પગના ઈન્સ્ટોલેશન વિશે સાંભળ્યું હશે હવે ટેક્નોલોજી એટલી એડવાન્સ બની છે કે ગીધને પણ કૃત્રિમ પગનો સહારો આપવો શક્ય બન્યું છે. આ દુનિયાનો પ્રથમ કેસ છે. માદા ગીધ 'મિયા'ને ઘાયલ હાલતમાં ઓસ્ટ્રિયાના આઉલ એન્ડ બર્ડ ઓફ પ્રે સેન્ચુરીમાં લવાઈ હતી. સેન્ચુરીમાં ડૉક્ટર્સની ટીમે તેને કૃત્રિમ પગ આપી નવું જીવન આપ્યું છે. મિયાને ખાસ પ્રકારનો પ્રોસ્થેટિક લેગ લગાવવામાં આવ્યો છે. હવે તે સામાન્ય ગીધની જેમ ઉડી શકે છે. સંપૂર્ણ રીતે રિકવર થયા બાદ તેને છોડવામાં આવશે.

**ગીધ જેવા પક્ષીનો કૃત્રિમપગ બનાવવો મુશ્કેલ કામ**

મેડિકલ યુનિવર્સિટી ઓફ વિએનાના એક્સપર્ટે મિયા માટે સ્થાયી કૃત્રિમ પગ બનાવ્યો છે. એક્સપર્ટ કહે છે કે નાનકડી ચકલીમાં કૃત્રિમ પગ લગાવી તે સર્વાઈવ કરે તે સરળ હોય છે. કારણ કે આવા પક્ષીઓનું વજન ખુબ ઓછું હોય છે. ગીધના કૃત્રિમ પગ બનાવતી વખતે વધારે સાવચેતી રાખવી પડે છે કારણ કે ગીધે પોતાના શરીર સાથે પગનો પણ ભાર સહન કરવાનો હોય છે.

**આ રીતે સર્જરી થઈ**

મિયાની સર્જરી કરનારા ડૉક્ટર્સના ગ્રુપ લીડર પ્રોફેસર ઓસ્કર અજમાન આ પહેલાં દિવ્યાંગો માટે કૃત્રિમ હાથ તૈયાર કરી ચૂક્યા છે. ડૉક્ટર્સના જણાવ્યા પ્રમાણે, કૃત્રિમ પગને ગીધના પગના હાડકાં સાથે કનેક્ટ કરવામાં આવ્યો. સર્જરીના ૩ અઠવાડિયાં પછી મિયા ચાલવાના પ્રયત્ન કરવા લાગી. આશરે 6 અઠવાડિયાં પછી તે શરીર સાથે પગનું વજન સહન કરવા માટે લાયક બની. હાલ તે હરવા ફરવા અને ઉડવા લાયક બની છે.

પગનો એક્સ-રે કરી સ્થિતિ સમજવામાં આવી

સર્જરી પછી માદા ગીધ કેટલી સ્વસ્થ હતી અને તેના પગ કેટલા મજબૂત હતા તે જાણવા પગનો એક્સ રે લેવામાં આવ્યો. પ્રોફેસર ઓસ્કરનું કહેવું છે કે આ પ્રક્રિયાને ઓસ્સેઓપરેશન કહેવાય છે. તેની મદદથી મિયા સામાન્ય ગીધની જેમ ચાલી શકશે અને ભોજન લઈ શકશે. આવું પ્રથમ વખત છે જ્યારે કોઈ ગીધને કૃત્રિમ પગ લગાવાયો હોય.

4 અઠવાડિયાં પછી ડેમેજ સ્કિન રિપેર થવા લાગી

સાયન્ટિફિક જર્નલમાં પ્રકાશિત થયેલાં રિપોર્ટ પ્રમાણે, સર્જરી પછી ગીધને એન્ટિબાયોટિક્સ દવા આપવામાં આવી. આશરે 4 અઠવાડિયાં પછી ધીરે ધીરે ડેમેજ થયેલી સ્કિન રિપેર થવા લાગી. ડૉક્ટર્સનું કહેવું છે કે બ્રીડિંગ લાયક બની ગયા બાદ તેને ફરી જંગલમાં છોડવામાં આવશે.

